સુવિચાર
આપણા વિચાર બીજાને વિચારતા કરી દે એવા હોવા જોઈએ...!!

samaymirror@gmail.com

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)
RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

અગમ નિગમ અને અધ્યાત્મ પૂર્તિ

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-142 ■ DATE : 3-4-2025 ■ THURSDAY ■ Page-10 ■ ચૈત્ર સુદ ૬, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# ઐતિહાસિક વક્ફ સંશોધન બિલ લોકસભામાં પાસ

## TDP, JDU અને LJP (R)નું બિલને સમર્થન

## બપોરે 12 વાગ્યાથી રાત્રે 12:20 વાગ્યા સુધી ચર્ચા ચાલી

## બિલની તરફેણમાં 288 અને વિરુદ્ધમાં 232 મત પડયા

**સમય મિરર । નવી દિલ્હી**

બુધવારે બપોરે ૧૨ કલાકે લોકસભામાં શરૂ થયેલી વકફ સુધારણા બિલની ચર્ચા માટે રાત્રે ૮ વાગ્યા સુધીનો સમય ફાળવવામાં આવ્યો હતો. જો કે વિપક્ષોએ ચર્ચામાં ભાગ લેવા દરમ્યાન સમય વધારવાની માંગ કરતા તેમજ તમામ સાંસદોએ ફાળવેલા સમય કરતા વધુ સમય લેતા ચર્ચા માટે રાત્રે ૧૦ વાગ્યા સુધીનો સમય વધારી આપવામાં આવ્યો હતો. જો કે રાત્રે ૧૦ વાગ્યે વકફ સંશોધન બિલ પર મતદાન થવાના બદલે મોડી રાત્રે ૧ વાગ્યા બાદ મતદાન થયું હતું. બિલ પર ચર્ચા ખૂબ લાંબી ચાલી હતી અને મોડી રાત્રે ૧૨:૧૮ મિનિટે ધ્વનિ મતદાન બાદ વોટિંગ મશીન દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. રાત્રે ૧ વાગ્યેને ૧ મિનિટે સ્લીપ દ્વારા પણ પુનઃ વોટિંગ થયું હતું. જેમાં વકફ સંશોધન બિલ બહુમતથી પાસ થયું હતું.

ભાજપના ૨૪૦, TDP ૧૬, JDU ૧૨, શિવસેના ૦૭, LJP ૦૫ અને અન્યના ૧૬ મતો સમર્થનમાં ઓનપેપર હતા.જ્યારે ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો કોંગ્રેસ ૯૯, SP ૩૭, TMC ૨૮, DMK ૨૨, શિવસેના (ઉધ્ધવ) ૦૯ અને અન્ય ૪૦ મતો વિરોધમાં મતદાન કરવાના હતા. જો કે કુલ ૫૪૨ સભ્ય સંખ્યા ધરાવતા લોકસભા ગૃહમાં ૫૨૦ સાંસદો મોડી રાત સુધી હાજર હોવાનું નોંધાયું હતું.

દિવસ દરમ્યાન ચર્ચામાં ભાગ લીધા પછી એ.આઇ.એમ આઈ.એમ.ના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી પોતાનો પક્ષ રજૂ કરવા ઊભા થયા હતા. ઓવૈસીએ આંકડાઓ, પુરાવાઓ સાથે તાકિક દલીલ કરીને વકફ સુધારણા બિલ અંગે સરકાર શું કહે છે અને શું છુપાવે છે એની વિસ્તૃત જાણકારી આપી ભાજપ અને તેના સાથી પક્ષોને આડેહાથ લીધા હતા. જો કે વોટિંગ દરમ્યાન ઓવૈસીએ રજૂ કરેલા સંશોધનનો બહુમત સાંસદો દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો. જો કે રીજ્જુનું સંશોધન પાસ થયું હતું. પહેલા સંશોધનના (સરકારના) સમર્થનમાં ૨૮૮ અને વિરોધમાં ૨૩૨ વોટ પડ્યા હતા. આમ કુલ ૫૪૨ સભ્યોના ગૃહમાં કુલ ૫૨૦ વોટ પડ્યા હતા. બીજી તરફ વિપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા સંશોધન માટે ૨૪૩ સાંસદોએ તેનો અસ્વીકાર કર્યો હતો જ્યારે ૧૯૬ વિપક્ષી સાંસદોએ યસમાં વોટ આપી તેનો સ્વીકાર કર્યો હતો. આમ વિપક્ષે રજૂ કરેલા સંશોધનને બહુમતીથી ફગાવી દેવામાં આવ્યું હતું.



ભાજપ સાથે બિલના સમર્થનમાં શિવસેના, ટી. ડી.પી., જે.ડી.યુ., એલ.જે.પી (આર), હમ, આર.એલ.ડી., જનસેના, જે.ડી.એસ અને અપનાદલ પાર્ટી રહી હતી. જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ સાથે એસ.પી., ટી.એમ.સી., આર.જે.ડી., એ.આઇ.એમ.આઇ. એમ, આપ, ડી.એમ.કે, શિવસેના (યુ.બી.ટી), એન.સી.પી (એસ.પી) અને જે એમ.એમ પાર્ટીએ બિલના વિરોધમાં મતદાન કર્યું હતું.

કિરેન રિજિજુએ બુધવારે લોકસભામાં વકફ સંશોધન બિલ ૨૦૨૪ રજૂ કર્યું. બિલ પર ૮ કલાકની ચર્ચા સવારે ૧૨ વાગ્યે શરૂ થઈ. આ બિલ દ્વારા, વક્ફ બોર્ડની મિલકતોને કાયદાકીય દાયરામાં લાવવાનો પ્રસ્તાવ છે.

આ બિલને કેન્દ્ર સરકારમાં સામેલ ટીડીપી અને જેડીયુએ સમર્થન આપ્યું હતું. JDU સાંસદ લલન સિંહે કહ્યું- રિજિજુનું ભલુ થાય, જેમણે સંસદને વકફ પ્રોપર્ટી બનતા બચાવી લીધી. ગૃહમાં બિલ પર ચર્ચા દરમિયાન વિપક્ષ અને સરકારી નેતાઓ વચ્ચે ઉગ્ર ચર્ચા જોવા મળી લોકસભામાં બિલ રજૂ થતાં જ વિપક્ષે વાંધો ઉઠાવવાનું શરૂ કરી દીધું, જેના પર ગૃહમંત્રી અમિત શાહ ઉભા થયા અને કહ્યું કે કોંગ્રેસ સમિતિઓ ફક્ત બિલ પર સ્ટેમ્પ લગાવતી હતી. વક્ફ બિલની રજૂઆત સાથે NDA અને ઇન્ડિયા એલાયન્સ વચ્ચે અનેક બેઠકો થઈ. એક તરફ, ભારત ગઠબંધનના ઘટક પક્ષોની બેઠક યોજાઈ હતી, તો બીજી તરફ, NDAની બેઠક પણ યોજાઈ હતી. દરેક પાર્ટીના નેતાઓએ પોતાના મંતવ્યો રજુ કયા હતાં.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ આ બિલ સામે પોતાનો સખત વાંધો વ્યક્ત કર્યો હતો. AIMPLBના પ્રવક્તા ડો. સૈયદ કાસિમ રસૂલ ઇલ્યાસે બિલની નિંદા કરી અને કહ્યું, 'જો આ બિલ સંસદમાં પસાર થશે, તો અમે તેની સામે દેશવ્યાપી આંદોલન શરૂ કરીશું.' અમે ચૂપ નહીં બેસીએ. અમે અમારી પાસે ઉપલબ્ધ તમામ કાનૂની અને બંધારણીય જોગવાઈઓનો ઉપયોગ કરીશું. જ્યાં સુધી સૂચિત સુધારા પાછા ખેંચવામાં ન આવે ત્યાં સુધી અમે શાંતિપૂર્ણ આંદોલન કરીશું. આ બિલ ભેદભાવપૂર્ણ અને સાંપ્રદાયિક રીતે પ્રેરિત છે. શિવસેના ઉદ્ધવ જૂથના સાંસદ અરવિંદ સાવંતે કહ્યું- તમે બિન-મુસ્લિમ સભ્યોને વકફ બોર્ડમાં લાવી રહ્યા છો. મંદિરોના બોર્ડ પર તમે બિન-હિન્દુને લાવશો એવો ડર છે. જો આમ કરવામાં આવશે તો અમે તેનો વિરોધ કરીશું. મંદિરો પાસે હજારો એકર જમીન છે, તેમની જમીન વેચાઈ રહી છે. શું તમે તેની સામે પણ કાયદો લાવશો? પછી ખબર પડશે કે તમે કેટલા સેક્યુલર છો.

જેડીયુના સાંસદ અને કેન્દ્ર સરકારમાં પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે કહ્યું કે, 'આ બિલ મુસ્લિમ વિરોધી છે તેવો નેરેટિવ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ બિલ કોઈપણ રીતે મુસ્લિમ વિરોધી નથી. શું વક્ફ મુસ્લિમ સંસ્થા છે? વકફ કોઈ ધાર્મિક સંસ્થા નથી, તે એક ટ્રસ્ટ છે, જે મુસ્લિમોના કલ્યાણ માટે કામ કરે છે. તે ટ્રસ્ટને તમામ વર્ગના લોકો સાથે ન્યાય કરવાનો અધિકાર હોવો જોઈએ જે થઈ રહ્યું નથી.

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના સાંસદ કૃષ્ણ પ્રસાદ ટેનેટ્ટીએ વકફ બિલ પર ૧૫ મિનિટ સુધી વાત કરી. તેમણે કહ્યું, 'વક્ફ પાસે ૧.૨ લાખ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે. આ મિલકતો ગેરવહીવટનો શિકાર છે. અમારી પાર્ટીનું માનવું છે કે આ સંપત્તિનો ઉપયોગ મુસ્લિમો અને મહિલાઓના કલ્યાણ માટે થવો જોઈએ. અમે માનીએ છીએ કે આમાં સુધારો થવો જોઈએ.

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ કરશે દેશવ્યાપી આંદોલન

સંસદમાં આજે વકફ ખરડો રજુ થયો છે અને બહુમતીથી પસાર થઈ ગયો છે ત્યારે ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડ દ્વારા એવુ જાહેર કરાયુ છે કે અમે શાંત નહીં બેસીએ અને રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રવકતા ડો. સૈયદ કાસિમ રસિલ ઈલિયાસે કહ્યું કે, વિધેયક સામે કાનૂની-બંધારણીય અધિકારોનો ઉપયોગ કરવામાં આવશે. આ વિધેયક ભેદભાવપૂર્ણ અને સાંપ્રદાયિક છે. સમિતિના વિપક્ષી સભ્યોના અભિપ્રાયોને ગણતરીમાં લેવાયા નથી. દેશભરમાં શાંતિપૂર્વક આંદોલન કરાશે.

## મોદી સરકાર સત્તામાં ન હોત તો વકફે સંસદ ભવન પર પણ દાવો કર્યો હોત : કિરણ રિજ્જુ

બુધવારે લોકસભામાં વક્ફ (સંશોધન) બિલ ૨૦૨૪ રજૂ કરવામાં આવ્યું ત્યારે સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ ચોંકાવનારું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, ''જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સત્તામાં ન આવી હોત તો જે સંસદ ભવનમાં આપણે બેઠા છીએ તે પણ વક્ફની મિલકત તરીકે દાવો કરવામાં આવ્યું હોત.'' બિલ રજૂ કરતાં રિજિજુએ જણાવ્યું કે, ''૧૯૭૦થી દિલ્હીમાં એક કેસ ચાલી રહ્યો છે, જેમાં CGO કોમ્પ્લેક્સ અને સંસદ ભવન સહિત અનેક મિલકતો પર દિલ્હી વક્ફ બોર્ડે દાવો કર્યો હતો. UPA સરકારે ૧૨૩ મિલકતો ડિ-નોટિફાઈ કરીને વક્ફ બોર્ડને સોંપી દીધી હતી. આ સંશોધન ન આવ્યું હોત તો સંસદ ભવન પણ વક્ફની મિલકત ગણાત.

## યુ.પી.માં મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં સુરક્ષા વધારાઈ

વક્ફ સુધારા બિલને લઈને યુપીના ઘણા જિલ્લાઓમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મથુરા, આગ્રા અને લખનૌમાં, ખાસ કરીને મિશ્ર વસ્તીવાળા વિસ્તારોમાં પોલીસ દળને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. આના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં તકેદારી વધી ગઈ. બીજી તરફ, ડીજીપીના આદેશ બાદ, તમામ પોલીસકર્મીઓની રજાઓ પણ રદ કરવામાં આવી છે. ખાસ કરીને મિશ્ર વસ્તીવાળા વિસ્તારોમાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. દેગ ગેટ, મતિયા ગેટ, ભરતપુર ગેટ, ચોક બજાર, દરેસી રોડ પર પોલીસ ફોર્સ પેટ્રોલિંગ કરી રહયું છે. લખનૌમાં ૧૧ સંવેદનશીલ સ્થળોએ પોલીસે દેખરેખ વધારી દીધી છે. બધી જગ્યાઓ જૂના લખનૌમાં છે. વિધાન ભવનની આસપાસ ખાસ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જૂના લખનૌમાં સતખંડા, રૂમી ગેટ અને ચોક સહિત અનેક સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. આગ્રામાં જામા મસ્જિદની આસપાસ પોલીસ અને પીએસી તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસે ઘણી જગ્યાએ અવરોધો ઉભા કર્યા છે. સવારથી જ પોલીસે ઘણી જગ્યાએ ફ્લેગ માર્ચ કરી હતી. ડ્રોન દ્વારા તમામ વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવી રહયું છે. કોઈપણ જગ્યાએ ચારથી વધુ લોકો એકસાથે ઊભા રહેવા પર પ્રતિબંધ છે. પોલીસ સોશિયલ મીડિયા પર પણ ખાસ નજર રાખશે.

## સુફી સંગઠનો કાયદાકીય સુધારાઓને સમર્થન

સૂફી સંગઠનોએ પ્રસ્તાપિત કાયદાકીય સુધારાઓને સમર્થન આપ્યું છે. આ બિલને ઓલ ઈન્ડીયા સૂફી સજજાદનશીન કાઉન્સીલના અધ્યક્ષ અને અજમેરના ૧૩મી સદીના ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહના આધ્યાત્મિક વડાના પુત્ર સૈયદ નસીરૂદ્દીન ચિશ્તીનું સમર્થન મળ્યું છે. ચિશ્તીએ કહયું, હું માનુ છું કે આ બિલ વકફ ટ્રસ્ટના સંચાલનમાં પારદર્શિતા લાવશે અને ટ્રસ્ટના વહીવટને મજબૂત બનાવશે. સૂફી ઈસ્લામિક બોર્ડે કહયું કે આ સંશોધનથી આવી અમર્યાદિત શકિતઓનો અંત આવશે.

## શાહિનબાગથી દેશવ્યાપી આંદોલન કરવા AIMIMની ચિમકી

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) એ દેશવ્યાપી આંદોલન શરૂ કરવાની વાત કહી છે. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ શોએબ જમઈએ કહ્યું છે કે જો બિલને બળજબરીપૂર્વક મુસ્લિમો પર થોપવાનો પ્રયત્ન થયો તો દેશવ્યાપી આંદોલન થશે અને તેની શરૂઆત દિલ્હીથી થશે. તેમણે સંભવતઃ શાહીનબાગ તરફ ઈશારો કરતાં કહ્યું કે 'આંદોલન ત્યાં જ શરૂ થશે જ્યાં ખતમ થયું હતું.' અમે પોતાના લોકતાંત્રિક અધિકારોનો ઉપયોગ કરીશું અને બંધારણમાં લઘુમતીઓને આપવામાં આવેલા અધિકાર પર હુમલો સહન કરીશું નહીં.' ભારતીય સરકારને તેલુગુદેશમ પાર્ટી (તેદેપા), જનતા દળ-યુનાઈટેડ (જદયુ), શિવસેના અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) નો પણ સાથ મળ્યો છે, જ્યારે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળ તેના વિરોધમાં છે.

# ઈસ્લામિક સરકાર અને શરિયા કાનુન માટે કટ્ટરપંથીઓનો ખુલ્લો પડકાર

## બાંગ્લાદેશમાં ઈસ્લામનું અપમાન કરનારાને સરકાર મૃત્યુ દંડ નહીં આપે તો અમે મારી નાંખીશું

**સમય મિરર । નવી દિલ્હી**

ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થી આંદોલન પછી બાંગ્લાદેશમાં ભૂતપૂર્વ પીએમ શેખ હસીનાને સત્તા પરથી દૂર કરવામાં મદદ કરનારા ઇસ્લામિક કટ્ટરપંથીઓ હવે તેમના વાસ્તવિક હેતુ તરફ પાછા ફર્યા છે.

મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારની અવગણના વચ્ચે ઇસ્લામિક કટ્ટરપંથીઓ ફરીથી સક્રિય થયા છે. હસીના સરકારે આના પર પ્રતિબંધ મૂક્યો હતો. તેઓ બાંગ્લાદેશને વધુ ક્રાંતિકારી દિશામાં ધકેલવાનું કામ કરી રહ્યા છે.

એક શહેરના ધાર્મિક કટ્ટરપંથીઓએ જાહેર કર્યું કે યુવતીઓ હવે ફૂટબોલ રમી શકશે નહીં. બીજા એક શહેરમાં તેમણે પોલીસને એક પુરુષને મુક્ત કરવા દબાણ કર્યું જેણે એક મહિલાને જાહેરમાં વાળ ન ઢાંકવા બદલ હેરાન કરી હતી અને પછી તેને ફૂલોનો હાર પહેરાવ્યો. બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં એક રેલીમાં કટ્ટરપંથી વિરોધીઓએ ચેતવણી આપી હતી કે જો સરકાર ઈસ્લામનું અપમાન કરનાર કોઈપણ વ્યક્તિને મૃત્યુદંડ નહીં આપે તો તેઓ તેને પોતાના હાથે મારી નાખશે. નવા બંધારણનો મુસદ્દો તૈયાર કરી રહેલા વિવિધ રાજકીય પક્ષોના અધિકારીઓએ સ્વીકાર્યું કે આ દસ્તાવેજ બાંગ્લાદેશના એક વ્યાખ્યાયિત લક્ષણ તરીકે ધર્મનિરપેક્ષતાને દૂર કરશે. તેના સ્થાને બહુવચનવાદ સ્થાપિત થશે બાંગ્લાદેશમાં હસીનાની સરકારના પતન પછી, ટોળાએ રાત્રે દેશભરમાં અહમદિયા મુસ્લિમ સંપ્રદાયના પૂજા સ્થળો પર હુમલો કર્યો. અહમદિયા સમુદાય હજુ પણ ભયમાં જીવે છે. તેમના પ્રાર્થના ખંડોમાં હાજરી લગભગ અડધી થઈ ગઈ છે. કટ્ટરપંથીઓની મનમાનીથી સૌથી વધુ દુઃખી વિદ્યાર્થિનીઓ છે, જેમણે હસીનાને સત્તા પરથી દૂર કરવાના આંદોલનને ટેકો આપ્યો હતો. તેણીને આશા હતી કે એક પક્ષીય શાસન લોકશાહી મુક્તતાની વ્યવસ્થા દ્વારા બદલવામાં આવશે, પરંતુ હવે તેઓ છેતરાયા હોય તેવો અનુભવ કરી રહી છે. ઢાકા યુનિવર્સિટીની ૨૯ વર્ષીય વિદ્યાર્થિની શેખ તસ્નીમ અફરોઝ અમીએ કહ્યું,'અમે વિરોધ પ્રદર્શનોમાં સૌથી આગળ હતા. અમે રસ્તા પર અમારા ભાઈઓનું રક્ષણ કર્યું. હવે, ૫-૬ મહિના પછી આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે' બાંગ્લાદેશના અર્થતંત્રમાં મહિલાઓનું મહત્વનું સ્થાન છે. દેશના કાર્યબળમાં મહિલાઓનો હિસ્સો ૩૭% છે, જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. મહિલા કામદારોને ડર છે કે જો ૧૫ વર્ષ પછી ઉગ્રવાદી શક્તિઓ સત્તામાં આવશે તો તેમના માટે પડકારો વધશે.

# LOC પર ભારતીય સેનાએ 5 પાકિસ્તાની ઘુસણખોરોને ઠાર માર્યા

**સમય મિરર । શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) પર સેનાએ ૫ પાકિસ્તાની ઘુસણખોરોને ઠાર માર્યા. જોકે, આ અંગે સેના તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ ઘટના પૂંછમાં નિયંત્રણ રેખા (LoC) પર કૃષ્ણા ઘાટી સેક્ટરના આગળના વિસ્તારમાં બની હતી.

LoC નજીક આવેલા વિસ્તારમાં ૩ માઈન બ્લાસ્ટ થયા હતા અને પાકિસ્તાન તરફથી પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ દરમિયાન આતંકવાદીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય સેનાએ ગોળીબાર કરીને જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં ૪ થી ૫ ઘુસણખોરો માર્યા ગયા હતા.

ગોળીબાર અને વિસ્ફોટ અંગે સેનાએ કહ્યુંઃ ૧ એપ્રિલના રોજ, પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પારથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. આના કારણે કૃષ્ણા ઘાટી સેક્ટરમાં માઈન બ્લાસ્ટ થયો. પાકિસ્તાની સેનાએ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો અને યુદ્ધવિરામનો ભંગ કર્યો.

સેનાએ કહ્યુ - અમારા જવાનોએ ગોળીબારનો જવાબ આપ્યો. પરિસ્થિતિ કાબુમાં છે અને તેના પર નજર રાખવામાં આવી રહી છે. ભારતીય સેનાએ LoC પર શાંતિ જાળવવા માટે વર્ષ ૨૦૨૧ ના DGSMO કરારને જાળવી રાખવાની અપીલ કરી છે.

આ દરમિયાન, કઠુઆમાં બે આતંકવાદીઓની શોધમાં સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે. રાજૌરી જિલ્લાના સુંદરબનીના સિયા બદરાઈ વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવી રહ્યુ છે. આ વિસ્તાર સરહદને અડીને આવેલો છે. જૂન ૨૦૨૪ માં, આતંકવાદીઓએ અહીં શિવ ખોરીથી પરત ફરી રહેલી બસ પર હુમલો કર્યો હતો.

# શિક્ષણ બાદ હેલ્થ વિભાગના 10 હજાર કર્મચારીઓની છટણી કરવા ટ્રમ્પની તૈયારી

**સમય મિરર । નવી દિલ્હી**

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસિસ (HHS) એ મોટા પાયે કર્મચારીઓની છટણી કરવાનું શરૂ કર્યું છે. કર્મચારીઓને મંગળવારે બરતરફીની નોટિસ મળવા લાગી. એવી અટકળો છે કે ટ્રમ્પ સરકાર ૧૦,૦૦૦ લોકોને નોકરીમાંથી કાઢી શકે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ (HHS)ની છટણીની યોજનાઓમાં હાઈ-પ્રોફાઈલ ફેડરલ એજન્સીઓ જેમ કે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA), સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) નો સમાવેશ થાય છે.

આ છટણી કરીને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉદ્યોગપતિ ઈલોન મસ્કની ફેડરલ સરકાર ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) દ્વારા ખર્ચમાં ઘટાડો કરે છે. આરોગ્ય સચિવ રોબર્ટ એફ. કેનેડી જુનિયરે ગયા અઠવાડિયે હેલ્થ ડિપાર્ટમેન્ટમાં છટણીની જાહેરાત કરી હતી અને કહ્યુ હતું કે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી કરવામાં આવશે અને VRS દ્વારા આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની સંખ્યા ૮૨,૦૦૦ થી ઘટાડીને ૬૨,૦૦૦ કરવામાં આવશે. જે એજન્સીઓને અસર થશે તેમાં

ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) - ૩,૫૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે સેન્ટર ફોર ડિસીઝ




કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) - ૨,૪૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) - ૧,૨૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે સેન્ટર્સ ફોર મેડિકેર એન્ડ મેડિકેડ સર્વિસિસ (CMS) ૩૦૦ નોકરીઓ જતી રહેશે.

ઘણા નિષ્ણાતો અને નેતાઓએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. સેનેટર પેટી મરેએ જણાવ્યું હતું કે, મોટા પાયે છટણી કુદરતી આફતો દરમિયાન ચેપી રોગ નિવારણ અને આરોગ્ય સેવાઓ પર નકારાત્મક અસર કરશે. તેમણે કહ્યું કે આ નિર્ણયથી HHSનું નામ બદલીને 'ડિપાર્ટમેન્ટ ઓફ ડિસીઝ' રાખવામાં આવવું જોઈએ, કારણ કે તે અમેરિકાની સ્વાસ્થ્ય સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# બિહારના લેડી સિંઘમ કામ્યા મિશ્રા ૨૨ની ઉંમરે IPS બન્યા, ૨૮ની વયે રાજીનામું આપ્યું



**પટના :** બિહાર કેડરના આઈપીએસ અધિકારી કામ્યા મિશ્રાએ રાજીનામું આપી દીધું છે. કહેવામાં આવી રહ્યું છે કે પારિવારિક કારણોસર કામ્યા મિશ્રાએ ગયા વર્ષે ઓગસ્ટમાં રાજીનામું આપ્યું હતું. આ પછી તે લાંબા વેકેશન પર ગઈ હતી. હવે તેમનું રાજીનામું રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધું છે. તે મૂળ ઓડિશાના વતની છે. કામ્યા મિશ્રાનું રાજીનામું આ દિવસોમાં ચર્ચામાં છે. કારણ કે તે માત્ર ૨૮ વર્ષની છે. તેણે માત્ર ૨૨ વર્ષની ઉંમરે સિવિલ સર્વિસમાં પ્રવેશ મેળવ્યો હતો. અગાઉ તાજેતરમાં બિહારના ભડકાઉ IPS અધિકારી શિવદીપ લાંડેએ પણ રાજીનામું આપ્યું હતું. કામ્યા મિશ્રાએ ૨૦૧૯માં UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરી હતી. તેણે દેશમાં ૧૭૨મો રેન્ક મેળવ્યો હતો. તેણે દિલ્હી યુનિવર્સિટીની પ્રખ્યાત લેડી શ્રી રામ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે. શરૂઆતમાં કામ્યાને હિમાચલ કેડર મળી હતી. જોકે, બાદમાં તેમની બિહાર કેડરમાં બદલી કરવામાં આવી હતી. કામ્યા મિશ્રાના પતિ અવધેશ સરોજ પણ આઈપીએસ ઓફિસર છે. સરોજ ૨૦૨૨ બેચની બિહાર કેડરના પોલીસ ઓફિસર છે. બંનેના લગ્ન રાજસ્થાનના ઉદયપુરમાં થયા હતા. બંનેના લગ્ન ચર્ચામાં રહ્યા હતા. કામ્યા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને સમયાંતરે ફોટો અને વીડિયો શેર કરતી રહે છે. કામ્યા મિશ્રાએ પોતાના કાર્યકાળ દરમિયાન ઘણું નામ કમાવ્યું હતું. તેનું કામ જોઈને લોકો તેને 'લેડી સિંઘમ' કહેવા લાગ્યા હતા.

# ઓડિશામાં વાવાઝોડાનું-રાજસ્થાન ગુજરાતમાં હીટવેવનું એલર્ટ

**નવી દિલ્હી :** હવામાન વિભાગે હિટવેવની મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત ૧૧ રાજ્યોમાં વરસાદ, કરા અને વાવાઝોડાનું એલર્ટ આપ્યું છે. ગુજરાત અને રાજસ્થાનમાં ચેતવણી આપવામાં આવી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પણ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓડિશાના ૧૫ જિલ્લાઓમાં વાવાઝોડાનું યલો એલર્ટ આપ્યું છે. આ દરમિયાન પવન ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે. રાજ્યમાં ૭ એપ્રિલ સુધી આવું જ હવામાન રહેશે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતા ઝોજીલા પાસ પર એક મહિનાથી બંધ રહેલો શ્રીનગર-લેહ NH1 ફરીથી ખોલવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ૩૩ દિવસ સુધી બંધ રહ્યો, જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં આ સૌથી ઓછા દિવસો છે. આ તરફ, મધ્યપ્રદેશના ૮ જિલ્લાઓમાં કરા પડવાનું એલર્ટ છે. તેમજ, ભોપાલ-જબલપુરમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે. ૩ એપ્રિલે પણ ૬ જિલ્લામાં વરસાદની શક્યતા છે. ૩ એપ્રિલ - ઓડિશા, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી, કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં વરસાદ, આંધી અને વાવાઝોડાની સ્થિતિ ચાલુ રહેશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા, ઝારખંડમાં કરા પડી શકે છે. ૪ એપ્રિલ આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરીમાં ભારે વરસાદ પડી શકે છે. તેલંગાણા, કર્ણાટક, ઝારખંડ અને ઓડિશામાં કરા પડી શકે છે.

# સિનિયર સિટીઝન, સ્ટુડન્ટ્સ અને ડિફેન્સકર્મીઓ ફ્લાઈટમાં ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટના હક્કદાર

**નવી દિલ્હી :** ફ્લાઈટમાં લાખો લોકો દરરોજ મુસાફરી કરે છે. કેટલાક લોકો સમય બચાવવા માટે પ્લેનમાં મુસાફરી કરવાનું પણ પસંદ કરે છે. ફ્લાઈટની મુસાફરી સમય બચાવે છે અને આરામદાયક પણ છે. જોકે ફ્લાઈટનું ભાડું બસ અને ટ્રેનના ભાડા કરતાં વધારે છે, પરંતુ કેટલાક લોકોને તેના પર ડિસ્કાઉન્ટ પણ મળે છે. આ યાદીમાં પહેલું નામ સિનિયર સિટીઝન છે, જેમને ફ્લાઈટ ભાડામાં ડિસ્કાઉન્ટ મળે છે. રેલવેની જેમ, એરલાઇન કંપનીઓ પણ વૃદ્ધોને ભાડામાં ડિસ્કાઉન્ટ આપે છે. જોકે, દરેક એરલાઇન કંપનીની આમાં અલગ નીતિ હોય છે, જેમ કે એર ઇન્ડિયા ૨૫% સુધીનું ડિસ્કાઉન્ટ આપે છે. ઈન્ડિગો ૬% સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરે છે અને એર ઇન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એર પણ ડિસ્કાઉન્ટ ઓફર કરે છે, પરંતુ તે નિશ્ચિત નથી અને સમય સાથે બદલાઈ શકે છે. ડિફેન્સ કર્માચારીઓને ફ્લાઈટ ભાડામાં મોટુ ડિસ્કાઉન્ટ મળે છે. જો ડિફેન્સ કર્મચારીઓ ઇન્ડિગો એરલાઈન્સ પાસેથી ડોમેસ્ટિક ફ્લાઈટ ટિકિટ બુક કરાવવા માંગતા હોય, તો તેમને ૫૦% સુધી ડિસ્કાઉન્ટ આપવાની જોગવાઈ છે. ઈન્ડિગો ઉપરાંત, તેમને અન્ય ફ્લાઈટ્સ પર પણ સારું ડિસ્કાઉન્ટ મળે છે જે સમયાંતરે બદલાતી રહે છે. સિનિયર સિટીઝન્સ અને ડિફેન્સ કર્મચારીઓ ઉપરાંત, વિદ્યાર્થીઓને પણ ફ્લાઈટ ભાડામાં ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને ફ્લાઈટ્સમાં ડિસ્કાઉન્ટની જોગવાઈ છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે, ભાડામાં આપવામાં આવતી છૂટ સમયાંતરે બદલાતી રહે છે. આ માટે, તેમની પાસે દસ્તાવેજો હોવા જરૂરી છે. ફ્લાઈટમાં ડિફેન્સ, વૃદ્ધ અને સ્ટૂડન્ટ ડિસ્કાઉન્ટ મેળવવા માટે, તમારે એરલાઈનની ઓફિશિયલ વેબસાઈટ પર જઈને બુકિંગ દરમિયાન સંબંધિત કેટેગરી (જેમ કે ડિફેન્સ આઈડી, સિનિયર સિટીઝન પ્રૂફ અથવા સ્ટૂડન્ટ આઈડી) પસંદ કરવાની રહેશે અને જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરીને ડિસ્કાઉન્ટ કોડ અથવા ઓફર લાગુ કરવાનું રહેશે, જોકે દરેક એરલાઈનની પોલિસી અલગ હોઈ શકે છે તેથી તેમના નિયમો તપાસવા જરૂરી છે.

## ઉતાવળે

- બેટમેન અને ટોપગન સહિતની સુપરહીટ ફિલ્મોના અભિનેતા ૬૫ વર્ષીય વેલ કીલ્મરનું નિધન : કેન્સર સામેનો જંગ હાર્યા
- મુંબઈના સિધ્ધી વિનાયક મંદિરને એક વર્ષમાં ૧૩૩ કરોડનું દાન : ગત વર્ષ કરતા ૧૫ ટકાનો વધારો
- ચીનને ડિલીવરી માટે બનાવેલા ૫૦ બોઈંગ હવે એર ઈન્ડિયાને મળશે : ચીને ડિલિવરી શેડ્યુલ પાછું ઠેલવા કરેલી વિનંતી બાદ એર ઈન્ડિયાને લોટરી લાગી
- ગુજરાતના દરિયાકિનારે આવવાની સંભાવના ધરાવતું ૨૫૦૦ કિલો ડ્રગ્સ નૌકાદળે હિંદ મહાસાગરમાંથી ઝડપ્યું
- દેશભરના હાઈ-વે એક્સપ્રેસ-વે પર ટોલ ટેક્સમાં ૫ ટકાનો વધારો થતાં મુસાફરી મોંઘી બની

# લોનની અરજી નામંજુર થતાં કર્ણાટકના ૬ શખ્સોએ બેંકમાંથી ૧૭ કિલો સોનું લૂંટ્યું

## મની હાઈસ્ટ સિરીઝથી આઈડિયા આવ્યો, પછી યુ-ટ્યુબ વીડિયો જોઈ પ્લાન બનાવ્યો

**સમય મિરર | બેંગ્લુરુ**

કર્ણાટકના દાવણગેરે જિલ્લાના એક વ્યક્તિએ લોન ન મળતાં બેંકમાંથી ૧૭ કિલો સોનું લૂંટી લીધું. પોલીસે જણાવ્યું હતું કે ચોરીનો મુખ્ય આરોપી વિજયકુમાર (૩૦ વર્ષ) આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. તેણે ઓગસ્ટ ૨૦૨૩માં જઈઈ બેંકમાં ૧૫ લાખ રૂપિયાની લોન માટે અરજી કરી હતી, પરંતુ તેની અરજી નામંજૂર કરવામાં આવી હતી. આનાથી ગુસ્સે થઈને તેણે બેંકમાંથી ૧૩ કરોડ રૂપિયાનું સોનું લૂંટી લીધું.

પોલીસે જણાવ્યું કે આરોપી વિજયકુમારને ચોરીનો વિચાર સ્પેનિશ ક્રાઈમ ડ્રામા સીરીઝ 'મની હાઈસ્ટ' પરથી આવ્યો હતો. આ પછી, તેણે યુટ્યુબ વીડિયો જોઈને ૬-૯ મહિનામાં બેંક લૂંટવાનો પ્લાન ઘડ્યો. બેંક લૂંટવામાં, તેણે તેના ભાઈ અજયકુમાર, બનેવી પરમાનંદ અને અન્ય ત્રણ સાથીઓ અભિષેક, ચંદ્રુ અને મંજુનાથની પણ મદદ લીધી. હાલમાં પોલીસે તમામ ૬ આરોપીઓની ધરપકડ કરી છે.



બેંક લૂંટ માટે પ્લાન ઘડ્યો, ઘણી વખત બેન્કની રેકી કરી પોલીસે જણાવ્યું કે આરોપી વિજય કુમારે તેના પાંચ સાથીઓ સાથે મળીને ઘણા મહિનાઓથી બેંક લૂંટવાનો પ્લાન ઘડ્યો હતો. વિજયકુમાર અને ચંદ્રુએ ઘણી વખત બેંકની રેકી કરી. તેઓએ રાત્રે નિર્જન ખેતરોમાંથી બેંકમાં જવા માટે એક મોકડ્રીલ કરી.


આ પછી ગેંગ બારીમાંથી બેંકમાં ઘૂસી. સાયલન્ટ હાઈડ્રોલિક આયર્ન કટર અને ગેસ કટરના સાધનોનો ઉપયોગ કરીને બેંક લોકર્સ તોડવામાં આવ્યા હતા. કોઈએ ફોનનો ઉપયોગ કર્યો ન હતો. તેઓ સીસીટીવીનું ડિજિટલ વીડિયો રેકોર્ડર (DVR) પણ લઈ ગયા. જેથી પોલીસને કોઈ કડી મળે નહીં.

વિજયકુમારે સુરક્ષા બેરિયર કાપવા માટે ઉપયોગમાં લેવાતા ઓક્સિજન સિલિન્ડરોના સીરીયલ નંબરો પણ ભૂંસી નાખ્યા. આ ટોળકીએ સ્ટ્રોંગ રૂમ અને મેનેજરની કેબિન સહિત સમગ્ર બેંકમાં મરચાંનો પાવડર ફેલાવ્યો હતો, જેથી પોલીસને તપાસ કરવામાં મુશ્કેલી પડે. ચોરી બાદ, ગેંગે ચોરેલું સોનું વેચવાનું શરૂ કર્યું. આમાંથી મળેલા પૈસાનું બિઝનેસ અને ઘર ખરીદવા માટે રોકાણ કરવામાં આવ્યું હતું. અહીં, પોલીસ તપાસ ટીમે નવેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે ગુજરાત, રાજસ્થાન, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન, પોલીસે તમિલનાડુનું એક નેટવર્ક શોધી કાઢ્યું, જે સ્થાનિક લોકોના સહયોગથી કામ કરી રહ્યું હતું. આની મદદથી પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી. આ પછી, પોલીસે તમિલનાડુના મદુરાઈ જિલ્લાના ઉસીલમપટ્ટી વિસ્તારમાં ચોરાયેલા સોનાને શોધવા માટે એક મોટી કાર્યવાહી શરૂ કરી. આ દરમિયાન, નિષ્ણાત તરવૈયાઓની મદદથી, પોલીસ ટીમે ૩૦ ફૂટ ઊંડા કૂવામાંથી એક લોકર શોધી કાઢ્યું, જેમાં લગભગ ૧૫ કિલો સોનું છુપાયેલું હતું. પોલીસે જણાવ્યું કે આરોપી વિજયકુમારે લોકરને કૂવામાં છુપાવવાનો પ્લાન બનાવ્યો હતો. ૨ વર્ષ પછી તેને કાઢવાનો પ્લાન કર્યો હતો, જેથી કોઈને શંકા ન થાય. હાલમાં પોલીસે બધુ સોનું જપ્ત કરી લીધું છે.

# છત્તીસગઢના પૂર્વ CM ભૂપેશ બઘેલને CBIએ ૬ હજાર કરોડના કૌભાંડમાં આરોપી બનાવ્યા

**સમય મિરર | રાયપુર**

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલની મુશ્કેલીઓ સતત વધતી જઈ રહી છે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશને મહાદેવ એપ કૌભાંડમાં તેમને આરોપી બનાવાયા છે. ૬૦૦૦ કરોડના ઓનલાઇન સટ્ટા કૌભાંડથી જોડાયેલા કેસમાં સીબીઆઇએ બઘેલનું નામ એફઆઇઆરમાં સામેલ કર્યું છે. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે જ્યારે એક અઠવાડિયા પહેલા એજન્સીએ ચાર રાજ્યોમાં ૬૦ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. જેમાં બઘેલનું આવાસ, અમુક અમલદાર અને પોલીસ અધિકારીઓના ઘર સામેલ હતા.




FIRમાં કહેવામાં આવ્યું છે કે મહાદેવ બુક એપના માલિકોએ પોલીસ અધિકારીઓ, વહીવટી અધિકારીઓ અને પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓને પ્રોટેક્શન મની તરીકે મોટી રકમ આપી. જેથી તેમની ગેરકાયદે પ્રવૃત્તિઓ વિરુદ્ધ એક્શન લેવામાં ન આવે. આ રૂપિયા હવાલા દ્વારા પોલીસ અને તંત્રના અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતા હતા અને પછી વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓ સુધી પહોંચાડતા હતા. આ રીતે ઘણા પોલીસ અને તંત્રના અધિકારીઓએ પોતાને ફાયદો પહોંચાડવા માટે પોતાના પદનો દુરુપયોગ કર્યો. એજન્સીએ ૧૮ ડિસેમ્બર ૨૦૨૪એ આ મામલે એફઆઇઆર નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે ઈડી મહાદેવ એપથી જોડાયેલા મની લોન્ડરિંગ મામલાની તપાસ કરી રહી છે. જેનો ખુલાસો રાજ્યમાં છેલ્લી કોંગ્રેસ સરકાર દરમિયાન થયો હતો. ઈડીએ પહેલા પણ રાજ્યમાં આ મામલે ઘણા દરોડા પાડ્યા હતા અને ગેરકાયદેસર સટ્ટાબાજી અને ગેમિંગ એપના બે મુખ્ય પ્રમોટર્સ સૌરભ ચંદ્રાકાર અને રવિ ઉપ્પલ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.

મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનાવવામાં આવી હતી. તેની પર યુઝર્સ પોકર જેવા કાર્ડ ગેમ્સ અને અન્ય ગેમ રમી શકતાં હતાં. આ એપ દ્વારા ક્રિકેટ, ફુટબોલ, બેડમિન્ટન, ટેનિસ, જેવી રમતોમાં સટ્ટાબાજી પણ કરવામાં આવતી હતી. તેની શરૂઆત ૨૦૧૯એ છત્તીસગઢના ભિલાઈના રહેવાસી સૌરભ ચંદ્રાકારે કરી હતી.

તાજેતરમાં જ ઈડીએ કથિત દારૂ કૌભાંડ મામલે બઘેલના આવાસ પર દરોડા પાડ્યા હતા. રાજ્ય સરકારે ગયા વર્ષે સીબીઆઈને કથિત મહાદેવ કૌભાંડથી સંબંધિત વિભિન્ન પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૭૦ કેસ અને રાજ્યમાં ઈઓડબ્લ્યૂ માં નોંધાયેલો એક કેસ સોંપ્યો હતો.


# ભારત-દુબઈ વચ્ચે અંડરવોટર ટ્રેન દોડશે મુંબઈથી દુબઈ માત્ર ૨ કલાકમાં પહોંચાશે

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત અને દુબઈ વચ્ચેની મુસાફરીમાં એક નવો અને રોમાંચક યાત્રા પ્રોજેક્ટ આગળ વધે છે, જેમાં મુસાફરો દરિયાની નીચે ટ્રેનમાં સવાર થઈને પોતાની મંજીલ સુધી પહોંચે છે. આ પ્રોજેક્ટ આકર્ષક અને અનોખો છે, કેમ કે તેમાં પાણીની અંદર ટુ-વે મેટ્રો નેટવર્ક બનાવવાની યોજના છે.

આ ટ્રેનની વિશેષતા તેની ગતિ છે, જે ૬૦૦ થી ૧૦૦૦ કિમી/કલાક સુધીની હોઈ શકે છે. આ ગતિની સાથે, મુંબઈથી દુબઈની સફર માત્ર ૨ કલાકમાં પૂર્ણ થઈ શકે છે, જ્યારે હાલની હવાઈ મુસાફરીમાં ૩-૪ કલાકનો સમય લાગે છે. આ ટ્રેનનો ઉપયોગ માત્ર મુસાફરી માટે નહિ પરંતુ ક્રૂડ ઓઈલ અને અન્ય માલ સહિતનું ઝડપથી પરિવહન કરવામાં પણ થઈ શકે છે. જેનાથી ભારત અને દુબઈ વચ્ચેના વેપાર અને આર્થિક સહયોગમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. આ પ્રોજેક્ટથી ભારત અને દુબઈ વચ્ચેનો આર્થિક સંબંધ મજબૂત બનશે.

ટ્રેન માર્ગ દ્વારા બંને દેશો વચ્ચે વધતા વેપાર, પરિવહન અને આર્થિક સહયોગ માટે નવો માર્ગ ખુલશે. હવાઈ મુસાફરી કરતાં સસ્તો, સુખદ અને ઝડપી વિકલ્પ બનશે. અનેક ટેકનિકલ અને



એન્જિનિયરિંગ પડકારોનો સામનો કરશે. એવી અપેક્ષા છે કે આના માટે અબજો ડોલરનો ખર્ચ આવશે. ત્યાં સુધી, ટ્રેન માટેના યોગ્ય મલ્ટી-મોડલને વ્યવસ્થિત રીતે વિકસાવવું અને દરિયાની નીચે ચોક્કસ અવકાશમાં તેની મુસાફરી માટે સારો ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવો પડશે. જો આ બધું યોગ્ય રીતે થયુ તો આ પ્રોજેક્ટ ૨૦૩૦ સુધીમાં પૂર્ણ થઈ શકે છે. આ પ્રોજેક્ટ હજુ મંજૂરીની પ્રક્રિયામાં છે, પરંતુ એવી અપેક્ષા છે કે આ યાત્રા આગામી ૫-૧૦ વર્ષોમાં શરૂ થઈ શકે છે. જો આ યોજના સફળ થઈ અને કાર્યક્ષમ રીતે અમલમાં આવ્યું તો મુસાફરો માટે આ એક અનોખો અને રોમાંચક અનુભવ બની રહેશે.

# બુલડોઝર એક્શન દરમિયાન તૂટતી ઝૂંપડીમાંથી પુસ્તકો સાથે દોડતી બાળકી જોઈ સુપ્રીમકોર્ટ ચોંકી

**સમય મિરર | નવી દિલ્હી**

તાજેતરમાં સોશ્યલ મિડિયા પર એક વિડીયો વાયરલ થયો હતો જેમાં બુલડોઝર કાર્યવાહી દરમ્યાન એક બાળકી તેની તૂટતી ઝુપડીમાંથી પાઠય પુસ્તકો બચાવીને ભાગતી જોવા મળે છે.

આ વિડીયોએ સૌ કોઈના હૃદય ખળભળાવી મુકયા છે.ત્યાં સુધી કે સુપ્રિમ કોર્ટે પણ આ વિડીયોનો ઉલ્લેખ કરવો પડયો છે. જેમાં યુપીમાં અતિક્રમણ વિરૂદ્ધ ચાલતા અભિયાનમાં આ બાળકીની ઝુંપડી તોડી પાડવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે આ વિડીયોએ બધાને ચોંકાવી દીધા છે.

જસ્ટીસ અભય એસ.ઓકા અને ઉજજવલ ભુઈયાની પીઠે પ્રયાગરાજમાં ગેરકાયદે બનાવવામાં આવેલ ઝુંપડીને તોડી પાડવાનાં મામલામાં સુનાવણી દરમ્યાન આંબેડકર નગરનાં જલાલપુરથી વાયરલ વિડીયોનો ઉલ્લેખ કર્યો હતો. જસ્ટીસ ભુઈયાએ મૌખિક રૂપે કહ્યું કે હાલમાં જ એક વિડીયો બહાર આવ્યો છે. જેમાં બુલડોઝરથી નાની નાની ઝુંપડીઓ તોડી પાડવામાં આવી રહી છે.

આ દરમ્યાન એક નાની છોકરી પોતાનાં હાથમાં પાઠય પુસ્તકો લઈને તોડી પડાયેલી ઝુંપડીમાંથી ભાગી રહી છે. વીડીયોમાં અતિક્રમણ વિરોધી અભિયાન દરમ્યાન બુલડોઝરને પણ ઝડપથી ચાલતુ દર્શાવાયું છે.જેની તીખી આલોચના વિપક્ષે કરી છે.

આલોચના બાદ પોલીસ આ કાર્યવાહીનો બચાવ કર્યો હતો કહ્યું હતું-જલાલપુર તહસીલદારની અદાલતનાં આદેશ બાદ જમીનથી અતિક્રમણ હટાવવા માટે આ કાર્યવાહી કરાઈ હતી. બિન આવાસીય દબાણો હટાવવા પહેલા અનેક નોટીસ આપવામાં આવી હતી.

# બિહાર ફરી કબ્જે કરવા શાહની બ્લુપ્રિન્ટ તૈયાર : ટાર્ગેટ ૨૨૫ બેઠક

## લાલુ યાદવના કુટુંબને કેજરીવાલની માફક ભ્રષ્ટાચારના શસ્ત્રથી મહાત કરવાની તૈયારી

**સમય મિરર | નવી દિલ્હી**

આગામી સમયમાં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણી માટે કેન્દ્રીય ગૃહમંત્રી તથા ભાજપના ચાણકય અમીત શાહે બે દિવસ પટણામાં રોકાઈને રાજયમાં ચુંટણી જીતવા માટેનું પ્રારંભીક પ્લાનીંગ પુરુ કર્યુ છે અને હવે આગામી સમયમાં જનતાદળ (યુ) સાથે બેઠક વહેંચણી સહિતના મુદે વધુ એક રાઉન્ડ યોજાશે અને આગામી ત્રણ માસનું ટાસ્ક સ્થાનિક નેતાઓને સોંપતા આવ્યા છે અને હવે તેમાં બિહારના પ્રભારી તરીકે હાલમાં જ મહારાષ્ટ્ર સહિતના રાજયમાં ભાજપને જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર ભુપેન્દ્ર યાદવને હવે બિહારની જવાબદારી સોંપવામાં આવી છે.

અમીત શાહે બુથ સ્તર પર ભાજપની બેઠકોનું આયોજન શરુ કરી દેવા અને મતદાતાઓનું સ્કેનીંગ કરીને છેલ્લી બે ચુંટણીમાં જે કાંઈ મતોની વહેંચણી થઈ છે તેની બુથ સુધીના આંકડાઓ તૈયાર કરવા જણાવ્યુ છે.



અગાઉ મહારાષ્ટ્રમાં ભાજપે આ જ ફોર્મ્યુલા અમલમાં મુકી હતી અને બુથ સ્તરેથી જ ભાજપ અને તેના સાથી જનતાદળ (યુ)ના મત વધે અને અન્ય સાથી પક્ષ લોકજનતાંત્રીક પાર્ટીને પણ આ કામગીરીમાં સામેલ થવા જણાવ્યું છે. શાહે ફકત જનતાદળ (યુ)ના સંગઠન પર આધાર નહી રાખવા પક્ષના નેતાઓને સ્પષ્ટ સૂચના આપી દીધી છે અને દાવો કર્યો કે જો આપણે માઈક્રો મેનેજમેન્ટ કરશું તો ૨૪૩માંથી ૨૨૫ બેઠકો સુધી આપણે વિજય વાવટો ફરકાવી શકીએ તેમ છીએ. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ આ તમામ પ્લાનીંગ પર મોનેટરીંગની કામગીરી કેન્દ્રીય મંત્રી અને ગુજરાત સહિતના રાજયમાં પ્રભારી રહી ચુકેલા ભુપેન્દ્ર યાદવને હવે બિહારની જવાબદારી સોંપી છે.યાદવ અગાઉ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધી બિહારના પ્રભારી રહી ચૂકયા છે અને તેથી તેઓ માટે આ કામગીરી વધુ સરળ હશે. આ ઉપરાંત ભાજપે હાલ તો નિતીશકુમારના નેતૃત્વ હેઠળ અને એકંદરે વડાપ્રધાન મોદીના ચહેરા પર ચુંટણી લડવાનો નિર્ણય લીધો છે પણ સાથોસાથ જનતાદળ (યુ) કયાં નબળુ છે અને લાલુપ્રસાદ યાદવનો રાષ્ટ્રીય જનતાદળ (આરજેડી) કયાં મજબૂત છે તે પણ બ્લુપ્રિન્ટ તૈયાર કરવા જણાવ્યું છે. ખાસ કરીને બિહારમાં યાદવ મતદારો પર લાલુપ્રસાદ યાદવનો મોટો અંકુશ છે પણ ભાજપે હવે યાદવ વોટબેન્કમાં ગાબડા પાડવાની રણનીતિ બનાવી છે. વકફ સહિતના કાનૂન છતાં ફકત ધર્મના આધારે મતની વહેંચણી ન થાય તે જોવા માટે પણ રણનીતિ ઘડી કાઢી છે. ભાજપે દિલ્હીની માફક જ ભ્રષ્ટાચારને મોટો મુદો બનાવવાની તૈયારી કરી છે.


લાલુપ્રસાદ યાદવ તથા તેના કુટુંબીજનોના જે ભ્રષ્ટાચાર છે તેને પણ ખુલ્લો કરાશે. ખાસ કરીને ચારા ઘોટાડામાં બિહાર સરકારે હવે લાલુપ્રસાદ યાદવના કુટુંબ પાસેથી વસુલાતનો તખ્તો પણ તૈયાર કર્યો છે જેથી કરીને લોકોને એક એવો સંદેશ જશે કે યાદવ કુટુંબ માટે મત આપવા એ ભ્રષ્ટાચારીને મત આપવા જેવું ગણાય છે. બિહારમાં મુખ્ય વિપક્ષ રાષ્ટ્રીય જનતાદળ અને કોંગ્રેસનું ગઠબંધન સંયુક્ત રીતે લડશે પણ પ્રથમ વખત કોંગ્રેસ પક્ષે હવે પોતાની રણનીતિ બનાવી છે અને તેથી જ હાલમાં જ દલિત નેતા રાજેશકુમારને પ્રદેશ અધ્યક્ષ બનાવાયા જે નિતીશકુમારનો મુકાબલો કરી શકશે તો બીજી તરફ કનૈયાકુમારને પણ રાજયની જવાબદારી સોંપી છે અને કનૈયાકુમારે બિહારમાં પલાયન રોકો નોકરી દો તેવી યાત્રા પણ શરુ કરી છે.

## ૧૦ ગામદીઠ એક ડિવિઝન બનાવીને ઘેર ઘેર કટ્ટર હિંદુ બનાવવાનું કાર્ય શરૂ

# સનાતન ધર્મને મજબૂત કરવા ધીરેન્દ્ર શાસ્ત્રીના 'હિંદુ ક્રાંતિ અભિયાન'નો પ્રારંભ

**સમય મિરર | છત્તરપુર**

છતરપુર સ્થિત બાગેશ્વર ધામના વડા ધીરેન્દ્ર શાસ્ત્રીએ દેશભરમાં હિંદુ ક્રાંતિ અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. મંગળવારે એક વીડિયોમાં તેમણે કહ્યું કે ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવતા પહેલા, દરેક ઘર અને ગામમાં કટ્ટર હિન્દુ બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે. આ અભિયાન એપ્રિલ મહિનાથી શરૂ કરવામાં આવશે જેના માટે બાગેશ્વર ધામથી ટીમો રવાના કરવામાં આવી છે. મંગળવારે, પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ એક વીડિયો શેર કર્યો અને ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે હિન્દુ ક્રાંતિ અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોમાં તેમણે કહ્યું કે સનાતન ધર્મને મજબૂત કરવા માટે હિન્દુ રાષ્ટ્ર અભિયાનની રચના કરવામાં આવી રહી છે, જે મુજબ દરેક ઘર અને ગામમાં કટ્ટર હિન્દુઓ બનાવવાનું કાર્ય શરૂ કરવામાં આવશે. આ કાર્યને સંપૂર્ણપણે સફળ બનાવવા માટે, ટીમો બાગેશ્વર ધામથી રવાના થઈ ગઈ છે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ પોતાના હિન્દુ રાષ્ટ્ર અભિયાનની વિગતવાર સમજૂતી આપતા કહ્યું કે જ્યાં વરસાદ નથી પડતો ત્યાં પાક બગડે છે, તેવી જ રીતે જ્યાં સનાતન મૂલ્યો પહોંચતા નથી ત્યાં પેઢીઓ બગડે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ અભિયાન હેઠળ, દરેક ગામમાં એક પ્રભારીની પસંદગી કરવામાં આવશે જે વિભાગીય પ્રભારી સાથે સંકળાયેલા રહેશે. ૧૦ ગામોને જોડીને એક વિભાગ બનાવવામાં આવશે, જે જિલ્લા પ્રમુખ સાથે જોડાયેલ હશે. નિયુક્ત કરાયેલા તમામ પ્રભારીઓએ બાગેશ્વર ધામમાં આવીને વાત કરવાની રહેશે, આ સાથે, મંડળને સક્રિય રાખવા માટે ત્યાં કથાઓનું પણ આયોજન કરવામાં આવશે.



ગામમાં રચાયેલા મંડળમાં કોઈપણ જ્ઞાતિના લોકો જોડાઈ શકે છે, અહીં જોડાવા માટે કોઈપણ પ્રકારની ફી કે દાન લેવામાં આવશે નહીં. અસ્પૃશ્યતા નાબૂદ કરવા માટે મંડળમાં ચર્ચા યોજાશે. આ સાથે, મંડળમાં સક્રિય લોકો ફક્ત સનાતન માટે જ કાર્ય કરશે અને દર મંગળવારે સુંદરકાંડનો પાઠ કરાવશે.

# સ્વિગીને ૧૫૮ કરોડથી વધુના કરવેરા માટે આકારણી ઓર્ડર નોટિસ ફટકારાઈ

**સમય મિરર | નવી દિલ્હી**

આવકવેરા વિભાગ તરફથી ફૂડ અને કરિયાણાની ડિલિવરી પ્લેટફોર્મ જૂશલલુને ૧૫૮ કરોડ રૂપિયાથી વધુના કરવેરા માટે આકારણી ઓર્ડર નોટિસ મળી છે. કંપનીએ જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ ના સમયગાળા માટે આ ટેક્સ નોટિસ તેમને બેંગલુરુના સેન્ટ્રલ સર્કલના આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનર દ્વારા આપવામાં આવી છે. સ્વિગીએ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે કંપનીને એપ્રિલ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ ના સમયગાળા માટે આ મૂલ્યાંકન ઓર્ડર મળ્યો છે. તેમાં ૧,૫૮,૨૫,૮૦,૯૮૭ રૂપિયાની વધારાની આવક ઉમેરવામાં આવી છે.




નોંધનીય છે કે, આ કેસ આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૩૭ હેઠળ વેપારીઓને ચૂકવવામાં આવતા રદ કરવાના ચાર્જને મંજૂરી ન આપવા સહિતના કથિત ઉલ્લંઘનો સાથે સંબંધિત છે. વધુમાં આવકવેરા રિફંડ પર મળતું વ્યાજ કરપાત્ર આવકમાં શામેલ નથી. સ્વિગીનું માનવું છે કે તેનો ઓર્ડર સામે મજબૂત કેસ છે અને તે સમીક્ષા/અપીલ દ્વારા તેના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. કંપનીએ કહ્યું કે આ ઓર્ડરથી તેના નાણાકીય અને કામગીરી પર કોઈ મોટી પ્રતિકૂળ અસર થશે નહીં.

સ્વિગી એક લોકપ્રિય ઓનલાઈન ફૂડ ઓર્ડરિંગ અને ડિલિવરી પ્લેટફોર્મ છે, જે રેસ્ટોરન્ટ્સમાંથી ફૂડ ઓર્ડર કરવા અને ડિલિવરી કરવા માટે કામ કરે છે. આ પ્લેટફોર્મ ૨૦૧૪ માં બનાવવામાં આવ્યું હતું. શહેરોના વ્યસ્ત જીવનમાં સ્વિગી ખૂબ જ લોકપ્રિય બની ગયું છે કારણ કે ઘણી વખત લોકો ઓફિસમાંથી થાકીને ઘરે આવે છે અને તેમને ખાવાનું રાંધવાનું મન થતું નથી, તેથી આના દ્વારા, થોડીવારમાં ખાવાનું મંગાવાથી ઘરે બેઠા મળી જાય છે.

અહીં સ્ટોક એક્સચેન્જમાં સ્વિગી ૧૩ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ લિસ્ટેડ થઈ હતી. છેલ્લા ત્રણ મહિનામાં જ કંપનીના શેર ૩૮.૮૮% ઘટ્યા છે. બજારમાં પ્રવેશ્યા પછી, ફૂડ ડિલિવરી કંપનીના શેર ભારે દબાણ હેઠળ છે.

પૂણ્યનું ભાથું બાંધવા માનવ મહેરામણ ઉમટી પડયોઃ 'રાધે રાધે' ના નારા સતત ગૂંજ્યા

# લોહાણા મહાજન આયોજીત ભાગવત સપ્તાહમાં પૂ. જીગ્નેશદાદાના સંગાથે ઈશ્વર ભકિતમાં લોકો તરબોળ થયા

સમય મિરર | રાજકોટ



રાજકોટ લોહાણા મહાજન દ્વારા નાના-મોટા સૌમાં અપાર લોકચાહના ધરાવનાર સુપ્રસિધ્ધ ભાગવતાચાર્ય પૂ. જીગ્નેશદાદાના વ્યાસાસને તા. ૫ એપ્રિલ, ૨૦૨૫ સુધી રાજકોટના વિશાળ રેસકોર્ષ મેદાન ખાતે પવિત્ર ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય-દિવ્ય-જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગઈકાલે ત્રીજા દિવસે પુણ્યનું ભાથું બાંધવા માનવ મહેરામણ ઉમટી પડયો હતો. સર્વત્ર રાધે રાધેના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠયું હતું. પૂ. જીગ્નેશદાદાના સંગાથે ઈશ્વરભકિતમાં લોકો રીતસર તરબોળ બની ગયા હતા. સર્વત્ર પવિત્રતાનો માહોલ છવાઈ ગયો હતો. કથામાં નૃસિંહ અવતાર અને યમુનાજીનું વર્ણન આવતા ૧૦૮ ચૂંદડી મનોરથની ઉમળકાભેર, ભાવપૂર્વક અલૌકિક ઉજવણી કરવામાં આવી હતી.

પવિત્ર ભાગવત સપ્તાહમાં ત્રીજા દિવસે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પંજાબ-હરીયાણાના વર્તમાન ભાજપ સંગઠન પ્રભારી વિજયભાઈ રૂપાણી, રાજકોટના ધારાસભ્યો દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્ર સિંહ જાડેજા, સ્ટેન્ડીગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષના દંડક મનિષભાઈ રાડીયા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારા, આરસીસી બેન્કના સીઈઓ ડો. પરસોતમભાઈ પીપરીયા, પ્રદેશ ભાજપ અગ્રણી નિતિનભાઈ ભારદ્વાજ, શહેર ભાજપ ઉપપ્રમુખ ડો. ચેતનભાઈ લાલસેતા, શહેર ભાજપ ડોકટર સેલના પ્રમુખ ડો. પીયુષભાઈ ઉનડકટ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ અને જામનગરના રઘુવંશી અગ્રણી જીતુભાઈ લાલ, સરગમ કલબના પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળા, વાટલીયા પ્રજાપતિ સમાજના અગ્રણી મનસુખભાઈ ધંધુકીયા, ભાજપ અગ્રણી દિનેશભાઈ કારીયા, રાજકોટ મહાનગરપાલિકાના સેક્રેટરી હરિશભાઈ રૂપારેલીયા, રાજકોટના નામાંકીત ડોકટર્સ-અગ્રણીઓ ડો. પ્રકાશભાઈ મોઢા, ડો. તેજસભાઈ મોતીવરસ, ડો. ત્રિશાંતભાઈ ચોટાઈ, ડો. દિગ્વીટજયસિંહ જાડેજા, તેજસભાઈ કરમટા, સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી પવિત્ર ભાગવત સપ્તાહનું રસપાન કર્યુ હતું.

# આધાર કેન્દ્ર બહાર અરજદારો માટે બેસવાની અને છાંયાની સુવિધા કરતી મહાપાલિકા



મહાપાલિકાના આધાર કેન્દ્રની કામગીરીના વોર્ડ કક્ષાએ વિભાજન કરવામાં આવ્યા છે. દરેક વોર્ડમાં આ કામગીરી શરૂ થઈ છે ત્યારે આજે સેન્ટ્રલ ઝોનના આધાર કાર્ડ બિલ્ડીંગ બહાર અરજદારોને ઉનાળાના તાપમાં રાહત આપવા છાંયડાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આજે આ માટે કેન્દ્ર બહાર ફ્રેમ સ્ટ્રકચર ઉભા કરવામાં આવ્યા હતા. જોકે હવે આધાર કાર્ડની કામગીરીનું વિકેન્દ્રીકરણ થતા ઝોન ઓફિસમાં ભીડ ઓછી થાય તેમ છે. છતાં દર વર્ષે ઉભી થતી જરૂરીયાત ધ્યાને લઈ આ વ્યવસ્થા કરાઈ છે. ચેરમેન જયમીન ઠાકરે આ સામાન્ય બાબતને પણ મહત્વની ગણીને નાગરિકો માટે કાયમી છાંયડો અને બાકડાની વ્યવસ્થા કરાવી છે.

# ભીલવાસમાં દારૂના ધંધાર્થીની ઓરડીઓ પર તંત્રના બુલડોઝરની ધણધણાટી

રાજકોટ પોલીસ દ્વારા અસામાજીક તત્વો પર સતત થઈ રહેલી કાર્યવાહીથી શહેરભરના હિસ્ટ્રીશિટરોમાં ફફડાટ ફેલાયો : લિસ્ટ મુજબ એક્શન લેવા તૈયારીઓ



સમય મિરર | રાજકોટ

રાજ્યના મુખ્યમંત્રી દાદાનું બુલડોઝર રાજકોટમાં ગુનેગારો વિરુદ્ધ અવિરત ધણધણી રહ્યું છે. ત્યારે ગઈકાલે પ્ર. નગર પોલીસની ટીમે ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈની હાજરીમાં ભીલવાસના કુખ્યાત દારૂના ધંધાર્થી મુન્નાની ઓરડીઓ પર બુલડોઝર ફેરવી દઈ ઓરડીઓ તોડી પાડતાં ગુનેગારોમાં સોંપો પડી ગયો હતો. બુટલેગર મુન્ના વિરુદ્ધ દારૂના અનેક ગુના નોંધાયેલ છે. તેમજ પોલીસ પાસે હજું અનેકના નામ તૈયાર છે, ગમે ત્યારે ઘડો લાડવો થશે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડિજીપી વિકાસ સહાય દ્વારા લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય તે માટે કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા ગુનાખોરીમાં સંડોવાયેલ ૭૦૦ થી વધુનું લિસ્ટ બહાર પડવામાં આવ્યું હતું અને પોલીસે તેની કામે કાર્યવાહી પણ આરંભી દિધી હતી.

જેમાં ગઈકાલે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈ દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય તથા સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી પ્ર. નગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી. આર.વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અસામાજીક તત્વ નજીર ઉર્ફે મુન્ના અલ્લારખાં ઠાસરીયા (રહે, ભીલવાસ શેરી નં.૦૨, પારસી અગીયારી ચોક પાસે, ગીરનાર ટોકીઝની પાછળ) વિરૂધ્ધમા શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમા કુલ ૦૬ જેટલા દારૂના ગુના હોય તેમજ શખ્સ ગેરકાયદેસર દબાણ ધરાવતા હોય જે બાબતે મહાનગર પાલીકા તથા પીજીવીસીએલના નાયબ ઈજનેર અને અધીકારી તથા કર્મચારીને સાથે રાખી આરોપીએ બનાવેલ ગેરકાયદેસર ઓરડીઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે એક ગેરકાયદેસર વીજ કનેક્શન મળી આવતા દુર કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હતી.

ઉલ્લેખનીય છે કે, નજીર ઉર્ફે મુન્નો ભીલવાસનો જૂનો અને કુખ્યાત બુટલેગર છે અને મળતી માહિતી મુજબ તે જે ઓરડીમાં દારૂ સંગ્રહ કરતો તે જ ઓરડી ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં જ પાડી નાંખતાં અન્ય બુટલેગરો અને ગુનેગારોમાં ફફડાટ ફેલાયો હતો. ઉપરાંત શહેર પોલીસની ટીમે કુખ્યાત પેડલર રમાં સંઘીના મકાન પર, ભીસ્તીવાડના હિસ્ટ્રીસીટર માજીદ ભાણું, ઈશોભા દલ તેમજ નાણાવટી ચોક પાસે રહેતાં રાજા ઉર્ફે બાબા પઠાણના મકાન પર પણ બુલડોઝર ફેરવી દઈ આકરી કાર્યવાહી કરી હતી.

# મવડીમાં ઢોસા રેસ્ટોરન્ટમાંથી ૩૩ કિલો સંભાર અને ૨૮ કિલો વાસી પનીર મળ્યું

મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ૬૩ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરાયો : લાયસન્સ વગર ચાલતી પેઢીઓને નોટિસ

સમય મિરર | રાજકોટ



મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખાએ ઉનાળાના ધગધગતા પ્રારંભે મવડીના ઢોસા રેસ્ટોરન્ટમાંથી ૩૩ કિલો વાસી સંભાર અને મન્ચુરિયનનો જથ્થો પકડી પાડયો હતો તો સાધુ વાસવાણી રોડની દુકાનમાંથી ૨૮ કિલો વાસી પનીર મળી આવતા બંને સ્થળેથી ૬૧ કિલો અખાદ્ય માલનો નાશ કર્યો છે.

ગત મહિનાથી મહાપાલિકા દ્વારા શંકાસ્પદ પનીરના નમુના લેવા ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. સરકારે પૂરા રાજયમાં નકલી પનીર પકડવા દરોડાની સૂચના આપી છે ત્યારે રાજકોટમાં સેમ્પલીંગ સાથે વાસી માલ પણ મળી રહ્યો છે.


રાજકોટ મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જાનકી એવન્યુ, શિવ દ્રષ્ટિ પાર્ક, મવડી ૮૦ ફૂટ રોડ પર આવેલ 'નીલકંઠ ઢોસા' પેઢીમાં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી સંભાર તથા મન્ચુરિયનનો કુલ મળી અંદાજીત ૩૩ કિલો અખાદ્ય જથ્થો મળી આવતા તેનો નાશ કરાયો હતો. જયારે પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત ન્યુ અંબિકા પાર્ક, સાધુ વાસવાણી રોડ પર આવેલ 'આસ્થા એન્ટરપ્રાઈઝ' પેઢીમાં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી પનીર મળી આવતા અંદાજીત ૨૮ કિલો અખાદ્ય પનીરનો જથ્થો પણ નાશ કરી દેવામાં આવ્યો હતો. આ દુકાનને પણ હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવ્યાનું ફૂડ વિભાગે જણાવ્યું હતું. ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના મોરબી રોડ હોકર્સ ઝોનમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થીને ત્યાં ૨૦ નમુનાની ચકાસણી કરી યશ ઘુઘરાને લાયસન્સ લેવા સૂચના આપી હતી. આ ઉપરાંત (૨)પટેલ ઘૂઘરા (૩)માં આશાપુરા દાબેલી (૪)જય અંબે વડાપાવ (૫) મહાકાળી પાણિપુરી (૬) જય અંબે ઘૂઘરા (૭) જય ભોલેનાથ પાણિપુરી (૮) જય ભગીરથ કચ્છી દાબેલી (૯)ખોડિયાર ચાઈનીઝ પંજાબી (૧૦)ચામુંડા સ્ટીમ ઢોકળા (૧૧) ભગવતી ચાઈનીઝ પંજાબી (૧૨)કુળદેવી ચાઈનીઝ (૧૩)બોમ્બે વડાપાવ (૧૪)દિલખુશ પાણિપુરી (૧૫)ગણેશ વડાપાવ(૧૬) રાજસ્થાન ભેળ એન્ડ પાણીપુરી (૧૭)પ્રિન્સ બદામ શેક (૧૮)લક્ષ્મી પાણીપુરી (૧૯)પટેલ વડાપાવમાં તપાસ કરવામાં આવી હતી.

રાજકોટમાં ઉનાળાનો ધગધગતો પ્રારંભ થઈ ગયો છે અને તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર થયો છે. આ સંજોગોમાં હવે બહારના ખાનપાન પર નિયંત્રણ રાખવા અને તકેદારી રાખવા આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

ખાસ કરીને બજારમાં છુટક વેંચાતા ઠંડા પીણાની ગુણવત્તા ચકાસવા, ડિસ્પોઝેબલ ગ્લાસ, ડીશનો ઉપયોગ કઈ રીતે થાય છે તે જોવા, ખુબ ગરમી વચ્ચે સીધા ઠંડા પીણાનું સેવન ટાળવા, ધગધગતા તાપમાં કામ વગર બહાર ન જવા અનુરોધ કરાયો છે. આ તાપમાન અને બહારના અનહાઈજેનિક ફૂડ-પીણાથી ફૂડ પોઈઝન પણ થઈ શકે છે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

# આજે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ડો. જે. જે. રાવલનું શક્તિ ઉપાસના અને વિજ્ઞાન વિષયક વ્યાખ્યાન




સમય મિરર | રાજકોટ

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા. ૪ એપ્રિલ ૨૦૨૫ અને શુક્રવારના રોજ સાંજે ૭ વાગ્યે, ચૈત્રી નવરાત્રીના સાતમા નોરતે ''શક્તિ ઉપાસના અને વિજ્ઞાન'' નામે એક લોકભોગ્ય વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનના વક્તા, ખગોળશાસ્ત્રી તેમજ વેદ અને ભારતીય સંસ્કૃતિના જાણકાર વિદ્વાન એવા ડો. જે. જે. રાવલ રહેશે. તેઓ આ વ્યાખ્યાનમાં માર્કેન્ડેય મુનિ દ્વારા રચિત દેવીભાગવત અને સપ્તસતીના મૂળની વાતો કરશે ઉપરાંત દેવી માહાત્મ્ય અને તેના અર્વાચીન વિજ્ઞાન સાથેના સંબંધ પર પણ પ્રકાશ પાડશે. આ વ્યાખ્યાન લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાર્યરત પૂજ્ય મોરારી બાપુ દ્વારા ખુલ્લા મુકાયેલ ''સેન્ટર ફોર સ્ટડીઝ ઓફ સાયન્સ ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'' દ્વારા આયોજિત આ વ્યાખ્યાન રસ ધરાવતા સર્વેને આમંત્રિત કરવામાં આવે છે.

# રમઝાન ઈદ નિમિત્તે નગીના મસ્જિદ બહાર રાશનકીટ અને કપડાનું વિતરણ

પોલીસ કમિશનર, મુસ્લિમ અગ્રણીઓની હાજરીમાં સેવાકાર્ય

સમય મિરર | રાજકોટ



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)


રમઝાન ઈદ નિમિતે મુસ્લિમો દ્વારા નગીના મસ્જિદ બહાર સટ્ટાબજાર ખાતે મેમણ જમાતના પ્રમુખ મુસ્લિમ અગ્રણી ફારૂક બાવાણી અને પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન-૧ સજ્જનકુમાર પરમાર, ઝોન-૨ જગદીશ બાંગરવા, ટ્રાફિક ડીસીપી પુજા યાદવ, મેમણ જમાતના ટ્રસ્ટી યાસીન બાવાણી, હાજી હુસેન સમા, સીદીકી જસરાયા, સમીર જસરાયા, હાસમ પ્યારેની હાજરીમાં રાશનકીટ અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડાઈમ બ્રાંચના પી.આઈ. મેહુલ ગોંડલીયા,'એ' ડીવીઝનના પી.આઈ. રવિકુમાર બારોટ તથા એ.એસ.આઈ. ભરતસિંહ ગોહિલ, મરચન્ટ એસોસીએશનના પ્રમુખ જતિનભાઈ બગડાઈ, ભરતભાઈ કુંડલીયા, દિપેનભાઈ રાજદેવ, દિનેશભાઈ મણવર (રાણી તેલ), શ્યામભાઈ મકવાણા, મહેશભાઈ મહેતા, મુસ્લિઈમ અગ્રણીઓ-સૈયદ હાજી નીઝામુદીન બાપુ કાદરી, હાજી યાસીનભાઈ બાવાણી, સમીરભાઈ જસરાયા, હાસમભાઈ પ્યારે, હાજી યુનુસભાઈ લુસવાલા, અનવરભાઈ દારૂવાલા, હાજી અવેશભાઈ કામદાર, હાજી રહીશભાઈ નુરી, નજીરભાઈ તબાણી, ઈસ્માઈલભાઈ એસ.કે. વગેરે રમજાન ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હાજી અસલમભાઈ જે બાવાણી, સક્ષીરભાઈ જસરાયા, સલીમભાઈ પટેલ, ઈસ્તીહાકભાઈ, હાજી મુનાદભાઈ બાવાણી, ફરહાનભાઈ, ઈરફાન સેલત, જાકીર ચૌહાણ, અઝહરભાઈ, સમીર ભાસ, સાલીર બાવાણી, સીદીક સેલત, અહેમદ રજા,સીદીકભાઈ ડડક્કલ, મુસ્તહાબાપુ કાદરી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આભાર વિધિ ઝોનલ સેક્રેટરી ઠાજી અસલમભાઈ બાવાણીએ કરી હતી.

# રાજકોટને માર્ચ મહિનો ફળ્યો : ૧૫ હજારથી વધુ મિલકતોના દસ્તાવેજ થતાં આવક વધી

મોરબી રોડમાં સૌથી વધુ ૧૮૬૦ દસ્તાવેજો થયા : મવડીમાં ૧૭૩૮, રતનપરમાં ૧૩૬૩, મિલકત વેચાણી, સૌથી ઓછી મવામાં ૮૪૬

સમય મિરર | રાજકોટ




રાજકોટ શહેર-જિલ્લામાં ગત માર્ચ-૨૦૨૫ દરમિયાન ૧૫૮૯૫ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે. જેના દસ્તાવેજની નોંધણી સબરજિસ્ટ્રાર કચેરીમાં થતા તેની સ્ટેમ્પ ડયુટી ફી પેટે સરકારને રૂા. ૧૦૨૮૬૬૪૮૧૫ની આવક થવા પામી છે.

ફેબ્રુઆરી-૨૦૨૫માં ૧૨૯૧ મિલ્કતોનું વેચાણ થતા તેની દસ્તાવેજ નોંધણીની રૂા.૭૫૫૭૬૭૪૫૪ની આવક સરકારને થવા પામી હતી. આમ ફેબ્રુઆરી-૨૦૨૫ની સાપેક્ષમાં માર્ચ-૨૦૨૫માં દસ્તાવેજ નોંધણીની આવકમાં રૂા. ૨૭.૨૮ કરોડનો વધારો થવા પામેલ છે. જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧.૧૭ લાખથી વધુ મિલ્કતોના દસ્તાવેજની સબરજિસ્ટ્રાર કચેરીમાં રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

રીયલ એસ્ટેટ ઉદ્યોગ માટે મોરબી રોડ એવરગ્રીન રહ્યો છે. માર્ચ-૨૦૨૫માં પણ મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧૮૬૦ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર કચેરીમાં થતા તેની ફી રૂા. ૧૬૬૭૪૬૨૧ અને યુઝડ ડયુટીની રૂા.૧૦૯૨૬૯૮૭૦ મળી કુલ રૂા. ૧૨૫૯૪૪૪૯૧ની આવક સરકારને થવા પામી છે.

આવી જ રીતે શહેરના રૈયા વિસ્તારમાં ૧૦૪૧, રતનપર (રાજકોટ-૩)માં ૧૩૬૩, રાજકોટ-૧માં ૧૦૩૫ કોઠારીયા વિસ્તારમાં ૧૦૧૧, મવામાં ૮૪૬, મવડીમાં ૧૭૩૮ અને રાજકોટ રૂરલમાં ૮૫૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજના રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર કચેરીમાં થયા છે.

જયારે જિલ્લાના ઉપલેટામાં ૬૨૩, ગોંડલમાં ૧૫૨૭, જેતપુરમાં ૭૯૭, ધોરાજીમાં ૪૩૩ કોટડા સાંગાણીમાં ૬૩૩, લોધીકામાં ૯૧૩, જામકંડોરણામાં ૧૩૭, જસદણમાં ૫૯૮, પડધરીમાં ૩૭૪, વિંછીયામાં ૧૧૨ મિલ્કતોનું વેચાણ થયેલ છે. જેના દસ્તાવેજોની નોંધણી સબરજિસ્ટ્રાર કચેરીમાં થવા પામી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી-૨૦૨૫માં ૧૨૧૯૧ અને જાન્યુઆરી ૨૦૨૫માં ૧૩૭૮૨ મિલ્કતોનું વેચાણ થવા પામેલ હતું. રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૧.૧૭ લાખથી વધુ મિલ્કતોના દસ્તાવેજ રજિસ્ટ્રેશન થવા પામેલ છે. જેમાં માર્ચ-૨૦૨૫માં જ ૧૫૮૯૫ મિલ્કતોના દસ્તાવેજ રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

નાણાકીય વર્ષથી અમલમાં આવેલી યોજનાઓનો લાભ લેવા નગરજનોને આહવાન : એક મહિનામાં દાખલો નિકળી જશે

# સત્તાધીશોને સદબુદ્ધિ આવી : જન્મ અને મરણના પ્રથમ પાંચ દાખલા નિઃશુલ્ક કરાયા

સમય મિરર | રાજકોટ

રાજકોટ મહાનગરમાં તા.૧ એપ્રિલથી શરૂ થયેલા નવા નાણાંકીય વર્ષથી જન્મ લેનારા બાળકો કે મૃત્યુ પામનાર વ્યક્તિને આ નોંધણીની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે આપવાની લોકોને સીધી રાહત આપતી બજેટની યોજનાનો આજથી અમલ શરૂ થઈ ગયો છે. સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે ગઈકાલે તમામ ૧૮ વોર્ડમાં આધાર કેન્દ્રની સુવિધા શરૂ કરાવ્યા બાદ આજે આ બીજી સેવા શરૂ કર્યાની જાહેરાત કરી છે.

રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ ૧૯૬૯ અંતર્ગત નાગરિકો માટે જે તે વિસ્તારના રજીસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવવી ફરજીયાત છે. રાજકોટ મહાનગરના હદ વિસ્તારમાં જન્મ લેનાર બાળકોના જન્મ નોંધ પ્રમાણપત્ર તેમજ મહાનગરના હદ વિસ્તારમાં અવસાન પામનાર નાગરિકોના મરણ નોંધ પ્રમાણપત્રની સુવિધા માટે મહાનગરપાલિકાની ત્રણેય ઝોન કચેરી ખાતે જન્મ-મરણ નોંધણી કેન્દ્રો કાર્યરત છે. શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા માટેની દિશામાં પહેલ કરતા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા માટે નવા નાણાંકીય વર્ષથી જન્મ-મરણના પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે ઉપલબ્ધ કરવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં મંજૂર કરવામાં આવેલ છે.

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તા.૧૧-૨ના રોજ લેવાયેલો નિર્ણય જનરલ બોર્ડમાં મંજુર કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતથી જ આ યોજનાની અમલવારી શરૂ કરાવેલ છે. આથી શહેરના નાગરીકો જન્મ મરણ નોંધ પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે મેળવી શકશે. જન્મ કે મરણની નોંધણીના ૩૦ દિવસમાં આ નકલ મળી શકશે જેનો લાભ લેવા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા તેમજ આરોગ્ય સમિતી ચેરમેન કેતનભાઈ પટેલે અનુરોધ કર્યો છે. કોઈ પણ વ્યક્તિનું અવસાન થયાના એક માસમાં નોંધણી થનાર મરણ નોંધના પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે મળી શકશે. મરણ નોંધ પ્રમાણપત્ર મેળવવા મૃતકના સગાએ લગત ઝોન કચેરીમાં અથવા વોર્ડ ઓફિસ ખાતે રૂબરૂ જઈને ફોર્મ ભરવાનું રહેશે. પ્રમાણપત્ર મેળવવા અરજદારે પોતાના આધાર કાર્ડ તેમજ મૃતકના આધાર કાર્ડની નકલ ફોર્મ સાથે આપવાની રહેશે.

જન્મની નોંધણી થયાના ૩૦(ત્રીસ) દિવસ દરમ્યાન બાળકનું નામ દાખલ કરાવનાર માતા-પિતાને જ નોંધણી કરાવતા સમયે જ જન્મ નોંધના પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે મળી શકશે. આ જન્મ નોંધ પ્રમાણપત્ર મેળવવા બાળકના માતા-પિતાએ બાળકના જન્મ સ્થળને લગત ઝોન કચેરીએ રૂબરૂ જઈને ફોર્મ ભરવાનું રહેશે. અન્ય ઝોન કચેરી કે વોર્ડ કચેરી ખાતેથી આ જન્મ પ્રમાણપત્ર મળી શકશે નહીં. આ યોજનાનો લાભ મેળવવા માટે બાળકના માતા તેમજ પિતાના આધાર કાર્ડની નકલ ફોર્મ સાથે આપવાની રહેશે.

## તંત્રીલેખ



# પી.એમ.ની નાગપુર મુલાકાતના પડઘા આવનારા સમયમાં પડશે

છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર અને સંઘ વચ્ચેના સંબંધોમાં થોડું અંતર ઊભું થઈ રહ્યાની છાપ ઉપસી આવી હતી. ગયાં વર્ષે લોકસભાની ચૂંટણી ટાણે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ એમ કહ્યું હતું કે, તેમનો પક્ષ હવ એટલો સમર્થ થઈ ગયો છે કે, તેને હવે સંઘની મદદની જરૂરત રહી નથી. આ નિવેદનને લીધે સંઘ અને ભાજપ વચ્ચેના સંબંધ અસહજ બની રહ્યા હોવાના સંકેત મળવા લાગ્યા હતા. સ્વાભાવિક રીતે સંઘે નડ્ડાના નિવેદન પર કોઈ પ્રતિસાદ આપ્યો ન હતો, પણ લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકને પાર કરવાના દાવામાં ભાજપને સફળતા મળી શકી ન હતી. એ સમયે એમ કહેવાયું હતું કે, સંઘના કાર્યકરોની કહેવાતી નારાજગીને લીધે પક્ષ ૪૦૦ બેઠક પારનું લક્ષ્ય હાંસલ કરી શક્યો ન હતો. લોકસભાની ચૂંટણીનાં પરિણામો બાદ ગેરસમજણ દૂર કરવા ભાજપે સક્રિય પ્રયાસ હાથ ધર્યા હતા, તેને લીધે હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હીની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને નોંધપાત્ર સફળતા સાંપડી હતી. હવે મોદીએ બાકી રહેતી ગેરસમજણ દૂર કરવા સંઘના વડામથકની મુલાકાત લીધી હતી એમ મનાઈ રહ્યું છે.

ભારતીય જનતા પાર્ટીની વૈચારિક માતૃ સંસ્થાનો વણજાહેર દરજ્જો ધરાવતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડામથકની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગપુરમાં મુલાકાત લઈને પક્ષ અને સંગઠન વચ્ચેની અસહજતાની અટકળોનો એકઝાટકે અંત આણી દીધો છે. વડાપ્રધાન તરીકે મોદીની સંઘના વડામથકની આ પ્રથમ મુલાકાત હતી. આ અગાઉ અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા, ત્યારે તેમણે ત્યાંની મુલાકાત લીધી હતી. આમ તો મોદી ગળથૂથીમાં સંઘના પ્રચારક રહ્યા છે અને તેમની સંઘની વિચારધારા તરફના સમર્પણની સામે કોઈ શંકા કરી શકે તેમ નથી. તેમણે નાગપુરની મુલાકાત દરમ્યાન સંઘના વડામથકે સારો એવો સમય વિતાવ્યો હતો, તેમણે સંઘના વરિષ્ઠ નેતાઓની સામે સંવાદ પણ કર્યો હતો. વડાપ્રધાને સંઘની પ્રશંસા કરતાં કહ્યું કે, રાષ્ટ્રીય ચેતના માટે જે વિચાર એકસો વર્ષ પહેલાં સંઘના રૂપમાં આરોપિત થયા હતા એ આજે વટવૃક્ષ બની ગયું છે. સંઘ આજે ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાને ઊર્જાવાન બનાવી રહ્યો છે. નરેન્દ્રભાઇએ દીક્ષાભૂમિ પહોંચીને ડો. બી.આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ મુલાકાત અન્ય એ કે, બાબતને લીધે ભારે મહત્ત્વ ધરાવે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદની માટે પસંદગીનો મુદ્દો દેશભરમાં રાજકીય કુતૂહલ જગાવી રહ્યો છે. એમ મનાય છે કે, આ પદ માટેના નામની ચર્ચા પણ મોદીએ સંઘના વરિષ્ઠ નેતાઓની સાથે કરી હોઈ શકે છે. સાથોસાથ આવનારા સમયમાં ભાજપ, કેન્દ્ર સરકાર અને સંઘ વચ્ચેના સંકલનને વધુ અસરકારક બનાવવા સહિતના નિર્ણયો મોદીની મુલાકાત બાદ ઝડપભેર હાથ ધરાશે એવી પૂરી શક્યતા છે. ખાસ તો ભાજપે છેલ્લા થોડા સમયમાં હિન્દુત્વના એજન્ડાને જે રીતે વધુ વ્યાપક અને નિર્ણાયક બનાવ્યો છે, તેના ભવિષ્ય અંગે અને કાર્યયોજના અંગે ભાજપ અને સંઘ હવે વધુ સંકલન સાથે આગળ વધશે એમ મનાઈ રહ્યું છે. આમ લોકસભાની ચૂંટણીમાં ભાજપને વાસ્તવિકતાનું ભાન થયું હોવાની હકીકતના ફળસ્વરૂપે પક્ષે સંઘ સાથેના સંબંધોને પૂર્વવત કરવા જે કમર કસી છે, આનાં અનુસંધાનમાં વડાપ્રધાનની નાગપુર મુલાકાત ભારે મહત્ત્વ ધરાવે છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પરસ્પરના આ ભરોસાનું પ્રતિબિંબ જોવા મળી શકે છે. જો કે, ભાજપને તેના સાથી પક્ષોને વિશ્વાસમા લેવાનું કામ રાજકીય રીતે પડકારભર્યું બની રહેશે.

પીએમ બન્યા પછી તેઓની નાગપુરની ખાસ મુલાકાતમાં પીએમ મોદી RSS ના સ્થાપકોમાંના એક ગોલવલકરની સ્મૃતિમાં બનેલા સુપર સ્પેશિયાલિટી આંખની હોસ્પિટલ 'માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટર'નો શિલાન્યાસ પણ કર્યો હતો. આ પછી, તેઓએ નાગપુરમાં દીક્ષાભૂમિની પણ મુલાકાત લીધી હતી., જ્યાં ૧૯૫૬માં બાબા સાહેબ આંબેડકરે હજારો અનુયાયીઓ સાથે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. અહીં પીએમ મોદી ડો. ભીમ રાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદી નાગપુરમાં હેડગેવાર સ્મૃતિ ભવનની મુલાકાત લેનારા બીજા પ્રધાનમંત્રી છે. તેમના પહેલા, ૨૭ ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ, અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન તરીકે RSS મુખ્યાલયની મુલાકાતે ગયા હતા. તેમણે RSS સ્થાપકોને પણ શ્રદ્ધાંજલિ આપી.

RSS એ પીએમ મોદીની આ મુલાકાતને ઐતિહાસિક ગણાવી છે, તો વિપક્ષી પાર્ટીઓએ આ કાર્યક્રમની ટીકા કરી છે. બીજી તરફ, AAP નેતા સંજય સિંહે કહ્યું, 'લોકસભા ચૂંટણીમાં ઓછી બેઠકો મળવાની અસર દેખાઈ રહી છે. આરએસએસને ખુશ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નાગપુરના આર.એસ.એસ. મુખ્યાલયની મુલાકાતે વિપક્ષને ભલે જે કહેવું હોય તે કહે પણ વડાપ્રધાન મોદી કોઈ પણ કાર્યકરે તેનાપાછળ એક નહી અનેક સંદેશા છુપાયેલા હોય છે. સંજય રાઉતે તો પીએમની નિવૃતિનો મહિનો પણ જાહેર કરી દીધો છે. જો કે, નરેન્દ્ર મોદીને વિપક્ષોની ટીકાથી અગાઉ ક્યારેય ફર્ક નથી પડ્યો અને પડવાનો પણ નથી. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારેતી એમની કાર્યસૈલી પર નજર રાખીને તેનો અભ્યાસ કરતા અભ્યાસુઓ પણ નાગપુરની મુલાકાતને વિવિધ સંદર્ભમાં મુલવી રહ્યા છે. અલબત વડાપ્રધાન મોદીએ કરેલી ચેષ્ઠા તો એના પરિણામો આવ્યા બાદ જ લોકોને ખબર પડશે.

સંઘ સાથે વડાપ્રધાન મોદીના સબંધો સૌહાર્દપૂર્ણ નથી રહ્યા તેની ચર્ચા વચ્ચે નાગપુરની પ્રથમવાર કરેલી મુલાકાતથી વિરોધીની ભ્રકૃટી તણાઈ ગઈ છે. વિપક્ષ ભાજપ માટે આરએસએસનું મહત્વ સમજે છે ચાલુ વર્ષે સ્થાપનાના ૧૦૦ વર્ષ પુરા કરી રહેલી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ વિશ્વની એક માત્ર એવી સંસ્થા છે જે દસ-દસ દાયકા બાદ પણ ટકી રહી છે. પહેલા કરતા મજબુત બની છે અને ભારત જેવા વૈવિધ્યતા ધરાવતા દેશ સત્તાના સમિકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. સંઘના સ્વયંસેવકો પગારદાર નથી. માત્રને માત્ર રાષ્ટ્રવાદ અને હિન્દુવાદી વિચારસરણી સાથે જોડાયેલા લોકોનો સમુહ છે. જ્યાં અન્ય કોઈ ભૌતિક લાભ કે સ્વાર્થ ન હોય એવા લોકોના સંગઠનની તાકાત વિપક્ષ સારી રીતે જાણે સમજે છે. આથી જ કોંગ્રેસ ટી.એમ.સી. શિવસેના (ઉદ્ધવ) સમાજવાદી પાર્ટી અને દક્ષિણની તમામ રાજકીય પાર્ટીઓ આરએસએસને હંમેશા નિશાન પર લે છે. ભાજપની રાષ્ટ્રિય નેતાગીરી અને આરએસએસના શિર્ષ નેતૃત્વ વચ્ચે ગજગ્રાહ થાય એવા પ્રયાસો બયાનબાજી દ્વારા કરે છે. પણ તેઓની દાળ ગળવાની નથી. એ એટલે નથી સમજી શકતા કેમ કે, આરએસએસની સ્થાપનાકાળથી ચાલી આવતી મુળભુત વિભાવનાને તેઓ પીછાણી શક્યા નથી.

# ફેક્ટરીઓમાં વારંવાર લાગતી આગ : સંચાલકો પ્રોટેક્શનના બદલે પ્રોડક્શન પર વધુ ધ્યાન આપે છે

## કારખાનાઓમાં કાયમીના બદલે કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓ રાખવાના ટ્રેન્ડને કારણે સલામતી માટેનું પ્રશિક્ષણ આપી શકાતું નથી જેને લઈને નિર્દોષ શ્રમિકો કાળનો કોળિયો બને છે

ઔદ્યોગિક હબ તરીકે ઓળખાતા ગુજરાતમાં ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તારમાં આગની ઘટનાઓ રોકી શકાતી નથી. રાજયના ૧૬ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ઔદ્યોગિક વિસ્તારમાં આગ લાગવાની ૧૧૫ ઘટનાઓ બની છે. જેમાં ૧૨ લોકોનાં મોત થયાં છે. દર વર્ષે ૨૦૦ જેટલા અકસ્માતો નોંધાય છે. ફેક્ટરીમાં કામ કરતા વર્કરોની હેલ્થ અને સેફ્ટી માટે કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ તેમ છતાં આ અકસ્માતો ઘટાતા નથી.

આ ક્ષેત્રમાં કામ કરતા લોકોનો દાવો છે કે કાયદાનું માત્ર કાગળ પર જ અમલીકરણ કરાય છે. તેમજ હેલ્થ સેફ્ટી વિભાગ દ્વારા ઘટનાઓ બન્યા બાદ તપાસ કરવામાં આવે છે. પરંતુ ઘટનાઓ ન બને તે માટે પ્રોએક્ટિવ ધ્યાન અપાતું નથી. બનાસકાંઠાના ડીસામાં ફટાકડાની એક ફેક્ટરી તથા ગોડાઉનમાં ધડાકા પછી આગ ફાટી નીકળતા ૧૮ શ્રમિકોનાં મૃત્યુ થયાં છે. ડીસા નગરપાલિકાના ફાયર ફાઇટર્સ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગ બુજાવવાની કામગીરી હાથ ધરી હતી.



ઍમ્બ્યુલન્સની ટીમ અને સરકારી અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. આગ લાગ્યાના કલાકો પછી પણ કાટમાળમાંથી મૃતદેહો કાઢવાની કામગીરી ચાલુ હતી. સવારે લગભગ ૯.૪૫ વાગ્યાની આસપાસ વિસ્ફોટ થયો હતો. તેનાથી સ્લેબ નીચે બેસી ગયો. કામ કરતા મજૂરોના પરિવારજનો પણ ત્યાં જ રહેતા હોવાથી સ્લેબ નીચે દટાયા હોવાનું જાણવા મળ્યું છે. ડીસાની ફેકટરીની આગ પહેલાં પણ ગુજરાત રાજ્ય ભયંકર આગની ઘટનાઓને લઈને ચર્ચામાં રહ્યું છે.

ગુજરાત વિધાનસભાના સત્રમાં ૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ અલગ અલગ ધારાસભ્યોએ શ્રમ અને રોજગાર વિભાગને અલગ અલગ જિલ્લામાં લાગેલી આગની ઘટના અંગે સવાલ કર્યા હતા.શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આપેલા અંકડા અનુસાર ૧ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજ્યના ૧૬ જિલ્લાઓમાં ઔદ્યોગિક આગની ૧૧૫ ઘટનાઓ બની છે. આ ઘટનાઓમાં ૧૨ કામદારોનાં મોત થયાં છે, તેમજ ૧૪ લોકો ઘાયલ થયા હતા.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આપવામાં આવેલા જવાબ અનુસાર ઔદ્યોગિક વિસ્તારમાં લાગેલી આગનાં કારણોમાં મોટોભાગની આગ ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું આવ્યું છે. આ ઉપરાંત ઑઇલ ઓવર હીટિંગ, ઘર્ષણ થવાથી, સ્પાર્ક થવાથી, મિક્સર સ્પાર્ક થવાથી, વેન્ડિંગના કારણે તણખા ઊડવા, જેવાં કારણોથી આગ હતી.

ઔદ્યોગિક વિસ્તારમાં આગ લાગવાની ઘટના અંગે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં છે. શ્રમ અને રોજગાર વિભાગે જવાબમાં જણાવ્યું હતું કે દરેક ઘટનામાં કારખાના ધારા ૧૯૪૮ હેઠળ ફોજદારી ગુનાઓ નોંધવામાં આવ્યા છે. તેમજ કેટલાક યુનિટોના સીલ કરવામાં આવ્યા હોવાની શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી છે.

નિવૃત્ત ચીફ ફાયર ઑફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતુ કે, ''લોકો પ્રોડક્શન પર ધ્યાન આપે છે.

નિવૃત્ત ચીફ ફાયર ઑફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતુ કે, ''લોકો પ્રોડક્શન પર ધ્યાન આપે છે. પરંતુ સલામતીના મુદ્દે બેદરાકરી દાખવે છે. અકસ્માતો રોકી શકવા મુશ્કેલ છે. પરંતુ તેમાં ચોકસાઈ રાખીને ઓછા કરી શકાય છે. તેમજ જોખમ ટાળી શકાય છે. સલામતીને ધ્યાનમાં રાખ્યા સિવાય માત્ર પ્રોડક્શન પર ધ્યાન આપવામાં આવશે તો હોનારતોના સામનો કરવો પડશે. જેમાં લોકોના જીવ જાય છે.''

નવા નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સુરતના હજીરામાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ (એએમએનએસ)ના પ્લાન્ટમાં વિસ્ફોટ થતા ચાર લોકોનાં મોત થયાં હતાં.

ગુજરાતમાં ઔદ્યોગિક અકસ્માત અંગેનો ટ્રેક રેકોર્ડ સારો ન હોવાનું આંકડા પરથી ફલિત થાય છે.

વર્ષ ૨૦૨૧માં લોકસભામાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગારમંત્રી સંતોષકુમાર ગંગવારે રાજ્યવાર આપેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં ઔદ્યોગિક

**પ્રસંગ રંગ**
– પી.એન.જાડેજા

અકસ્માતમાં મોત વધારે થાય છે.

તો બનાસકાંઠાના વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ વર્ષ ૨૦૨૩માં ગુજરાત વિધાનસભામાં ચોમાસા સત્રમાં ઔદ્યોગિક અકસ્માત અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં સરકારે આપેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૨-૨૦૨૩ સુધીમાં ૫૮૭ ઔદ્યોગિક અકસ્માત નોંધાયા હતા. જેમાં ૭૦૦ કરતાં વધારે કામદારોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૧૩ કામદારોને ઈજા થઈ હતી.

સરકારે જવાબમાં કહ્યું હતું કે ત્રણ વર્ષમાં કાયદાના ભંગ બદલ ૫૯૯ ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ ઍન્ડ સેફ્ટીની વેબસાઇટ પર આપેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૧૯માં ૧૮૮, ૨૦૨૦માં ૧૬૭, ૨૦૨૧માં ૨૦૨ અને વર્ષ ૨૦૨૨માં ૧૯૯ લોકોનાં અકસ્માતમાં મોત થયાં હતાં.

''કોઈ પણ ફેક્ટરીમાં કોઈ પણ દુર્ઘટના બને તો જીપીસીબી (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ) , બોઇલર, ઇલેક્ટ્રિસિટી, પેટ્રોલિયમ, એક્ઝપ્લોઝિવ જેવા વિભાગના અલગ-અલગ કર્મચારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે. સૌપ્રથમ ફેક્ટરીને ક્લોઝર નોટિસ આપીને કામ બંધ કરાવવામાં આવે છે. કારખાના ધારામાં દરેક પ્રકારની બેદરકારીને લઈને ધારાઓ છે.''

તપાસમાં જે પ્રકારની બેદરકારી સામે આવે તે અનુસાર કારખાના ઍક્ટ મુજબની કલમથી ક્રિમિનલ કેસ દાખલ કરવામાં આવે છે. ફેક્ટરીના કેસ ઇન્ડસ્ટ્રિયલ કોર્ટમાં ચાલે છે.'' કાયદા અનુસાર ફેક્ટરીઓમાં વર્ષમાં એક વાર ચેકિંગ કરવાનું હોય છે. કંપનીઓ દ્વારા હેલ્થ અને સેફ્ટીની જોગવાઈનું અમલીકરણ માત્ર કાગળ પર કરવામાં આવે છે. જોગવાઈ અનુસાર મશીનરી અને સાધનોનું સમયાંતરે સમારકામ કરાવવું ફરજિયાત છે. પરંતુ ફેક્ટરીમાં બોઇલર, પાઇપો જેવાં જોખમી સાધનોની યોગ્ય જાળવણી ન થતી હોવાનું અમારા ધ્યાને આવ્યું છે, જેને કારણે આ પ્રકારના અકસ્માતો રોકી શકાતા નથી. સરકારનો ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી ઍન્ડ હેલ્થ વિભાગ ઘટના બન્યા બાદ દોડે છે, પરંતુ ઘટના ન બને તે માટે પ્રોઍક્ટિવ કામ કરતો નથી. કંપનીઓમાં સેફ્ટી નોર્મ્સ ફોલો થાય છે કે નહીં તે જોવાનું કામ તેમનું છે. ઘટના પણ મોટી હોય તો જ લોકોના ધ્યાનમાં આવે છે. બાકી નાની નાની ઘટનાઓ બનતી રહે છે. ગુજરાતમાં દર વર્ષે લગભગ ૨૦૦ મજૂરો ઇન્ડ્રસ્ટિયલ અકસ્માતમાં મરી જાય છે. ગ્રાઉન્ડ પર જોતા લાગે છે કે ઇન્ડસ્ટ્રિયલ વિભાગ દ્વારા આંકડા છુપાવાઈ રહ્યા છે.

અકસ્માત રોકવા માટે કારખાનાના માલિકોએ નિયમ મુજબની સેફ્ટી ગિયર રાખવા પડે. સાધનો રિપેર કરવાં જોઈએ, જેના માટે પૈસા ખર્ચવા પડે. કારખાનાના માલિકો નિયમોનું પાલન માત્ર કાગળ પર જ કરે છે, જેને કારણે ગમે તેટલી સારા કાયદા બનાવવામાં આવે પરંતુ અકસ્માત અટકતા નથી. કાયમી પ્રોડક્શન ચાલતું હોય તેવી ફેક્ટરીઓમાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓ રાખી શકાય નહીં. કોન્ટ્રાકટના કર્મચારીઓને બદલાતા રહે છે. તેમને યોગ્ય તાલીમ આપવામાં આવી હોતી નથી. સુપરવિઝનનો અભાવ જેવી બાબતોને કારણે અકસ્માતો સર્જાતા રહે છે. ''આ ઉપરાંત ફેક્ટરીમાં કોઈ ઘટના બને તો દરેક વિભાગમાં સંકલનનો અભાવ જોવા મળે છે. તેઓ દરેક બાબતો એકબીજા ઢોળતા રહે છે. આથી તપાસમાં ક્યારેક ખામી રહી જાય છે અને યોગ્ય સજા થઈ શકતી નથી.'' ઔદ્યોગિક કાયદામાં ફેક્ટરીમાં કામ કરતા વર્કરોની હેલ્થ અને સેફ્ટી માટેની કારખાના ધારામાં જોગવાઈ આવી છે. તેમ છતાં આ પ્રકારની ઘટનાઓ રોકી શકાતી નથી. ડીસામાં આગની ઘટના ઘટી એ જ દિવસે અને લગભગ એ જ સમયે રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર સાબુ-શેમ્પુ બનાવતી એક ફેક્ટરીમાં પણ આગ ભભુકી ઉઠી હતી. જો કે, સદભાગ્યે એમા કોઈ જાનહાની થઈ ન હતી, ડીસાની આગની ઘટનાથી રાજકોટમાં લાગેલી આગના સમાચારોને બહુ મહત્વ ન અપાયુ પણ આગની એ ઘટનામાં પણ ફેક્ટરી સંચાલકોની વ્યાપક બેદરકારી સામે આવી શકી હોત જે બેદરકારીની ચર્ચા જ ન થઈ, રાજકોટના નવાગામ રૂડા ટ્રાન્સપોર્ટ નજીક લાગેલી આગમાં સદનસીબે ભલે કોઈ જાનહાની ન થઈ પણ આ આગ જે સ્થળે લાગી હતી એ ભરચક ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે. આસપાસમાં ઘણી ફેક્ટરીઓ અનેગોડાઉનો આવેલા છે. જો આ આગ પણ વધુ આગ વધી હોત તો જાન-માલને વ્યાપક નુકશાન થવાનું નક્કી હતુ. પણ દરેક આગના બનાવોમાં આવુ સદભાગ્યે મળતુ નથી.

# કપૂરના ચમત્કારી ઉપાયથી બદલાશે ભાગ્ય, આજે જ કરો આ ઉપાય

કપૂરનો ઉપયોગ લગભગ તમામ પૂજામાં થાય છે. કપૂરનો ઉપયોગ અમુક દેવતાઓની પૂજામાં આવશ્યક ઘટક તરીકે થાય છે. જો આ પૂજા વિધિઓમાં કપૂરનો ઉપયોગ ન કરવામાં આવે તો પૂજા અધૂરી માનવામાં આવે છે. આ બધા સિવાય નકારાત્મક ઉર્જા દૂર કરવા માટે પણ વાસ્તુશાસ્ત્રમાં કપૂરનો ઉપયોગ કરવામાં આવે છે. વાસ્તુ અનુસાર કપૂરની સુગંધ નકારાત્મક ઉર્જા દૂર કરે છે અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરે છે. તેથી, ચાલો આ લેખમાં કપૂરથી સંબંધિત કેટલીક યુક્તિઓ વિશે જાણીએ, જે તમારું ભાગ્ય બદલવામાં ઘણી મદદ કરી શકે છે.

સંપત્તિ અને સમૃદ્ધિ માટે

જો તમે કોઈને ખૂબ પૈસા ઉછીના આપ્યા છે અને તમને તે નથી મળી રહ્યા અથવા તમારા પૈસા ક્યાંક અટવાઈ ગયા છે, તો લાલ ગુલાબના ફૂલમાં કપૂરનો ટુકડો મૂકી, કપૂર સળગાવીને મા દુર્ગાને અર્પણ કરો. બીજું, જો તમે બિનજરૂરી ખર્ચથી પરેશાન છો, તો કપૂરનો દીવો પ્રગટાવો અને ઘરની આસપાસ ફરો. આ બધા સિવાય, માન્યતા અનુસાર, નોકરી મેળવવા માટે, દરરોજ સવારે સ્નાન કરો, કપૂર સળગાવો અને ભગવાનની પ્રાર્થના કરો.

શાંતિ અને સમૃદ્ધિ માટે

ઘરમાં વાસ્તુ દોષના કારણે શાંતિમાં ખલેલ પહોંચે છે અને ઘરમાં કલહનું વાતાવરણ રહે છે.



નકારાત્મક ઉર્જા દૂર કરવા માટે કપૂરની ગોળીઓ ઘર અને દુકાન બંનેમાં રાખવામાં આવે છે. આમ કરવાથી નકારાત્મક ઉર્જા દૂર થાય છે અને ધનની પ્રાપ્તિ થાય છે.

આરોગ્ય લાભો માટે

વાસ્તુશાસ્ત્ર અનુસાર પિતૃ દોષથી છુટકારો મેળવવા માટે દરરોજ પૂજા રૂમમાં નિયમિતપણે કપૂર સળગાવો. જો તમારા મનમાં આકસ્મિક દુર્ઘટના અંગે શંકા હોય તો તેનાથી બચવા માટે હનુમાન ચાલીસાનો પાઠ કરો અને પછી કપૂરમાં લવિંગ નાખીને આરતી કરો. જો કોઈ રોગ તમને લાંબા સમય સુધી છોડતો નથી, તો સ્નાન કરતી વખતે પાણીમાં કપૂર તેલના ૨-૩ ટીપાં નાખી દો, તેનાથી શરીરને સકારાત્મક ઉર્જા મળે છે.

બીજી ખાસ યુક્તિ

વાસ્તુ અનુસાર જો તમારા અથાગ પ્રયત્નો પછી પણ કોઈ કામ બગડી રહ્યું હોય અથવા તમને કોઈ કામ કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોય, તો ચાંદીના પાત્રમાં નિયમિતપણે લવિંગ અને કપૂર સળગાવીને ઘરની આસપાસ ફરો. તેનાથી ખરાબ કાર્યો પણ થવા લાગશે અને જીવનમાં આવતી અડચણો દૂર થશે.

કપૂર વિશે ધ્યાન રાખવા જેવી કેટલીક બાબતો

**વાસ્તુશાસ્ત્ર અનુસાર પિતૃ દોષથી છૂટકારો મેળવવા માટે દરરોજ પૂજા રૂમમાં નિયમિતપણે કપૂર સળગાવો**

કપૂર એક જ્વલનશીલ પદાર્થ છે, બાળકોને કપૂરથી દૂર રાખો. આ કપૂરને હંમેશા સ્વચ્છ અને સૂકી જગ્યાએ રાખો. કપૂર બાળતી વખતે હંમેશા સાવધાની રાખો.

# ઝડપથી વજન ઘટાડવા માટે શું ફાયદાકારક છે? મોર્નિંગ વોક કે ઇવનિંગ વોક

ઉનાળાની ઋતુ આવતા જ શરીરમાં પાણીની કમી અને ડિહાઈડ્રેશનની સમસ્યા વધી જાય છે. તડકો અને કાળઝાળ ગરમીને કારણે થાક, સુસ્તી અને ચીડિયાપણું અનુભવવું સામાન્ય છે. આવી સ્થિતિમાં શરીરને હાઈડ્રેટ રાખવું ખૂબ જ જરૂરી બની જાય છે.

માત્ર પાણી પીવું પૂરતું નથી, પરંતુ હેલ્ધી જ્યૂસ પણ તમારા શરીરને માત્ર હાઈડ્રેટ જ રાખતું નથી પણ જરૂરી પોષક તત્વો પૂરા પાડવામાં પણ મદદ કરે છે. ઉનાળામાં કેટલાક ખાસ જ્યૂસ તમારા શરીરને માત્ર ઠંડક જ નથી આપતા, પરંતુ એનર્જી પણ આપવાનું કામ કરે છે. ચાલો જાણીએ આવા ત્રણ જ્યૂસ વિશે જે તમને આ કાળઝાળ ગરમીમાં સ્વસ્થ રાખે છે.

### તરબૂચનું જ્યૂસ

તરબૂચમાં લગભગ ૯૨% પાણી હોય છે, જે તેને ઉનાળામાં સૌથી સારું હાઈડ્રેટિંગ ફળ બનાવે છે. તેમાં રહેલ ઈલેક્ટ્રોલાઈટ્સ અને એન્ટીઓક્સીડેન્ટ શરીરને ડિટોક્સીફાઈ કરવાની સાથે હાઈડ્રેશન લેવલને પણ જાળવી રાખે છે. તે શરીરમાં પાણીની કમીને દૂર કરે છે. પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને એસિડિટીથી રાહત આપે છે. ત્વચાને ચમકદાર અને ફ્રેશ રાખે છે. તરબૂચના ટુકડાને મિક્સરમાં નાંખો તેમાં થોડો લીંબુનો રસ અને ફુદીનાના પાન નાખીને બ્લેન્ડ કરો. જો તમે ઈચ્છો તો તેમાં કાળું મીઠું અને થોડું મધ પણ ઉમેરી શકો છો.

### નાળિયેર પાણી

નાળિયેર પાણી ઉનાળામાં સૌથી કુદરતી અને હેલ્ધી ડ્રિંકમાંથી એક છે. તે ઈલેક્ટ્રોલાઈટ્સ, મિનરલ્સ અને વિટામિનથી ભરપૂર હોય છે. જ્યારે તેને લીંબુના રસમાં મિક્સ કરીને પીવામાં આવે છે, ત્યારે તે એક ઉત્તમ એનર્જી બૂસ્ટર ડ્રિંક બની જાય છે. તે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જાળવી રાખે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે. હીટસ્ટ્રોક અને હીટસ્ટ્રોક સામે રક્ષણ કરવામાં મદદ કરે છે. તમે લીંબુ અને કાળું મીઠું મિક્સ કરીને નારિયેળ પાણી પી શકો છો.

### કાકડીનું જ્યૂસ

કાકડી ૯૬% પાણીથી ભરપૂર હોય છે, જે શરીરને ડિટોક્સિફાય કરે છે અને ઠંડક આપે છે. જ્યારે ફુદીનો કુદરતી ઠંડકનું કામ કરે છે, જે શરીરને અંદરથી ઠંડક આપે છે. કાકડી શરીરમાં તાજગી જાળવી રાખે છે અને ડિહાઈડ્રેશનને અટકાવે છે. વજન ઘટાડવામાં મદદ કરે છે અને પાચનતંત્રને મજબૂત બનાવે છે. કાકડીના ટુકડા કરી લો, તેમાં ફુદીનાના પાન, લીંબુનો રસ અને થોડું કાળું મીઠું નાખીને બ્લેન્ડ કરો. તેને ગાળીને ઠંડુ કરીને પી લો.



# ગજેન્દ્ર મોક્ષની કથાનો આધ્યાત્મિક સંદેશ ગૃહસ્થો માટે પણ અભિપ્રેત છે

પરંપરા
– પંકજસિંહ જાડેજા

ગજેન્દ્રની પ્રાર્થના અને પૂજાથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ પોતાના ચક્રથી ગ્રાહનું મસ્તક કાપી નાખે છે અને ગજેન્દ્રનો ઉદ્ધાર કરે છે. પોતાના પુરુષાર્થ અને પોતાનાં સ્વજનોની સહાયથી પણ ગજેન્દ્ર છૂટી શકયો નહીં. આખરે ભગવાનની કૃપાથી ગજેન્દ્ર ગ્રાહકની પકડમાંથી મુક્ત થાય છે.

આ કથા સ્પષ્ટ રીતે એક અધ્યાત્મપરક કથા જ છે. આ કથાનો અધ્યાત્મપરક અર્થ સમજવા માટે કેટલાક પ્રશ્નોના ઉત્તરો મેળવવા જોઈએ.

**ત્રિકૂટ પર્વત એટલે શું? જંગલ એટલે શું?**

જંગલની વચ્ચે ત્રિકૂટ પર્વત પર જે સરોવર છે તેનો અર્થ શો?

ત્રિકૂટ પર્વત એટલે આ જગત. ત્રિકૂટ પર્વતનાં ત્રણ શિખરો છે તેનો અર્થ એ છે કે આ જગત ત્રિગુણાત્મક છે. ત્રણ શિખરો દ્વારા ત્રણ ગુણો સૂચિત થાય છે. ચાંદીનું શિખર તે સત્વગુણ છે. સોનાનું શિખર તે રજોગુણ છે અને લોઢાનું શિખર તે તમોગુણ છે. આમ, ત્રણ ગુણોથી બનેલું આ જગત છે તેને જ કથામાં ત્રિકૂટ પર્વત કહ્યું છે.

આ ત્રિકૂટ પર્વતની તળેટીમાં ઘોર જંગલ છે તે જ ભવાટવી છે. આ સંસારરૂપી જંગલ છે તેને જ ત્રિકૂટ પર્વતનું જંગલ કહે છે. જંગલમાં અનેકવિધ પ્રાણીઓ વસે છે. આ પ્રાણીઓ એટલે સંસારમાં રમમાણ જીવો. આ જંગલની વચ્ચે એક સરોવર છે. આ સરોવર તે માયારૂપી સરોવરમાં પડ્યા પછી બહાર નીકળવું અતિ કઠિન છે. માયા અતિ વિકટ છે. આ અતિ વિકટ માયાને જ અહીં ત્રિકૂટ પર્વત પરના જંગલ વચ્ચેનું સરોવર કહ્યું છે.

**ગજેન્દ્ર અને તેનું યૂથ એટલે શું?**

ગજેન્દ્ર એટલે જીવ. આ ગજેન્દ્રરૂપી જીવ ત્રિગુણાત્મક જગતરૂપી ભવાટવીમાં વસે છે. આ ગજેન્દ્ર યૂથ એટલે જીવનાં સંગાસંબંધી. જીવ આ ભવાટવીમાં એકલો નથી. ભવાટવીમાં અનેક અન્ય જીવો પણ હોય છે. જંગલમાં વસતાં અન્ય પ્રાણીઓ તે જ આ અન્ય જીવો છે. ગજેન્દ્રનું યૂથ તે જીવના સાથી જીવો, અર્થાત ઋણાનુબંધથી જીવ સાથે સંલગ્ન અન્ય જીવો.

**ગ્રાહ એટલે શું?**

ગ્રાહ એટલે અજ્ઞાન. અજ્ઞાનજ જીવને બાંધે છે, જીવને ઊંડા પાણીમાં ખેંચી જાય છે. માયારૂપી સરોવરમાં અજ્ઞાનરૂપી



ગ્રાહ વસે છે. જીવ માયામાં ઊંડો ઊતરતો જાય છે, માયામાં ફસાતો જાય છે તેનું કારણ અજ્ઞાન છે. માયારૂપી સરોવરમાંથી જીવ બહાર નીકળી શકતો નથી તેનું કારણ શું છે? કોણ તેને માયામાં રમમાણ કરી રાખે છે? અજ્ઞાન જ બંધનનું કારણ છે. અજ્ઞાનના બંધનને કારણે જ જીવ માયામાં ફસાયેલો રહે છે.

ગજેન્દ્ર બળવાન હોવા છતા માયારૂપી સરોવરમાંથી બહાર નીકળી શકયો નહીં, કારણ કે અજ્ઞાન તેને ખેંચી રાખે છે.

અજ્ઞાન એટલે શું? અજ્ઞાન એટલે પોતાના સ્વરૂપનું અજ્ઞાન. પોતાના સ્વરૂપના અજ્ઞાનને કારણે જ જીવ બંધાય છે અને બદ્ધ રહે છે.

ગજેન્દ્રરૂપી જીવ માયારૂપી સરોવરમાં પાણી પીવા આવે છે, અર્થાત માયાનો ભોગ માણે છે, માયાનું આસ્વાદ કરે છે, એટલું જ નહીં, પણ માયામાં ઊતરે છે, સરોવરમાં ઊંડે જાય છે અને તે જ ક્ષણે અજ્ઞાનરૂપી ગ્રાહ તેને ગ્રસી જાય છે પકડી લે છે.

**ગજેન્દ્ર અને ગ્રાહનું યુદ્ધ એટલે શું?**

ગજેન્દ્ર એટલે જીવ અને ગ્રાહ એટલે અજ્ઞાન. જીવ અજ્ઞાનથી બદ્ધ થાય છે, અજ્ઞાનને કારણે જ માયામાં ફસાય છે. જીવ મૂલતઃ મુક્ત જ છે, પરંતુ અજ્ઞાનને કારણે તે બદ્ધ બને છે, માયાબદ્ધ બને છે. પોતાના સ્વતંત્ર મુક્ત સ્વરૂપને પામ્યા વિના જીવને યથાર્થ શાંતિ મળી શકે નહીં, તેથી જીવ પોતાની મુક્તિ માટે પ્રયત્નશીલ રહે જ છે, પરંતુ અજ્ઞાન અને અજ્ઞાનરૂપિણી માયામાંથી મુક્ત થવું સરળ નથી, તેથી જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતા'માં કહ્યું છેઃ ૫૫ પળૂળ ડ્ઙફટ્ટળમ'મારી માયાનો પાર પામવો મુશ્કેલ છે.'

તેથી તે પ્રયત્ન ફળતો નથી. જ્યારે જીવ ભગવાનની શરણાગતિ સ્વીકારે છે ત્યારે તેનો અહંકાર શાંત થાય છે અને અહંકાર શાંત થતાં જ પરમાત્માની કૃપા તેની ચેતનામાં અવતરે છે. પરમાત્માની કૃપાનું સામર્થ્ય અમોઘ છે. પરમાત્માની અમોઘ શક્તિ અજ્ઞાનના બંધનને છેદી નાખે છે અને જીવ મુક્ત થાય છે. જે જીવ પોતાની મુક્તિ માટે પરમાત્માની કૃપાની યાચના કરશે, પરમાત્માનું શરણ સ્વીકારશે તેને પરમાત્મા અવશ્ય સહાય કરશે. ભગવાને પોતે જ 'ગીતા'માં માનવજાતને તેનું વચન આપ્યું છે. ભગવાન માત્ર ગજેન્દ્રના જ નથી, તેઓ તો સૌના છે. જે માયાપતિને શરણે જાય છે તે માયારૂપી સાગરને તરી જાય છે આ અધ્યાત્મપથનું સર્વોચ્ચ સત્ય છે અને આ જ ગજેન્દ્રમોક્ષની કથાનો આ અધ્યાત્મ સંદેશ છે.

# પ્રકૃતિએ ઘડેલા નિયમો ધારણ કરેલ એ ધાર્મિક છે

ગીતાના ગાયક ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને માધ્યમ બનાવીને આપણને બોધ આપે છે. અધમ આચરણ કરનારાઓની શક્તિ વધી જાય ત્યારે તેમને મારવામાં પાપ નથી. તેમ કહીને ગાંડિવધારી અર્જુનને ક્ષાત્રતેજના સહારે ધર્મયુદ્ધમાં સક્રિય થવાનું કહે છે.

દુર્જનોનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા ભગવાન અવતાર ધારણ કરીને પૃથ્વી પર જન્મલે છે.



મહારાજા ધર્મરાજ યુદ્ધિષ્ઠિર - 'જુગાર રમવા માટે અમ ક્ષત્રિયોને કોઈ ચેલેન્જ કરે તો અમે પાછીપાની ના કરીએ.' એવો ખોટો ધર્મ ભગવાન શ્રી કૃષ્ણને મંજુર નથી.

જુગાર અનિષ્ટ છે એવું જાણતા હોવા છતાં જુગાર રમે છે. પોતાનું રાજપાટ હારી ગયા પછી 'હાર્યો જુગારી બમણું રમે' તેમ પોતે પોતાના ચારેય ભાઈઓને અને પોતાને સ્વયં દાવમાં મુકે છે. ભૂંડી રીતે હાર્યા પછી પણ પોતાની પત્ની દ્રોપદીને વસ્તુ સમજીને દાવમાં મુકે છે. જે હારી ગયા પછી દ્રોપદીની ઈજ્જત લેવાનો નિર્લજ ઘટના મહાભારતનું વરવું દ્રશ્ય સાબિત થાય છે. એ વખતે દ્રોપદી ભગવાન શ્રી કૃષ્ણને પોકારે છે : વ્હાલો મારો ગરૂડે ચડીને આવે છે અને દ્રોપદીની ઈજ્જત બચાવે છે.

સમાજમાં એકરૂપતા વધે. એકબીજા વચ્ચે પ્રેમ વધે. સુખ અને સમૃદ્ધિ વધે તે માટે આપણા સમાજના હિત ચિંતકોએ કેટલાક નિયમો બનાવ્યા. તેવા નિયમોને ધારણ કરવાને ધર્મ કહી શકાય.

આપણે શાંતિથી જીવીએ અને અન્યને પણ સારી રીતે જીવવાની સગવડ કરી આપીએ તે માટે કાળજી રાખવી તે ધર્મ. ધર્મ એટલે કર્તવ્ય, ફરજ અને પ્રતિબદ્ધતા.

સંસારમાં નાનાં-મોટાંના ભેદ, ગરીબ-અમીરના ભેદ, દુઃખી-સુખીના ભેદ, સારા-નરસાનો ભેદ છે ત્યાં સુધી મનદુઃખ ચાલશે. લડાઈ ઝઘડા થશે. જો ધર્મનું પાલન કરવામાં આવે તો ઝઘડા મટાડી શકાય છે. તે માટે બનાવેલા નિયમોનું પાલન કરવાનું ધર્મ શીખવે છે.


મીરાંબાઈને રાણાએ ઝેર મોકલ્યું છે પરંતુ ભગવાન ભક્ત મીરાંબાઈની રક્ષા કરે છે. નરસિંહ મહેતાનું મામેરૂં પુરે છે. ભગવાન ભક્ત વત્સલ છે. ભગવાન શ્રી કૃષ્ણને ઘસાઈ ગયેલા, જુના થઈ ગયેલા, વિપરીત અર્થ ધરાવતા ધર્મનો આંચળો ઓઢીને અધર્મને આચરતા દુરાચારીઓ પસંદ નથી. તેવા અધર્મીઓનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા ભગવાન અવતાર ધારણ કરે છે. નિરંજન-નિરાકાર હોવા છતાં ભક્ત વત્સલ ભગવાન સગુણ સાકાર રૂપ ધરીને આ ધરાધામ ઉપર આવે છે. વિવિધ લીલાઓ કરીને ધર્મની પુષ્ટી કરે છે.

# જીવનમાં ભોજન, ધન અને જીવનસાથીથી સંતોષ રાખનાર વ્યક્તિ ક્યારેય દુઃખી થતો નથી

સંતોષ જીવનમાં ખૂબ જ મહત્ત્વનો છે તે સમજાવતાં ગુરુજીએ ચાણક્ય નીતિનો શ્લોક ટાંકીને કહ્યું કે 'ચાણક્ય નીતિમાં જણાવ્યું છે કે જીવનમાં સંતોષ તમારા સુખનું મૂળ છે અને ખાસ ત્રણ બાબતો જણાવી છે કે તે વિષે ખાસ સભાનતાપૂર્વક સંતોષ રાખવો ખૂબ જ જરૂરી છે.નહિ તો જીવનમાં કષ્ટનો સામનો સહન કરવો પડે છે.' શિષ્યે પૂછ્યું, 'એ ત્રણ બાબતો કઈ છે? ગુરુજી.'ગુરુજીએ કહ્યું, 'જે બાબતમાં દરેક જણે સંતોષ ખાસ રાખવો જોઈએ તે બાબતો છે. ભોજન, ધન, જીવનસાથી. આપણી પાસે જાત મહેનતથી કમાઈને જે ભોજન પ્રાપ્ત થાય તેમાં દરેક વ્યક્તિએ સંતોષ માનવો જોઈએ. જેટલી આપણી આવક હોય તેમાં ખુશ રહેવું જોઈએ અને આવક કરતાં વધુ ખર્ચ ક્યારેય ન કરવો જોઈએ અને જીવનસાથી જે હોય; તેનાં રૂપ, સુંદરતા, સ્વભાવ, પ્રભાવ વગેરેથી દરેક જણે સંતોષ માનવો જોઈએ.

જીવનસાથીના ગુણ અવગુણ પ્રત્યે અસંતોષ રાખીએ તો તે અન્ય વ્યક્તિ તરફના આકર્ષણ તરફ દોરી જાય છે અને જીવનને કષ્ટોથી ભરી દે છે.'સંતોષ વિષે સમજાવ્યા બાદ ગુરુજી આગળ બોલ્યા, 'હવે હું તમને એવી ત્રણ બાબત કહીશ જે વિષે બધાએ હંમેશા અસંતોષી જ રહેવું જોઈએ!'ગુરુજીનું વાક્ય સાંભળી બધાને નવાઈ લાગી.એક શિષ્યે પૂછ્યું, 'ગુરુજી, તમે હમણાં જ તો કહ્યું કે સંતોષ સૌથી મોટો ગુણ છે અને ક્યારેય અસંતોષ ન કરવો જોઈએ તો પછી હવે તમે જ કહો છો કે ત્રણ બાબતે અસંતોષી રહેવું.આમ કેમ ગુરુજી?'

ગુરુજીએ જવાબ આપ્યો, 'વત્સ ,અધીર ન થા. પહેલાં હું કઈ ત્રણ બાબતે અસંતોષ રાખવાનું કહું છું તે જાણી લે પછી આગળ પ્રશ્ન કરજે.'બધા શિષ્યો એક ધ્યાને ગુરુજી કઈ ત્રણ બાબતે અસંતોષ રાખવાનું કહેશે તે સાંભળવા આતુર બન્યા. ગુરુજીએ જણાવ્યું, 'જે બાબતો માટે




હું તમને સદા અસંતોષી રહેવાનું કહું છું તે બાબતો છે અધ્યયન, દાન અને જપ. જીવનમાં જેટલું જ્ઞાન મેળવો ઓછું છે..

જીવનપર્યંત વિદ્યાર્થી રહો. સતત કંઈ ને કંઈ શીખતાં રહો ..જાણતાં રહો..આ બાબતે અસંતોષી રહેવામાં વધુ શ્રેય છે..સેવા દાન તો જેટલું કરો તેટલું ઓછું જ છે.ઈશ્વર તમને દાન દેવાયોગ્ય બનાવે તો તેમાં સંતોષ ક્યારેય ન કરો. હંમેશા અસંતોષી રહી દાન કરતાં રહો અને જપ, તપ, ભક્તિ માટે તો સંતોષ કરવો જ નહિ. સતત અસંતુષ્ટ રહી જપ કરતાં જ રહો તો તમારો બેડો પાર છે.આ ત્રણ કર્મો અસંતોષી રહીને કરશો તો સતત જીવન સુંદર બનશે. પુણ્યની વૃદ્ધિ થતી જ રહેશે.'

આમ જીવનમાં ત્રણ પ્રકારનો સંતોષ અને ત્રણ પ્રકારના અસંતોષથી ગૃહસ્થ જીવનમાં દુઃખ રહેતુ નથી. શરૂઆત સંતોષના સાધનથી કરવી અને આગળ જતાં જે ત્રણ સ્થિતિ-પરિસ્થિતિ માટે અસંતોષ કેળવવો જોઈએ એ કેળવીને સાધનાના માંગે સંતૃપ્ત થઈ શકાય છે.

# શ્રીગોપીનાથજીની કૃપાથી વ્રજભૂષણજી મહારાજે સાત વૈષ્ણવોને પુનર્જીવિત કર્યા

કૃષ્ણભક્તિ
– ઈશીત મોદી



નવધા ભકિતમાં ઈશ્વરની ભક્તિ કરવાની જુદી જુદી રીત જણાવવામાં આવી છે. નવ પ્રકારની જુદી જુદી રીત તેમાં વર્ણવવામાં આવી છે. એક દિવસ પંડિતો સાધુઓ સંતોમાં કઈ ભક્તિની રીત ચઢે, તે બાબતે ઘણો વાદવિવાદ થયો. ક્રિયાકાંડવાદી પંડિતે કહ્યું, 'યજ્ઞ સૌથી પવિત્ર ભક્તિની રીત છે. યજ્ઞના પાવન અગ્નિમાં અર્પણ કરવામાં આવેલ સામગ્રી ઈશ્વરનાં ચરણોમાં પહોંચે છે.' પ્રસિદ્ધ કથાકાર બોલ્યા, ' સત્સંગ કથા શ્રવણ ભક્તિની સૌથી સારી અને સહેલી રીત છે. એક સાથે અનેક લોકો સત્સંગનો લાભ લઈ ઈશ્વરની નજીક પહોંચે છે.' હિમાલયમાં ધ્યાન તપમાં મગન સાધુ બોલ્યા, ' ભક્તિની સાચી રીત તો સંસારનો, દુન્યવી વસ્તુઓનો ત્યાગ કરી સતત ધ્યાન તપ કરવું છે, તો જ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.'

વાદવિવાદ તો વધતો જ ગયો. સંસારી અને સામાન્ય લોકો સુધી આ વિવાદ ફેલાયો. ગૃહિણી કહે, 'ઘરકામ કરતાં કરતાં જે નામસ્મરણ કરી શકાય, મારા માટે તો એ જ સાચી ભક્તિ છે.' મોટા મોટા દાન કરનારા શેઠ સાહેબ બોલ્યા, ' દેવસ્થાનો અને મંદિરો બંધાવવાં એ જ ભક્તિના સાચી રીત છે. ઈશ્વર માટે સ્થાનક બંધાવવાથી મોટી કઈ વાત હોઈ શકે.' વળી પાછું કોક સામાન્ય જન બોલ્યું, ' રોજ મંદિરે જવું પગપાળા જવું એ જ સાચી ભક્તિ છે.' મંદિરના પૂજારી બોલ્યા, ' મંદિરમાં ઈશ્વરની મૂર્તિની પૂજા અર્ચના કરવી, ભગવાનને શણગાર સેવા આરતી ભોગ કરવાં એ જ ભક્તિની સાચી રીત છે.'

હવે આ વાત એટલી વધી કે દરેકની વાત પોતપોતાની રીતે સાચી હતી. કોઈ ખોટું ન હતું. ત્યાં આકાશવાણી થઈ કે એક મસ્જિદની બહાર ઓલિયો ફકીર, રોજ ગરીબ લોકોને ખાવાનું ખવડાવવા આવે છે. તે ભક્તિની સાચી રીત જાણે છે. તેને જઈને પૂછો કે 'ભક્તિની સાચી રીત કઈ? શું આપવાથી અને શું કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે.' બધા પેલા ફકીર ઓલિયા પાસે દોડી ગયા અને પ્રશ્ન પૂછ્યો કે 'ભક્તિ કરવાની સાચી રીત કઈ? ઈશ્વરને શું આપીએ તો ઈશ્વર મેળવી શકાય.'

ફકીરે બહુ જ સરસ જવાબ આપ્યો, 'આપણે ઈશ્વરને કંઈ આપી ન શકીએ. ઈશ્વરે આપણને માટીમાંથી બનાવ્યા છે. આ દેહ પણ તેણે જ આપ્યો છે અને શરીરની અંદર જે આત્મા પણ તેણે જ આપ્યો છે. બધું જ ઈશ્વરનું છે. તેને આપણે શું આપી શકીએ? આપણે તેના બનાવેલા માનવીની સેવા કરીએ, મદદ કરીએ તો ઈશ્વર રાજી થાય. ઈશ્વરની ભક્તિની આ જ સાચી રીત છે.' જન જનની સેવા કરો. ભૂખ્યાંને અન્ન આપો. રડતાંનાં આંસુ લૂછો છો અને તેના મુખ પર સ્મિત પ્રગટાવો. આ જ ભક્તિની રીત છે.

# પ્રભુ ભકિતની સૌથી શ્રેષ્ઠ રીત એટલે નિસ્વાર્થ સેવા

નવધા ભકિતમાં ઈશ્વરની ભક્તિ કરવાની જુદી જુદી રીત જણાવવામાં આવી છે. નવ પ્રકારની જુદી જુદી રીત તેમાં વર્ણવવામાં આવી છે. એક દિવસ પંડિતો સાધુઓ સંતોમાં કઈ ભક્તિની રીત ચઢે, તે બાબતે ઘણો વાદવિવાદ થયો. ક્રિયાકાંડવાદી પંડિતે કહ્યું, 'યજ્ઞ સૌથી પવિત્ર ભક્તિની રીત છે. યજ્ઞના પાવન અગ્નિમાં અર્પણ કરવામાં આવેલ સામગ્રી ઈશ્વરનાં ચરણોમાં પહોંચે છે.' પ્રસિદ્ધ કથાકાર બોલ્યા, ' સત્સંગ કથા શ્રવણ ભક્તિની સૌથી સારી અને સહેલી રીત છે. એક સાથે અનેક લોકો સત્સંગનો લાભ લઈ ઈશ્વરની નજીક પહોંચે છે.' હિમાલયમાં ધ્યાન તપમાં મગન સાધુ બોલ્યા, ' ભક્તિની સાચી રીત તો સંસારનો, દુન્યવી વસ્તુઓનો ત્યાગ કરી સતત ધ્યાન તપ કરવું છે, તો જ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.'

વાદવિવાદ તો વધતો જ ગયો. સંસારી અને સામાન્ય લોકો સુધી આ વિવાદ ફેલાયો. ગૃહિણી કહે, 'ઘરકામ કરતાં કરતાં જે નામસ્મરણ કરી શકાય, મારા માટે તો એ જ સાચી ભક્તિ છે.' મોટા મોટા દાન કરનારા શેઠ સાહેબ બોલ્યા, ' દેવસ્થાનો અને મંદિરો બંધાવવાં એ જ ભક્તિની સાચી રીત છે.ઈશ્વર માટે સ્થાનક બંધાવવાથી મોટી કઈ વાત હોઈ શકે.' વળી પાછું કોક સામાન્ય જન બોલ્યું, ' રોજ મંદિરે જવું પગપાળા જવું એ જ સાચી ભક્તિ છે.' મંદિરના પૂજારી બોલ્યા, ' મંદિરમાં ઈશ્વરની મૂર્તિની પૂજા અર્ચના કરવી, ભગવાનને શણગાર સેવા આરતી ભોગ કરવાં એ જ ભક્તિની સાચી રીત છે.'

હવે આ વાત એટલી વધી કે દરેકની વાત પોતપોતાની રીતે સાચી હતી. કોઈ ખોટું ન હતું. ત્યાં આકાશવાણી થઈ કે એક મસ્જિદની બહાર ઓલિયો ફકીર, રોજ ગરીબ લોકોને ખાવાનું ખવડાવવા આવે છે. તે ભક્તિની સાચી રીત જાણે છે. તેને જઈને પૂછો કે 'ભક્તિની સાચી રીત કઈ? શું આપવાથી અને શું કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે.' બધા પેલા ફકીર ઓલિયા પાસે દોડી ગયા અને પ્રશ્ન પૂછ્યો કે 'ભક્તિ કરવાની સાચી રીત કઈ? ઈશ્વરને શું આપીએ તો ઈશ્વર મેળવી શકાય.'

ફકીરે બહુ જ સરસ જવાબ આપ્યો, 'આપણે ઈશ્વરને કંઈ આપી ન શકીએ. ઈશ્વરે આપણને માટીમાંથી બનાવ્યા છે. આ દેહ પણ તેણે જ આપ્યો છે અને શરીરની અંદર જે આત્મા પણ તેણે જ આપ્યો છે. બધું જ ઈશ્વરનું છે. તેને આપણે શું આપી શકીએ? આપણે તેના બનાવેલા માનવીની સેવા કરીએ, મદદ કરીએ તો ઈશ્વર રાજી થાય. ઈશ્વરની ભક્તિની આ જ સાચી રીત છે.' જન જનની સેવા કરો. ભૂખ્યાંને અન્ન આપો. રડતાંનાં આંસુ લૂછો છો અને તેના મુખ પર સ્મિત પ્રગટાવો. આ જ ભક્તિની રીત છે.

બે કરોડથી ૨૦૦ કરોડ સુધી ટર્નઓવર પહોંચતા સફળતાની ઉજવણી

# અમદાવાદની જવેલરી કંપનીને ચમકાવતા કર્મીઓનું સન્માન

## ૧૨ કર્મચારીઓને માલિક દ્વારા XUV ૭૦૦, ટોયોટા ઈનોવા, હ્યુન્ડાઈ I10, એક્સેન્ટ, અર્ટિગા, બ્રેઝા કાર ભેટમાં આપી

**સમય મિરર | ગાંધીનગર**

અમદાવાદની એક જવેલર્સ કંપની પોતાના કર્મચારીઓ પર ઉદારતા દાખવતા ચર્ચામાં આવી છે. અમદાવાદની આ જવેલર્સ કંપનીએ પોતાના ટર્નઓવરનો ટાર્ગેટ હાંસલ કરતા તેની ઉજવણી કરી હતી અને પોતાના ૧૨ કર્મચારીઓને લક્ઝરી કાર પુરસ્કાર રૂપે આપી હતી.



ગુજરાતના ખેડા જિલ્લાના મહેમદાવાદ નજીક એક કાર્યક્રમનું આયોજન કરીને, પ્રખ્યાત ઝવેરી કૈલાશ કાબરાએ તેમની કંપની કાબરા જ્વેલ્સના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા ૧૨ વરિષ્ઠ ટીમ સભ્યોને નવી કાર ભેટમાં આપી. ૨૦૦ કરોડ રૂપિયાના ટર્નઓવર હાંસલ કરવાની ઉજવણીના ભાગ રૂપે કંપની આ એવોર્ડ પહેલી વાર આપી રહી છે. કાબરા જ્વેલ્સ લિમિટેડ અમદાવાદમાં 'કેકે જ્વેલ્સ' બ્રાન્ડ હેઠળ જ્વેલરી શોરૂમ ચલાવે છે. 'કેકે જ્વેલ્સ'ના માલિક કૈલાશ કાબરાએ ૨૦૦૬માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે જ્વેલરી ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. પોતાની કંપનીના સારા નફામાંથી પોતાના માટે લક્ઝરી કાર ખરીદવાને બદલે, તેમણે નફો પોતાની ટીમ સાથે પુરસ્કાર તરીકે વહેંચવાનું નક્કી કર્યું.

કૈલાશ કાબરાએ કહ્યું, અમે ફક્ત ૧૨ સભ્યોથી શરૂઆત કરી હતી અને ૨ કરોડ રૂપિયાનું ટર્નઓવર હતું. આજે અમારી પાસે ૧૪૦ ટીમ સભ્યો છે અને અમે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૦૦ કરોડ રૂપિયાના વેચાણનો આંકડો પાર કરી દીધો છે. ટીમના અથાક પ્રયત્નો વિના આ સિદ્ધિ શક્ય ન હોત. મારા માટે લક્ઝરી કાર ખરીદવાને બદલે, હું ટીમના સભ્યોની પ્રશંસા કરવા માંગુ છું જેમણે આ સફરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી અને શરૂઆતથી જ કાબરા જ્વેલ્સ પરિવારનો ભાગ રહ્યા. તેમણે વધુમાં ઉમેર્યું, મારા પિતા, કાકા અને દાદા મારા ગુરુ છે. મારા વ્યવસાય ગુરુ ગણપતજી ચૌધરીએ મને 'કમાવો અને પાછું મેળવો'નું મહત્વ શીખવ્યું. મને તેમના ઉપદેશોનું પાલન કરવાનો ગર્વ છે.

કૈલાશ કાબરાએ ૨૦૦૬ થી તેમની સાથે સંકળાયેલા ૧૨ ટીમ સભ્યોને મહિન્દ્રા XUV ૭૦૦, ટોયોટા ઈનોવા, હ્યુન્ડાઈ i10, હ્યુન્ડાઈ એક્સેન્ટ, મારુતિ સુઝુકી એર્ટિગા અને મારુતિ સુઝુકી બ્રેઝા જેવી કાર ભેટમાં આપી છે. આ પહેલ સુરત સ્થિત હીરા વેપારી સવજી ધોળકિયાથી પ્રેરિત છે, જેઓ દિવાળી બોનસ તરીકે તેમના કર્મચારીઓને કાર અને મોટરસાયકલ જેવી મોટી ભેટો આપવા માટે જાણીતા છે.

સુરતમાં ભાડાની ઓફિસમાં ત્રણ મહિનાથી ચાલતું કૌભાંડ

# ધારાસભ્ય કુમાર કાનાણીના સહી-સિક્કા કરી આધાર-પાનકાર્ડ બનાવવાનું રેકેટ પકડાયું

## ઓડિશાના શખ્સની ધરપકડ : સહી-સિક્કા, આધારકાર્ડ, પ્રિન્ટર, કોમ્પ્યુટર, ફોર્મ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો



**સમય મિરર | સુરત**

ગુજરાતમાં નકલીનો રાફડો ફાટ્યો છે સુરતમાંથી હવે વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીના ખોટા સહિ-સિક્કા બનાવી આધારકાર્ડ અને પાનકાર્ડ બનાવી આપવાનું કારસ્તાન ઝડપાયું છે. કાપોદ્રા પોલીસે એક શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

(૧ એપ્રિલ) સર્વેલન્સ સ્ટાફના પોલીસકર્મીઓ કાપોદ્રા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી મળી હતી કે, દીપક પટનાયક નામનો શખસ આધારકાર્ડ-પાનકાર્ડ જેવા સરકારી ડોક્યુમેન્ટ બનાવી અને નામ-સરનામાની વિગતો ચેન્જ કરવા માટેના ફોર્મમાં ધારાસભ્યો તથા અન્ય હોદ્દેદારોના ખોટા સહી-સિક્કાઓ બનાવી, ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ તેમની જાણ બહાર ખોટા સિક્કાઓનો સરકારી ફોર્મમાં ખરા તરીકે ઉપયોગ કરી સરકારી સાઇટો ઉપર અપલોડ કરે છે.

કાપોદ્રા પોલીસે બાતમી આધારે એક ઓપરેશન હાથ ધરી કાપોદ્રા સૌરાષ્ટ્ર સર્કલ ખાતેથી દીપક કવિરાજભાઇ પટનાયક (ઉ.વ.૨૬ ધંધો-અભ્યાસ અને કન્સલ્ટન્સી, રહે. H/3, 227, B-11, EWS આવાસ, કોસાડ, અમરોલી)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ધારાસભ્યના નામના સહી-સિક્કા, આધારકાર્ડ, પ્રિન્ટર, કોમ્પ્યુટર, આધારકાર્ડ બનાવવા માટેના ભરેલાં ફોર્મ અને કોરાં ફોર્મ સહિતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

આરોપી દીપક કવિરાજભાઇ પટનાયકે તેના વતન ઓડિશા સંબલપુર ખાતે એક અજાણ્યા શખસ પાસેથી વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીના નામના નકલી સિક્કાઓ બનાવડાવ્યા હતા. સુરતમાં કાપોદ્રા સૌરાષ્ટ્ર સર્કલ પાસે આવેલ ક્ષમા સોસાયટી ગેટ નં.૪ સામે આવેલા શનિદેવ મહારાજની બાજુમાં આવેલ ઓફિસ ભાડે રાખી હતી.

### રૂા. ૨૦૦ લઈ કામગીરી કરતો હતો

છેલ્લા સાડા ત્રણેક માસથી તેની પાસે આધારકાર્ડ તથા પાનકાર્ડમાં નામ-સરનામું સુધારો કરાવવા માટે આવતા ગ્રાહકો પાસે ફોર્મ દીઠ ૨૦૦ રૂપિયા ફી લઇને ગ્રાહકો પાસે રહેઠાણના પુરાવા ન હોય તો, આધારકાર્ડ-પાનકાર્ડના સરકારી ફોર્મમાં ગ્રાહકોની જાણ બહાર સિક્કાઓ મારી પોતાની ઓફિસમાં રહેલ કોમ્પ્યુટર મારફતે આ બનાવટી ફોર્મને સરકારી સાઇટ ઉપર ખરા તરીકે અપલોડ કરી પોતાના આર્થિક ફાયદા માટે પૈસા લઇ ખોટા બનાવટી આધારકાર્ડ-પાનકાર્ડ કાઢી આપવાનું કામ કરતો હતો.

### ધારાસભ્યના આધારકાર્ડની કોપી મળી

ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે, એક ટીમ બનાવીને ઓપરેશન પાંચ કલાકમાં ક્રેક કરવામાં આવ્યું હતું. આરોપી ઇન્દિરા ગાંધી યુનિવર્સિટીમાં એમબીએનો અભ્યાસ કરી રહ્યો છે. તેની પાસેથી ૨૦થી વધુ ભરેલાં ફોર્મ, જેમાં સહી-સિક્કા કરેલા છે. આ સાથે ૨૫થી વધુ કોરાં ફોર્મ પણ મળ્યાં છે. ધારાસભ્ય કુમાર કાનાણીના આધારકાર્ડની ઝેરોક્સ પણ મળી આવી છે. આરોપી અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# સુરતમાં ડિઝિટલ એરેસ્ટ બનાવી નિવૃત્ત બેંક મેનેજર પાસેથી એક કરોડ પડાવ્યા

## મની લોન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપિયા ખંખેર્યા

**સમય મિરર | સુરત**

સુરતમાં ડિજિટલ એરેસ્ટની વધુ એક ઘટના બની છે જેમાં વૃદ્ધ પાસેથી એક કરોડ ખંખેરી લેવામાં આવ્યા છે,મની લોન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી અને ટુકડે ટુકડે એક કરોડ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે.નિવૃત્ત બેન્ક મેનેજર પાસેથી ૧ કરોડ પડાવી લેવાતા સાયબર ક્રાઈમે ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.

સુરતમાં સૌથી વધુ વૃદ્ધો ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા છે જેમાં સુરત સાયબર ક્રાઈમમાં નોંધાઈ પોલીસ ફરિયાદ,વૃદ્ધને ૬.૮૯ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની ધમકી આપી રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે,વૃદ્ધને ફોન આવ્યો અને વૃદ્ધે રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા તો સમગ્ર ઘટનામાં વૃદ્ધને પછીથી ખબર પડી કે તેઓને મની લોન્ડરિંગના નામે રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે,આ સમગ્ર કેસમાં પોલીસે વધુ તપાસ હાથધરી છે.

ઓનલાઈન છેતરપિંડીના કિસ્સા વધ્યા છે,એમા પણ ડિજિટલ ધરપકડના કિસ્સાઓમાં વધારો થયો છે.સાયબર છેતરપિંડી કરનાર વ્યક્તિ તમને ધરપકડનો ડર બતાવે છે. આમાં તેઓ તમને ઘરમાં કેદ રાખે છે. આવી સ્થિતિમાં, વીડિયો કોલ દરમિયાન, છેતરપિંડી કરનાર તેની પૃષ્ઠભૂમિને




પોલીસ સ્ટેશનની જેમ બનાવે છે, આ જોઈને પીડિત ડરી જાય છે અને ડરના કારણે તે તેની વાતોથી પ્રભાવિત થઈ જાય છે.છેતરપિંડી કરનારાઓ જામીન માંગીને તમારી સાથે છેતરપિંડી કરવાનું શરૂ કરે છે. છેતરપિંડી કરનાર પીડિતાને વિડિયો કોલ છોડવા કે કોઈનો સંપર્ક કરવા દેતો નથી. પીડિતાને તેના જ ઘરમાં ધરપકડ કરવામાં આવે છે, પીડિતાને એવું કહીને ડરાવવામાં આવે છે કે તેના આધાર કાર્ડ, સિમ કાર્ડ, બેંક એકાઉન્ટનો ઉપયોગ કોઈ ગેરકાયદેસર કામ માટે કરવામાં આવ્યો છે. આ બધું થાય પછી તમને ડરાવવાની 'ગેમ' શરૂ થાય છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા તારીખમાં ફેરફાર કરાયો

# ધો-૯ અને ધો-૧૧ની વાર્ષિક પરીક્ષા તા. ૨૧ એપ્રિલથી લેવાશે

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાત શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ધો. ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ ૭ એપ્રિલથી શરૂ થઈ રહી છે. ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષામાં ફેરફાર કરાયો છે. જે મુજબ ૧૨ એપ્રિલે લેવાનારી પરીક્ષા હવે ૨૧ એપ્રિલે લેવાશે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો છે. જે મુજબ જે પરીક્ષા ૧૨ એપ્રિલે લેવાની હતી તે હવે ૨૧ એપ્રિલે લેવામાં આવશે. રાજ્યભરના તમામ જિલ્લાના કુલ મળીને ૨૫૫૩ કેન્દ્રોમાં બપોરના ૧૨ થી ૨:૩૦ દરમિયાન લેવામા આવશે. આ કેન્દ્રો સ્કૂલોમાં જ રાખવામાં આવે છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરીને ધો.૯



અને ૧૧ની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર બાબતે જાણ કરવામા આવી છે. જે મુજબ શાળાકીય પરીક્ષાનો વિષયવાર કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળા વિકાસ સંકુલ દ્વારા અથવા સ્કૂલ કક્ષાએ નિયત કરવામા આવે છે. જેથી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં પરીક્ષાને લઈને એકસૂત્રતતા જળવાય તે માટે ધો.૯ અને ૧૧ની ૧૨ એપ્રિલની શાળાકીય વાર્ષિક પરીક્ષા ૨૧ એપ્રિલના રોજ લેવાની રહેશે. ધો.૯ અને ૧૧માં અંદાજે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રાજ્યની સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં છે.

# રાજયમાં ૧૬,૦૪૫ આંગણવાડીની ઘટ : લાખો બાળકોની પ્રવેશ પ્રક્રિયા પર પડેલી ગંભીર અસર

## ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર પાસે માત્ર ૧૯૮ આંગણવાડીની માંગ કરાઈ

**સમય મિરર | ગાંધીનગર**

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા-સ્તનપાન કરાવતી માતાઓ તથા ૧૧-૧૮ વર્ષની વય સુધીની કિશોરીઓના આરોગ્ય પોષણ અને તેમના શિક્ષણમાં સુધારો લાવવા માટે રાજ્યોમાં સંકલિત બાળ વિકાસ સેવાઓ-યોજનાઓ હેઠળ આંગણવાડી કેન્દ્રોનું નેટવર્ક તૈયાર કરાવડાવ્યું છે અને આ માટે સરકાર, વસતિના માપદંડ મુજબ આંગણવાડી કેન્દ્રોની ફાળવણી પણ કરે છે.

ગુજરાતમાં માર્ચ-૨૦૨૩ની વસતિના માપદંડ મુજબ, ૬૯,૦૭૪ જેટલા આંગણવાડી કેન્દ્રો હોવા જોઈએ પણ તેના સ્થાને ગુજરાતમાં ૫૩,૦૨૯ જેટલા જ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે અર્થાત રાજ્યમાં ૧૬,૦૪૫ જેટલા આંગણવાડી કેન્દ્રોની ઘટ પ્રવર્તી રહી છે. આ સંદર્ભે ભારત સરકારે ગુજરાત સરકારનું ધ્યાન પણ દોર્યું હતું પરંતુ રાજ્યમાં 'સબ સલામત હૈ'ના સૂર સાથે કામ કરતી રાજ્ય સરકારે રાજ્યમાં વસતિના માપદંડ મુજબના આંગણવાડી કેન્દ્રોની સ્થાપનામાં રસ જ નથી. કેગના અહેવાલમાં એ બાબત ઉજાગર થઈ છે કે, ગુજરાત સરકારે રાજ્યમાં ૧૬,૦૪૫ આંગણવાડી કેન્દ્રોની પ્રવર્તમાન ઘટની સામે ભારત સરકાર પાસે માત્ર ૧૯૮ આંગણવાડી કેન્દ્રોની જ માગણી કરી હતી. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલે (કેગ) તેના અહેવાલમાં નોંધ્યું છે કે, ભારત સરકારના મંત્રાલયે ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગને આ અંગે ધ્યાન દોર્યું ત્યારે ગુજરાત સરકારે રાજ્યના માત્ર ૧૧ જિલ્લામાં ૧૯૮ આંગણવાડી કેન્દ્રોની જરૂરિયાત હોવાનું દર્શાવ્યું હતું. આ બાબતે કેગના ઓડિટરે ગુજરાત સરકારને પૃચ્છા કરતાં તેમને જાણ થઈ હતી કે, ગુજરાત સરકારે આ યોજનામાં ભાગ લેવા માટે આવશ્યક એવા વસતિના ડેટા જ જાળવ્યા ન હતા. જોકે, ગુજરાત સરકારે વાસ્તવમાં રાજ્યમાં ૧૬૦૪૫ આંગણવાડીઓની ઘટ સામે માત્ર ૧૯૮ આંગણવાડી કેન્દ્રો કેમ માગ્યા તેનું કોઈ કારણ જ આપ્યું ન હતું. એવી જ રીતે, ૨૦૧૫-૧૬થી ૨૦૨૨-૨૩ના વર્ષો દરમિયાન રાજ્યમાં શૂન્યથી ૬ વર્ષની વય સુધીના નોંધાયેલા ૭૭.૭૭ લાખ બાળકોની સામે માત્ર ૪૦.૩૪ લાખ બાળકોની જ સંખ્યા દર્શાવી હતી. છેવટે રાજ્ય સરકારે સ્વીકાર્યું હતું કે, હવેથી તેઓ આ યોજનાનો લાભ લેવા ન માગતા હોય તેમનો પણ ડેટા જાળવશે.

એવી જ રીતે કેગે નોંધ્યું છે કે, (૧) ૬ મહિનાથી ૬ વર્ષ સુધીના બાળકો માટે રોજ ૫૦૦ કિલો-કેલેરી અને ૧૨-૧૫ ગ્રામ પોર્ટીન (૨) કુપોષિત બાળકો માટે દરરોજ ૮૦૦ કિલો-કેલેરી અને ૨૦૨૫ ગ્રામ પ્રોટીન અને (૩) સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ-કિશોરીઓને દરરોજ ૬૦૦ કિલો-કેલેરી અને ૧૮-૨૦ ગ્રામ પ્રોટીન પૂરા પાડવાની યોજના અમલમાં છે. હવે આ યોજનામાં ધુપ્પલ એવું ચલાવાયું છે કે, ૨૦૧૫થી ૨૦૨૩ સુધીના સમયગાળા દરમિયાન આ યોજના હેઠળ નોંધાયેલા ૪.૬૩ કરોડ લાભાર્થીઓમાંથી માંડ ૩.૯૯ કરોડ લાભાર્થીઓને જ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો અને નોંધાયેલા કુલ લાભાર્થીઓમાંથી ૧૪ ટકા એટલે કે ૬૪ લાખ લાભાર્થીઓને યોજનાના લાભથી વંચિત રખાયા હતા.

ધાર્મિક લાગણીઓના નામે આજીવિકાના અધિકાર પર તરાપ : તુષાર પરીખ

# નવરાત્રિમાં નોનવેજની દુકાનો બંધ રાખવાના પરિપત્રનો આપના કોર્પોરેટર દ્વારા વિરોધ

**સમય મિરર | ગાંધીનગર**

રાજ્યમાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. આ પવિત્ર દિવસોમાં હિન્દુ ધર્મના લોકો દ્વારા ઉપવાસ કરવામાં આવતો હોય છે અને આ મહિનાને પવિત્ર માનવામાં આવે છે. ત્યારે ચૈત્ર મહિનામાં પશુ હત્યા ન થાય અને ધાર્મિક લાગણી ન દુભાય તે માટે થઈને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નોનવેજની દુકાનો તેમજ ઈંડાની લારીઓ બંધ રાખવા માટેનો પરિપત્ર કરવામાં આવ્યો છે. આ પરિપત્રનો ગાંધીનગર મનપાના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર દ્વારા કરવામાં આવ્યો છે. અને ભારતીય બંધારણમાં આપેલા સ્વતંત્રતાના અધિકારનું અનંત થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગરના આમ આદમી પાર્ટી (AAP)ના કોર્પોરેટર તુષાર પરીખે આ આદેશનો સખત વિરોધ કર્યો છે. તેમણે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને પત્ર લખીને આ નિર્ણયને




ગેરબંધારણીય ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે, ધાર્મિક લાગણીઓના નામે વ્યક્તિગત સ્વતંત્રતા અને આજીવિકાના અધિકારો પર પ્રતિબંધ લાદવો બંધારણના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. તેમણે એમ પણ ઉમેર્યું કે, જો આ આદેશ પાછો નહીં ખેંચાય તો તેઓ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે અને જરૂર પડે તો ધરણા-પ્રદર્શન જેવા પગલાં લેશે.

તુષાર પરીખે એ પણ નોંધ્યું કે, આ સમયગાળા દરમિયાન ઈદ જેવા અન્ય ધર્મોના તહેવારોનો પણ તંત્ર દ્વારા ખ્યાલ રાખવામાં આવ્યો નથી, જે ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતને વધુ નબળો પાડે છે. તેમના મતે, એક ધર્મની લાગણીઓને પ્રાધાન્ય આપીને બીજા વર્ગના અધિકારોનું હનન કરવું યોગ્ય નથી.

ભારતીય બંધારણની કલમ ૨૫ દરેક નાગરિકને ધર્મની સ્વતંત્રતા આપે છે, પરંતુ તે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્યના હિતમાં મર્યાદાઓને આધીન છે. તંત્રના આ આદેશને ધાર્મિક લાગણીઓના સન્માનના નામે યોગ્ય ગણાવી શકાય, પરંતુ તેની સામે વ્યક્તિગત સ્વતંત્રતા અને આજીવિકાના અધિકારોનું ઉલ્લંઘન થતું હોવાનો મુદ્દો પણ નજરઅંદાજ ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે અગાઉના ચુકાદાઓમાં સ્પષ્ટ કર્યું છે કે, ધાર્મિક લાગણીઓનું સન્માન કરવું જરૂરી છે, પરંતુ તેના નામે બીજા નાગરિકોના મૂળભૂત અધિકારો પર આંચ ન આવવી જોઈએ.

# સુરતના વિવાદિત ડાયમંડ બુર્સના CEO મહેશ ગઢવીએ આપ્યું રાજીનામું

## બાંધકામના મનગમતા વ્યવસાયમાં પરત ફરવાનું કારણ આપ્યું : સન્નાટો

**સમય મિરર | સુરત**

સુરત ડાયમંડ બુર્સ (SDB)ની સ્થાપના સાથે CEO તરીકે જોડાયેલા મહેશ ગઢવીએ અચાનક CEO તરીકે રાજીનામું આપી દીધું હતું. સુરત ડાયમંડ બુર્સ કમિટીના વાઇસ પ્રેસિડેન્ટ અને પ્રવક્તા લાલજીભાઈ ટી પટેલે જણાવ્યું હતું કે, મહેશભાઈ ગઢવી કિરણ હોસ્પિટલનાં પ્રોજેક્ટમાં જોડાયા હતા, તેમની સારી કામગીરીને ધ્યાને લઈને અમે સુરત ડાયમંડ બુર્સમાં CEO તરીકે નિયુક્ત કર્યા હતાં, તેઓ બાંધકામ ઉદ્યોગના એક્સપર્ટ હોવાથી છેલ્લા એક વર્ષથી તેઓ અમને પોતાના મનગમતા વ્યવસાયમાં પરત જવા જણાવી રહ્યાં હતાં.

અમને વિનંતીસહ સ્વેચ્છાએ રાજીનામું આપી મંજૂર કરવાનો આગ્રહ સેવ્યો હતો એટલે અમે તેને માન્ય રાખ્યુ છે. તેઓ જે ક્ષેત્રમાં નિપુણ છે, એ ક્ષેત્રમાં સારું કામ કરી શકે એ માટે તેમણે માનભેર વિદાય લેવાનું નક્કી કર્યું હતું. જોકે આ મામલે SDB નાં CEO મહેશ ગઢવીનો સંપર્ક કરતા તેઓ પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ રહ્યાં નથી.

સુરત ડાયમંડ બુર્સના CEO મહેશ ગઢવીએ રાજીનામું



આપ્યું છે. બુર્સના બેંકોની શાખાઓ, અમુલ ડેરીની ઈન્ટરનેશનલ ચેઇનનું આઇસક્રીમ પાર્લર અને ફૂડ કોર્ટ, સુમુલ ડેરીનું માસ્ટર શેફ રેસ્ટોરન્ટ બંધ થઈ ચૂક્યું છે. જૂજ ઓફિસ ચાલી રહી હોવાથી બુર્સનો મેઇન્ટેનન્સ ખર્ચ વધ્યો હતો. ઓફિસ ધારકો જોઈએ એવો હીરાનો વેપાર થતો ન હોવાથી નિયમિત મેઇન્ટેનન્સ ભરી રહ્યા નથી. એ જોતાં આવક ઘટતા ગઢવીએ પરિસ્થિતિને ધ્યાને રાખી પોતાના મનગમતા વ્યવસાયમાં પરત ફરવા રાજીનામું આપ્યું છે.

સરકાર દ્વારા અલગથી ફંડની પણ વ્યવસ્થા

# સામાજિક-આર્થિક વિકાસમાં સરકારી સંસ્થાઓની વિશેષ ભૂમિકા

**સમય મિરર | ગાંધીનગર**

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વર્ષ ૨૦૨૫ને ''આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં સામાજિક-આર્થિક વિકાસમાં સહકારી સંસ્થાઓના યોગદાનને પ્રકાશિત કરવા માટે તમામ સભ્ય દેશો, સંયુક્ત રાષ્ટ્રો અને સંબંધિત હિતધારકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

સહકારી સંસ્થાઓની ''૨૦૩૦ એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ''ને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકાને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વીકારવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ યુ.એન. સમર્થિત પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને પર્યાવરણીય સ્થિરતામાં સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો છે. આ ઉપરાંત સામૂહિક જવાબદારી, લોકશાહી નિર્ણય પ્રક્રિયા અને સમુદાયિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ગરીબી, અસમાનતા અને જળવાયુ પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોને સંબોધવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સહકારી મોડલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સીલની મળેલ બેઠકમાં પણ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. જે અંતર્ગત જુદા-જુદા કાર્યક્રમો યોજવા માટે રાજ્ય સરકાર પાસે પ્રાયોજીત ભંડોળ ઉપલબ્ધ છે તેમજ અલગથી ફંડ પણ ફાળવવામાં આવ્યું છે.

# અમદાવાદ જિલ્લામાં માર્ચ મહિનામાં જ ૨૬૭ શખ્સો વિરુદ્ધ પાસાની કાર્યવાહી

## ભૂજમાં ૪૦, રાજકોટમાં 30, સુરતમાં ૪૫,વડોદરા જેલમાં ૩૫ને ધકેલાયા

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરે પાસાને લઈ મોટી કાર્યવાહી કરી છે,જેમાં શહેરમાં શાંતિ સ્થાપવા અમદાવાદ શહેર પોલીસ કડક બની છે,જેમાં એક મહિનામાં ૠઈએ ૧૫૦ અસામાજિક તત્વો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી,છે જેમાં ભુજ જેલમાં ૪૦, રાજકોટ જેલમાં ૩૦, સુરત જેલમાં ૪૫ તેમજ વડોદરા જેલમાં ૩૫ ઈસમોને પાસા હેઠળ ધકેલાયા છે તો ૩૩ ઈસમો વિરૂદ્ધ તડીપારના હુકમ કરવામાં આવ્યા છે,માર્ચ ૨૦૨૫ સુધીમાં કુલ ૨૬૭ જેટલા ઈસમો વિરુધ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરાઈ છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક નાઓ દ્વારા શહેરમાં ગુનાખોરી અને ગુનેગારો પર લગામ કસવા સારુ અસામાજીક તથા ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઈસમો વિરુધ્ધ અટકાયતી પગલાઓનો અસરકારક અને દાખલારુપ ઉપયોગ થાય તે અંગે શહેરના તમામ સુપરવાઈઝરી અધિકારીઓ તેમજ થાણા અધિકારીઓને સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવેલી જે સુચનાઓની અમલવારી કરાવવા અર્થે અમદાવાદ શહેર ગુના નિવારણ શાખા(પી. સી.બી.) દ્વારા શહેરના થાણા અધિકારીઓ સાથે સતત સંકલનમાં રહી આવી ગુનાહિત પ્રવૃતિ કરતા ઈસમોની પાસા-તડીપાર અંગેની દરખાસ્તો મંગાવવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલી અને પોલીસ કમિશનર સમક્ષ આ તમામ દરખાસ્તોને તેના ગુણદોષ આધારે સાદર કરવામાં આવેલી.

અસામાજીક તત્વો વિરુધ્ધની આ મુહિમના કારણે ફકત એક જ માસમાં એટલે કે ફકત માર્ચ મહિનામાંજ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી દ્વારા શહેરના કુલ ૧૫૦ અસામાજીક તત્વોને પાસા હેઠળ રાજયની ભુજ જેલ ખાતે-૪૦, રાજકોટ જેલ ખાતે-૩૦, સુરત જેલ ખાતે-૪૫ તેમજ વડોદરા જેલ ખાતે-૩૫ ઈસમોને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે અને કુલ ૩૩ ઈસમો વિરુધ્ધમાં તડીપારની કાર્યવાહી કરવા હુકમો કરવામાં આવ્યા છે. વધુમાં, ચાલુવર્ષ ૨૦૨૫ માં માર્ચ મહિના સુધીમાં કુલ ૨૬૭ જેટલા ઈસમો વિરુધ્ધ પાસા હેઠળ તેમજ કુલ ૪૦ ઈસમો વિરુધ્ધ તડીપારની કાર્યવાહીના આદેશો કરવામાં આવેલા છે.

# ડમી એકાઉન્ટ બનાવી મહિલાઓને પ્રેમજાળમાં ફસાવનાર શખ્સની ધરપકડ

## જેતપુર યુવકનું ફેક એકાઉન્ટ બનાવી મહિલાઓનો સંપર્ક કરતો, પોલીસ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ મુજબનો ગુનો દાખલ કર્યો

**સમય મિરર | જેતપુર**

જેતપુરમાં થોડા દિવસ પહેલા સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાય હતી જેમાં ઈન્સ્ટા આઈડી પરથી મેસેજ કેમ કરે છે તે બાબતે યુવકને રાજકોટના શખ્સો દ્વારા માર મારવામાં આવ્યો તો પરંતુ.તેમાં પોલીસ દ્વારા તપાસ કરતા અન્ય એક શખ્સ ઈન્સ્ટાગ્રામ ફેંક એકાઉન્ટ બનાવી મેસેજ કરતો હતો અને અનેક મહિલાઓ સાથે વાત કરી હોવાનું ફલિત થતા પોલીસે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એનાલિસિસ કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ જેતપુરમા રહેતા અંકિત જીતેન્દ્રભાઈ રાદડિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.૨૩,૨ ના રોજ તેઓને ભુપતભાઈ ભુવા જેતપુર વાળાનો ફોન આવેલ અને જણાવ્યું હતું કે તારી ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી હાર્દિકભાઈ ગોંડલીયા રહે. રાજકોટ વાળાની પત્નીને મેસેજ કરેલ છે.અને તેમને વાત કરવી છે.જે બાદ ભુપતભાઈ,હાર્દિકભાઈ તેમજ અન્ય ઈસમોએ ફરિયાદી યુવકને જેતપુર સરદાર ચોક ખાતે બોલાવી અને ઈન્સ્ટાગ્રામ પર કેમ મેસેજ કરી અને માર મારવામાં આવે થી જેતપુર સીટી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.પરતુ ફરિયાદી યુવકે કોઈપણ પ્રકારના મેસેજ કરેલા ના હોય અને આરોપીની ધરપકડ કર્યા બાદ જાણવા મળેલ કે ફરિયાદીનું ઈન્સ્ટાગ્રામ



કોઈ ગઠીયાએ ઊભા નથી રહેતાં ફરિયાદીના ઈન્સ્ટા એકાઉન્ટ જેવું જ નામ રાખી નકલી આઈડી બનાવનાર વ્યક્તિએ હાર્દિકભાઈ ગોંડલીયા ની પત્નીને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરેલ જેથી આ વાતનો ખાર રાખીને આરોપીઓએ ફરિયાદી એ જ મેસેજ કરેલ છે તેવું માની અને ફરિયાદી ને માર માર્યો

સમગ્ર ઘટનાએ નવો વળાંક લેતા જેતપુર પોલીસે સાયબર કાઈમ પોલીસ સ્ટેશન અધિકારીના મદદ થી ડમી એકાઉન્ટ ધારકની ઈન્સ્ટાગ્રામના સર્વર પરથી માહિતી માગવામાં આવેલ ત્યારબાદ ડમી ઈન્સ્ટાગ્રામ બનાવનારની માહિતી મળતા પોલીસે યુવકને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં જેમાં ગઢડા તાલુકાના અડતાળા ગામના રહેવાસી પરેશ બાબુભાઈ પરમાર હોવાનું જાણવા મળતા, પોલીસ દ્વારા અડતાળા ગામ ખાતે લોન રિકવરી એજન્ટ બનીને આરોપીના ઘરે જઈ આરોપી વિશે જાણકારી મેળવતા આરોપી હાજર ન મળી આવતા આખરે ૨૪ કલાક જેટલો સમય અડતાળા ગામમાં આરોપીના ઘર પર નજર રાખીને વિતાવેલ ત્યારબાદ રાત્રિના સમયે આરોપી ઘરે આવતા આરોપીને પકડી પાડવામાં આવેલ..

પોલીસ તપાસમાં જાણવા મળેલ કે આ ઈસમ છેલ્લા ચાર પાંચ મહિનાથી ફરિયાદીનું ઈન્સ્ટા ડમી એકાઉન્ટ ઉપયોગ કરતો અને તે ડમી એકાઉન્ટમાં ફોલોવર વધારવા માટે રૂપિયા ૨૦ આપીને ૧,૦૦૦ ફોલોવર્સ વધારતો તો જેથી એકાઉન્ટ ડમી ના લાગે તેમ જ આ સાઈબર ગઠીયાએ ફરિયાદીના ઓરીજનલ ઈન્સ્ટા એકાઉન્ટ પર સતત નજર રાખતો અને ટ્રાવેલિંગ, ઘર, ધંધો, પરિવારના સભ્યો ની બધી માહિતી એકઠી કરીને ફરિયાદી જે પોતાની અંગત ઈન્સ્ટા એકાઉન્ટમાં અપલોડ કરતો તો તેવું જ આ સાઈબર ગઠીયો ડમી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ અપડેટ રાખતો હતો. તેમજ આરોપીએ ફરિયાદીના હાથમાં રહેલ ટેટુ જેવું ટેટુ પોતાના હાથમાં બનાવડાવેલ. આરોપીને આવો આઈડિયા ઈન્સ્ટાગ્રામ પર રિલ જોઈને આવેલ અને આ બાબતે ગુગલ પર પણ સર્ચ કરીને શીખેલ.

આરોપી દ્વારા ડમી એકાઉન્ટમાં દરરોજ અઢળક મહિલાઓ અને છોકરીઓના ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરવામાં આવતા હતા અને જે એકાઉન્ટ પરથી રીપ્લાય મળે તે એકાઉન્ટ ભારત સાથે અંકિત પટેલ બનીને ચેક કરતો અને તેની વાતોથી પ્રેમ જાણવા ફસાવીને રૂપિયા પડાવવામાં આવતા. પોલીસને તપાસ દરમિયાન આરોપીના મોબાઈલ માંથી ઘણી બધી ચેક મળેલ પરંતુ મહિલાઓની પ્રાઈવેસી અને તેમની પ્રતિષ્ઠાને કોઈ હાની ન પહોંચતી હતી તેમનો સંપર્ક છે તે પોલીસ દ્વારા કરવામાં ન આવ્યો. આરોપીના મોબાઈલ ફોનમાં અમુક મહિલાઓ સાથેના વિડીયો કોલ દરમિયાન સ્કીન રેકોર્ડિંગ પણ મળી આવેલ જેમાં આરોપી માત્ર પોતાના હાથમાં રહેલ ટેટુ દેખાડતો અને ચહેરો છુપાવતો હતો. જેથી તેનો ભાંડો ન ફૂટે ઉપરાંત આ સહિતના આરોપીના મોબાઈલ માંથી અન્ય વ્યક્તિઓના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ના આઈડી મળી આવેલ જેની પોલીસ તપાસ હાલ ચાલુ છે તેમજ આરોપી નો મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે.મહિલાઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે.

---

### ખેડૂતો દ્વારા પ્રાંતને આવેદન પાઠવી રજૂઆત

# ઉના પંથકમાં આંબાના પાકનો સર્વે કરી વળતર આપવા માંગ



**સમય મિરર | ઉના**

ઉના તેમજ ગીર ગઢડા પંથકમાં વ્યાપક પ્રમાણમાં આંબા વાડી ધરાવતા ખેડૂતો ને ઓણ સાલ ખેડૂતો એ વ્યાપક પ્રમાણમાં ખર્ચે અને મહેનત કરેલ પરંતુ ખરાબ હવામાન ના લીધે કરી નો પાક નિષ્ફળ ગયેલ હોય જેના કારણે ખેડૂતો ની હાલત કફોડી બની ગયેલ છે ત્યારે આજ રોજ ઉના તાલુકા ના મોઠા,ગરાળ,સંજવાપુર, સીમર, સનખડા, સામતેર, ઉમેજ, કાણકબરડા, સહિત ના ખેડૂતો એ ઉના પ્રાંત અધિકારી ને આવેદનપત્ર પાઠવી પોતાની વેદના જણાવતા કહેલ કે આ વિસ્તારમાં મોટા પાયે આંબાવાડી ઓ ધરાવતા ખેડૂતો છે અને વર્ષ મા એકજ ફાલ આવતો હોય અને અહીં ના ખેડૂતો આ પાક પર નિર્ભર હોય અને વાતાવરણ ના લીધે કેરી નો પાક નિષ્ફળ ગયેલ હોય તેથી સરકાર ના બાગાયતી વિભાગ દ્વારા યોગ્ય સર્વે કરાવવામાં આવે ખેડૂતો ને વળતર ચૂકવવામાં આવે તેમજ કેશર કેરી ના પાક ને પાક વીમા કવચ મા આવરી લેવામાં આવે તો ખેડૂતો ને મોટી મુશ્કેલીનો સામનો કરવાનો ના પડે

---

### એલસીબીનો દરોડો, ભેળસેળના કૌભાંડનો પર્દાફાશ

# ઉનામાં કિરાણા સ્ટોરમાંથી નકલી ઘી અને માખણનો ૨૧૦ કિલો જથ્થો ઝડપાયો

**સમય મિરર | ઉના**

ગીર સોમનાથ જિલ્લા એલસીબી પોલીસે ઉના શહેરમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ઉનાની મેઈન બજારમાં આવેલી જય ગોપાલ કરિયાણા સ્ટોર પર દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન દુકાનમાંથી ૧૩૨ કિલો માખણ અને ૭૮ કિલો ઘીનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો.પોલીસે આ મામલે તાત્કાલિક ફૂડ એન્ડ ડ્રગ વિભાગને જાણ કરી હતી. વિભાગની ટીમે સ્થળ પર પહોંચી શંકાસ્પદ માલનાં સેમ્પલ લીધા હતા. ઘીનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે,જ્યારેમાખણનો જથ્થો નષ્ટ કરવામાં આવ્યો છે.

તપાસમાં એક ચોંકાવનારી વિગત સામે આવી છે કે, દુકાનના



માલિક મિલન મનસુખ ગોરખીયાનું ફૂડ એન્ડ ડ્રગ વિભાગનું લાયસન્સ ૯ વર્ષ પહેલા જ સમાપ્ત થઈ ગયું હતું. આમ છતાં તેઓ ગેરકાયદેસર રીતે વેપાર ચલાવી રહ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મિલન ગોરખીયા વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જિલ્લા ક્રાઈમ બ્રાન્ચની આ કાર્યવાહીથી ઉના વિસ્તારમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. આ ઘટના બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની નિષ્ક્રિયતા અંગે પણ સવાલો ઉઠ્યા છે.

ઉના ની મેઈન બજાર માં ખુલ્લેઆમ ઘી માખણ ભેળસેળયુક્ત વેચાણ ખુલ્લે આમ વર્ષો થી થતું હોય લોકો નાં આરોગ્ય સાથે ચેડાં થતાં હોવાં છતાંય કોઇ કાર્યવાહી નહીં થતી હોવાનાં કારણે લોકો ની માનવ જીંદગી જોખમમાં મૂકાય રહીં છે ઘી માખણ દુધ છાસ જેવાં રોજીંદા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માં કેમીકલસ નો ઉપયોગ કરીને ધીકતો ધંધો કરતાં આવા ભેળસેળ કરતાં લોકો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગણી ઉઠવા પામી છે

---

# ગીર સોમનાથ કરણી સેના દ્વારા રાણા સાંગા અંગેની ટીપ્પણીનો વિરોધ

### કલેકટરને આવેદન પાઠવી કાર્યવાહીની રજૂઆત

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના રાજપુત કરણી સેનાના પ્રભારી ભરતસિંહ રાઠોડ સહીતનાએ જિલ્લાના ચારેય તાલુકાના પ્રમુખો, સુત્રાપાડા, મોડાસા, કોડીનાર, ઉના તાલુકાના પ્રમુખો, ઉપપ્રમુખો સહીતના આગેવાનોમાં મનોહરીસ્હ રાઠોડ, વિજયસિંહજી વાઘેલા, ગોહિલ કનકસિંહ, રાઠોડ રાજેન્દ્રસિંહ સહીતના દ્વારા ગીર સોમનાથ જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી જણાવેલ કે, ગત તા.૨૧/૦૩/૨૦૨૫ ના ભારત દેશની રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તથા રાજ્યસભાના સાસંદ રામજીલાલ સુમન દ્વારા ક્ષત્રીય વીર શિરોમણી નસ્ત્રરાણા સાંગાસ્ત્રસ્ત્ર વિશે અભદ્ર ભાષામાં ટિપ્પણી કરેલ છે તે દુઃખદાયક છે. અને સત્યથી વેગળી



તસવીર : મિલન ઠકરાર

અને પાયાવિહોણી હોય તેમજ આ રાજ્યસભાના સાસંદ દ્વારા રાજ્યસભાની ગરીમાને લાંછન લગાડે છે તેના કારણે રાષ્ટ્રવાદી દેશભક્તો તથા નાગરીકોની લાગણી ઠેસ પહોચાડેલ હોય સદર અભદ્ર ટીપ્પણીને ગીર સોમનાથ રાજપુત કરણી સેના વખોડી કાઢે છે અને સરકાર દ્વારા રાણા સાંગાસ્ત્રસ્ત્ર વિશે કરેલ અભદ્ર ટીપ્પણી બાબતે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને આપી ટીપ્પણી અટકાવી શકાય તેવી માંગ કરેલ છે.

---

# કેશોદની સુત્રેજા વકતૃત્ત્વ સ્પર્ધામાં પ્રથમ આવતા મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત

### ગાંધીનગર ખાતે ભૂપેન્દ્રભાઇ પટેલે ટ્રોફી એનાયત કરી રોકડ અર્પણ

**સમય મિરર | કેશોદ**

રાજ્યના શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં આયોજક અને વિજેતાઓને અભિનંદન પાઠવી સંસ્કાર સિંચનના કાર્યમાં યુવાઓની ભાગીદારી ખૂબ જરૂરી હોવાનું મુખ્યમંત્રી એ જણાવ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કરનાર જૂનાગઢ જિલ્લાનાં યુ.કે.વી. મહિલા કોલેજ કેશોદનાં વિદ્યાર્થીની કુ. સુત્રેજા કિર્તીબેન નગાભાઇ અને વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવી મુખ્યમંત્રી



તસવીર : રાજુ પંડ્યા

ભુપેન્દ્રભાઈ પટેલે યુવા શક્તિમાં ભરોસો વ્યક્ત કરતા કહ્યું કે, રાજ્યના યુવાઓ સંસ્કાર સિંચન દ્વારા વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનું નિર્માણ કરવામાં અગ્રેસર રહેશે.મુખ્યમંત્રીશ્રીએ સારા કાર્ય અને સંસ્કાર સિંચનના કાર્ય માટે યુવાઓને સંગઠિત થઈને ચર્ચા કરવા આહવાન કર્યુ હતું.

આ સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાજ્યકક્ષાની સ્પર્ધા માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીની કુ. સુત્રેજા કીર્તી બેનને મુખ્યમંત્રીના હસ્તે રૂ.૧ લાખનું ઈનામ તથા ટ્રોફી અપાઇ હતી.

આ કાર્યક્રમમાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ ના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, ઉચ્ચ શિક્ષણ નિયામક ગુરવ દિનેશ રમેશ, ગત્રજ્જબના કુલપતિ જે.એમ. વ્યાસ, ઉચ્ચ શિક્ષણ સંયુક્ત નિયામક આરતી ઠક્કર અને ઉપરાંત વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની આગાહીથી ખેતરમાં પડેલ ઉત્પાદન અંગે સરકારનું માર્ગદર્શન

### ખૂલ્લામાં પડેલ પાકને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા સૂચન કરાયું

**સમય મિરર | વેરાવળ**

રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. જે અંતર્ગત સૌરાષ્ટ્રભરમાં કમોસમી વરસાદ પડવાનો છે. જેને લઇને ખેતરમાં પાકને નુકશાન ન થાય તે માટે કેટલાક સૂચનો સરકારના સંબંધીત વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે.

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૦૧-૦૪-૨૦૨૫ થી તા.૦૩-૦૪-૨૦૨૫ દરમિયાન વલસાડ, નવસારી, નર્મદા, તાપી, સુરત, ડાંગ, અરવલ્લી, દાહોદ, છોટા ઉદેપુર, મહિસાગર, પંચમહાલ, સાબરકાંઠા, ભરુચ, આણંદ, વડોદરા, અમરેલી, ભાવનગર, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને



વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડૂતોને જણાવવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.

જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો તેમજ ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડૂતમિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી /તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા. મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો એમ જિલ્લા ખેતીવાડી વિભાગની એક યાદીમાં જણાવાયું છે.

---

# ઉપલેટામાં વગર ભાડે વાપરવા આપેલ મિલકતનો કબ્જો પરત અપાવતી કોર્ટ

### મિત્રતાના નાતે આપેલ મકાનનો મિત્રએ ઘરારથી કબ્જો કરી લીધો તો

**સમય મિરર | ઉપલેટા**

વર્ષ ૨૦૦૭ અરસામાં હાલ મૃત્યુ પામનાર માધવજીભાઈ બગડાએ પોતાનાં મકાન તેમનાં મિત્ર કાંતિલાલ દેશાભાઈ મકવાણાને વગર ભાડે વાપરવા આપેલ હતું અને માધવજીભાઈનું અવસાન થયા બાદ મિત્ર કાંતિલાલે મકાનનો ધરારીથી કબ્જો કરી લેતા મૃતક માધવજીભાઈની વિધવા વિજયાબેન અને સંતાનોએ કોર્ટમાં મકાનનો ખાલી કબ્જો મળવા દાવો દાખલ કરેલ હતો જેમાં ઉપલેટા કોર્ટે મૃત્યુ પામનાર માધવજીભાઈ બગડાની વિધવા અને બાળકોની તરફેણમાં ચુકાદો આપી મકાનનો ખાલી કબ્જો અપાવ્યો છે.

આ દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વર્ષ ૨૦૦૭ નાં અરશામાં માધવજીભાઈએ પોતાનાં મિત્ર કાંતિલાલ દેશાભાઈ મકવાણા તથા તેમની પત્નિ લાભુબેન કાંતિલાલ મકવાણા તથા તેમની માતા દેવુબેન દેશાભાઈ મકવાણાને વગર ભાડે માધવજીભાઈએ પોતાનાં મકાનમાં ઉપરનાં માળે એક રૂમ, રસોડુ, ઓશરી તથા સંડાસ બાથરૂમ વિગેરે થોડા સમય માટે વાપરવા માટે આપેલ હતી જે બાદ તા. ૧૦/૦૬/૨૦૦૭ નાં રોજ માધવજીભાઈ બગડાનં આકસ્મિક અવશાન થઈ ગયેલ ત્યારે મૃત્યુ પામનાર માધવજીભાઈ બવગડાની વિધવા અને સંતાનોએ કાંતિ કાંતિલાલ મકવાણાનાં પરિવારને મકાનમાં થોડો સમય રહેવા દીધેલ અને બાદમાં મકાન ખાલી કરવાનું કહેતા કાંતિલાલ મકવાણા અને તેનાં પરિવારે મકાન વેચાતુ લીધેલ છે તેવી તકરાર લઈને મકાનનો કબ્જો કરી લીધેલ બાદમાં ગુજરનાર માધવજીભાઈની વિધવા વિજયાબેન માધવજીભાઈ બગડા તથા તેનાં સંતાનોએ રેગ્યુલર દિવાની કેશ નંબર નંબર ૫૨/૨૦૧૪ થી મકાનનો ખાલી કબ્જો મળવા દાવો દાખલ કરેલ અને કેશમાં કાંતિલાલ અને તેમનો પરિવાર કોર્ટમાં હાજર થયેલ અને પ્રથમ કાંતિલાલે ગુજરનાર માધવજીભાઈ બગડા પાસેથી મકાન રૂા. ૩૦૦/- અને બાદમાં રૂા. ૮૦૦/- નાં માસીક ભાડેથી મકાન રાખેલ અને બાદમાં મકાન વેચાતું લઈ લીધેલ તેવી તકરાર કોર્ટમાં લીધલી અને કેશમાં પુરાવો નોંધાયા બાદ પ્રતિવાદી કાંતિલાલ અને તેનાં પરિવારે રજુ રાખેલ સાક્ષીઓની એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હતી.

આ કેસમાં પુરાવાઓનાં અંતે વાદી વિજયાબેન માધવજીભાઈ બગડા તથા તેનાં સંતાનો તરફે એડવોકેટ સંજયકુમાર પી. વાઢેરની વિસ્તૃત દલીલ કરેલ અને અલગ-અલગ હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓ રજુ રાખેલ અને દલીલોનાં અંતે ઉપલેટાનાં એડિશ્નલ સિવિલ જજ કુમારી ડી.વાય.પટેલ દ્વારા તા. ૨૯/૦૩/૨૦૨૫ નાં રોજ કાંતિલાલનાં પરિવારે બે મહીનામાં મકાનનો ખાલી કબ્જો વિજયાબેનને સોંપી આપવા હુકમ ફરમાવેલ છે. આ કેસમાં વાદીઓનાં એડવોકેટ આર.એસ.પટેલ તથા સી.એસ.પટેલ તથા એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર રોકાયેલ હતા.

---

# કેશોદ ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજનો ભવ્ય ટેલેન્ટ શો યોજાયો

### બાળકોએ પોતાની પ્રતિભા દાખવતા સન્માન કરાયું

**સમય મિરર | કેશોદ**

કેશોદ ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા ઝાલાવાડી ટેલેન્ટ શો નામે બાળકોની સુસુપ્ત શક્તિઓને ખીલવવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. બાળકોએ પોતાની અંદરની કલા માટે મળેલ મંચ નો શ્લોક, ત્રિકાળ સંધ્યા, ગીતા શ્લોક, કાવ્યપઠન, ગાયન. વાદન, વાર્તા, જોક્સ, નૃત્ય, વેશભૂશા, યોગા વગેરે કૃતિઓ રજુ કરીને પોતાની ઊર્મિઓ ને વાચા પ્રદાન કરેલ,ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ ના બાળકોમાં છુપાયેલી સર્જનાત્મક શક્તિ બહાર લાવી રજૂ કરવાની સુંદર તક આપવામાં આવી હતી. આજના ડિજિટલ યુગમાં મોબાઈલનો વિકલ્પ ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા આપવામાં આવ્યો હતો મન ભરી બાળકોએ લાભ ઉઠાવ્યો, પરિવાર અને સમાજ શ્રેષ્ઠીઓ સન્મુખ તાળીઓની ગુંજ સાથે ટાબરિયાઓ ને તેમની ત્રણ પેઢી અને સરખી ઉમરના સૌ મળે તો સાથે રમીએ સાથે જમીએ સાથે કરીએ સારા કામ, પરસ્પર ની પ્રેરણાથી સૌ ટેલેન્ટ શો કરવા ઉત્સુક થયેલ. આ તકે સમસ્ત બ્રહ્મસમાજ કેશોદ ના ઘરેણાં સમાન જીતેન્દ્ર ધોળકીયા માંગરોળ આઈ.ટી.આઈ.મા પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવે છે તેમને તાજેતર માં જ નેશનલ લેવલે



તસવીર : રાજુ પંડ્યા

ચેમ્પિયનનો એવોર્ડ મળેલો, તેમનુ સન્માન ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવ્યું. કેશોદ શહેરમાં વસતાં બહોળી સંખ્યામાં બ્રહ્મબંધુઓ એ હાજરી આપી અને ભોજનનો આનંદ માણ્યો હતો.આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ ટ્રસ્ટી મંડળ, કારોબારી મંડળ અને મહિલા મંડળે ભારી જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન જીતેન્દ્ર ધોળકિયા અને કૃશાંત પંડ્યા દ્વારા કરવામાં આવેલ હતું.

---

### જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા માહિતી અપાઈ

# વિરમગામમાં જાતીય પરીક્ષણ અંગેના કાયદા વિશે તબીબોને માર્ગદર્શિત કર્યા



**સમય મિરર | વિરમગામ**

વિરમગામ તાલુકા ખાતે પીસીપીએનડીટી એક્ટ અંતર્ગત ખાનગી તબીબોના વર્કશોપ અને એન. ટી.ઈ.પી. અંતર્ગત સી.એમ.ઈ.નું તા. ૩૧ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત સંયુક્ત નિયામક ડો. આર. આર. વૈદ્ય દ્વારાગર્ભ ધારણ પછી અને જન્મ પહેલા પરીક્ષણ તકનીકો (જાતિ પસંદગી પર પ્રતિબંધ) અધિનિયમ ૧૯૯૪ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર દ્વારા પીસી એન્ડ પીએનડીટી એક્ટ અને ટીબી અંગે ઉપસ્થિત ડોક્ટરોને માર્ગ આપ્યું હતું.

પીસીપીએનડીટી એક્ટનો ભંગ ન થાય, સોનોગ્રાફી મશીનનો ગર્ભ પરીક્ષણ માટે દૂર ઉપયોગ ન થાય, પીસીપીએનડીટી એક્ટના ભંગ બદલની સજાની જોગવાઈઓ અંગે માહિતી આપી અને જો કોઈ પણ વ્યક્તિ દ્વારા ગર્ભ પરીક્ષણ કરવામાં આવશે તો કાયદેસરની કડકમાંકડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

# વેરાવળની અંકુર સૌરભ પ્રાથમિક શાળા દ્વારા સપ્તરંગી પ્રદર્શન યોજાયું

### વિવિધ કૃતિઓ નિહાળી મુલાકાતીઓ અભિભૂત થયા

**સમય મિરર | વેરાવળ**

વેરાવળ સોમનાથ એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંકુર સૌરભ પ્રાથમિક શાળામાં મંત્રી ભરતભાઇ શાહની પ્રેરણાથી અને પ્રિન્સિપાલ નીલાબેન વારાના સંચાલન હેઠળ સપ્તરંગી મેઘધનુષ સર્જનાત્મક પ્રવૃતિઓનું પ્રદર્શન રાખેલ જેમાં સોમનાથ એજ્યુકેશન સોસાયટીના સભ્ય ડો.રાજેન્દ્રભાઈ દોમડિયા, જાગેશભાઈ ચોવટીયા, ચોક્સી કોલેજના પ્રિન્સિપાલ નિલેશભાઈ જોશી, જે. એમ. સાઈન્સ કોલેજના પ્રિન્સિપાલ કુંજભાઈ ધનેશા, અંકુર માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ પેન્નાબેન કોટેચા સહીતના શિક્ષકો, ભુતપૂર્વ પ્રિન્સિપાલ સરોજબેન અપારનાથી, વિદ્યાર્થીના વાલી પ્રદર્શનને નિહાળવા ઉપસ્થિત રહેલ



તસવીર : મિલન ઠકરાર

તેમજ સંચાલક મંડળે આચાર્ય, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા શાબ્દિક પ્રોત્સાહન પૂરું પાડેલ છે. કે.જી. થી ૮ ધોરણના વિદ્યાર્થીઓએ અભ્યાસ સાથે સપ્તરંગી મેઘધનુષના રંગો પ્રમાણે જાંબલી ગ્રૂપ નં ૧ ગણિતની પ્રવૃતિ શિક્ષક દિનેશભાઇ બારિયા, વર્ષાબેન અપારનાથીના માર્ગદર્શન હેઠળ, નીલો ગ્રૂપ નં ૨ વિજ્ઞાનની પ્રવૃતિઓ શિક્ષક મહેશભાઇ ચાડેરા, વાદળી ગ્રૂપ નં ૩ શાકભાજીની પ્રવૃતિઓ શિક્ષક મધુબેન સોલંકી, ભાવનાબેન ખાનપરા, લીલો ગ્રૂપ નં ૪ ચિત્રકામની પ્રવૃતિ શિક્ષક રેખાબેન દૂધરેજીયા, પીળો ગ્રૂપ નં ૫ વેસ્ટમાંથી બેસ્ટની પ્રવૃતિ શિક્ષક નીતાબેન ચોમલ, નારંગી ગ્રૂપ નં ૬ માટીકામની પ્રવૃતિ દીપ્તિબેન કારિયા, રાતો ગ્રૂપ નં ૭ ઈલેક્ટ્રિકલ પ્રવૃતિ કિશોરભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ સર્જનાત્મક પ્રવૃતિઓ કરેલ હતી. કલાર્ક આકાશભાઈ શર્મા, પટ્ટાવાળા ભૂમિબેન, પૂનમબેન, મનીષાબેન સહીતનાએ સહકારભરી કામગીરી સાથે વિદ્યાર્થીઓના સપ્તરંગી કળાના મેઘધનુષી સર્જનાત્મક પ્રવૃતિઓના પ્રદર્શનનો કાર્યક્રમ સફળ રહેલ હોવાનું પ્રિન્સિપાલ નીલાબેન વારાએ એક યાદીમાં જણાવેલ છે.

# ૬થી ૧૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન માધવપુર મેળામાં બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ બનશે આકર્ષણનું કેન્દ્ર

**૬ ગેમ્સ અને ૬૦૦થી વધુ ખેલાડીઓઃ માધવપુરના રળિયામણા દરિયાકિનારે બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ જેવી રમતોનો જામશે રંગ**

## બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપી રહી છે ગુજરાત સરકાર

**સમય મિરર | રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને સાકાર કરતો માધવપુર ઘેડ મેળો આ વર્ષે ૬થી ૧૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન યોજાશે. દર વર્ષે રામનવમીના પવિત્ર દિવસે શરૂ થતો માધવપુર મેળો અરૂણાચલ પ્રદેશના રૂકમિણીજી અને ગુજરાતના શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા લગ્નની ઉજવણી કરે છે. આ વખતે પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ અને દ્વારકા ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. માધવપુર મેળામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા આયોજિત બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે, જેમાં ૬૦૦થી વધુ ખેલાડીઓ વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

૬ ગેમ્સ અને ૬૦૦થી વધુ ખેલાડીઓઃ માધવપુરના રળિયામણા બીચ ઉપર જામશે રમતોનો રંગ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે પોરબંદર ખાતે ભવ્ય માધવપુર ઘેડ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે માધવપુર ઘેડ મેળામાં વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજ્યના ૩૫૨ પુરુષો અને ૨૭૨ મહિલાઓ મળીને કુલ ૬૨૪ ખેલાડીઓ ભાગ લેશે. માધવપુરના રળિયામણા દરિયાકિનારે ૫ અ-સાઇડ બીચ ફૂટબોલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ, ૮૦ અને ૬૦ મીટર બીચ રન, કોકોનટ થ્રો જેવી રમતોની રંગત જામશે.

બીચ ફૂટબોલ અને બીચ કબડ્ડીની રમતોમાં સમગ્ર ગુજરાતના ખેલાડીઓ ભાગ લેશે જ્યારે અન્ય રમતોમાં સ્થાનિક ખેલાડીઓ તેમની પ્રતિભાનું પ્રદર્શન કરશે. ખેલાડીઓ માટે પોરબંદર અને જૂનાગઢ ખાતે અનુક્રમે નટવરસિંહજી ક્રિકેટ હોસ્ટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને અન્ય સ્થાનિક જગ્યાએ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તેમને સ્પોર્ટ્સ વેન્યૂ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ મળશે.

બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપી રહી છે ગુજરાત સરકાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૧૮થી ૨૧ માર્ચ દરમ્યાન સોમનાથ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે માધવપુર ઘેડ મેળામાં પણ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલાડીઓને ખીલવાની તક મળવા જઈ રહી છે. આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ખેલાડીઓ માટે તેમની પ્રતિભા દર્શાવવાની અને દરિયાકિનારાના સુંદર વાતાવરણમાં રમતોનો આનંદ માણવાની અનોખી તક પૂરી પડે છે.

# 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'; સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત આ પહેલમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર પણ સહભાગી

## આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને પર્યાવરણીય સ્થિરતામાં સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો મુખ્ય હેતુ

**સમય મિરર | રાજકોટ**

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વર્ષ ૨૦૨૫ને "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ" તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, સહકારી સંસ્થાઓની "૨૦૩૦ એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ"ને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકાને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વીકારવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ યુ.એન. સમર્થિત પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને પર્યાવરણીય સ્થિરતામાં સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો છે. આ ઉપરાંત સામૂહિક જવાબદારી, લોકશાહી નિર્ણય પ્રક્રિયા અને સમુદાયિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ગરીબી, અસમાનતા અને જળવાયુ પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોને સંબોધવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સહકારી મોડલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આમ, સહકારી સંસ્થાઓ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને હાંસલ કરવામાં તેમજ સામાજિક આર્થિક વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન આપી શકે છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી તથા પ્રસિદ્ધિ ગ્રામીણ, તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાએ થાય તે માટે વિવિધ કમિટીની રચના કરી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની રાજ્ય સરકાર દ્વારા પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સીલની મળેલ બેઠકમાં પણ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. જે અંતર્ગત જુદા-જુદા કાર્યક્રમો યોજવા માટે રાજ્ય સરકાર પાસે પ્રાયોજીત ભંડોળ ઉપલબ્ધ છે તેમજ અલગથી ફંડ પણ ફાળવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સહકારી સંસ્થાઓ પણ સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ના વિઝનને જમીની સ્તર ઉપર ઉતારવામાં મહત્વની ભૂમિકા ભજવવા માંગતી હોય અને લોકભાગીદારીથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માંગતી હોય તેવા કિસ્સામાં સરકારની પૂર્વ મંજૂરી મેળવવામાં સમય વ્યતિત ન થાય અને વિવિધ પ્રવૃત્તિની ઉજવણીમાં અવરોધ ન રહે તેવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ સહકારી સંસ્થાઓ તેમની પાસે રહેલા અનામત ફંડના ૨૦ ટકા સુધી નાણા આ કાર્યક્રમના ફંડ હેઠળ જમા કરવાવા મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સહકારી સંસ્થાઓને પૂર્વ મંજૂરી મેળવવા ન આવવું પડે તેવા શુભ હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ સહકારી સંસ્થાઓને ફરજિયાત આ ફંડ આપવાનું રહેતુ નથી,

# સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામોના ખર્ચને બહાલી આપતા જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ

**રાજકોટ જિલ્લામા ૭૨૧૩ કુટુંબોને મનરેગા યોજના હેઠળ ૩.૨૬ લાખ માનવદિનની રોજગારી અપાઈ**

**રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નિંગ બોડી, કારોબારી સમિતિ, સુખાકારી સમિતિની બેઠક યોજાઈ**

**સમય મિરર | રાજકોટ**

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નીંગ બોડી, કારોબારી સમિતિ અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની સુખાકારી સમિતિની બેઠક યોજાઇ હતી.

જેમા સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામો સહિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સંચાલિત જન કલ્યાણ લક્ષી વિવિધ યોજનાઓની કામગીરીની ભૌતિક અને નાણાંકીય સમીક્ષા કરી બહાલી આપવામા આવી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ.કે.વસ્તાણી સહિત અધિકારીશ્રીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન અને પ્રગતિ હેઠળના કામો વિષે થયેલ કામ, પ્રગતિ હેઠળના કામો અંગે જાણકારી મેળવી હતી.

વર્ષ ૨૦૨૪-૨૫ મા રાજકોટ જિલ્લામા ૭૨૧૩ કુટુંબોને મનરેગા યોજના હેઠળ ૩.૨૬ લાખ માનવદિનની રોજગારી આપવામા આવી હતી. ત્યારે વર્ષ ૨૦૨૫-૨૬ મા પણ મનરેગા સહિતના કામોમા લક્ષ્યાંકો હાસલ કરી જિલ્લામાં લાભાર્થીઓને યોજનાઓનો લાભ મળે તે દિશામાં વધુ કાર્યરત રહેવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું. આ તકે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઈલાબેન ચૌહાણ, સહિત સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**પ્લાન્ટ પેથોલોજીમાં એમ.એસ.સી.ની ડિગ્રીનો નેચરલ ફાર્મિંગમાં ઉપયોગ કરીને ખેતીને નવું વ્યવસાયિક સ્વરૂપ આપતા મેંગણીના પાનસુરીયા બંધુઓ**

# મૂલ્યવર્ધન ખેતી થકી મસાલા બજારમાં લાખોની કમાણી સાથે ઉભરતી નેચરલ મસાલા બ્રાન્ડ "સુદર્શન"

**સમય મિરર | રાજકોટ**

સમગ્ર રાજ્યમાં રાજ્યપાલ,આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. રાજ્યના લાખો ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી કરતા થયા છે, ત્યારે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના મેંગણી ગામના ધવલભાઈ પાનસુરીયા અને મોહિતભાઈ પાનસુરીયાએ પ્રાકૃતિક ખેતી અને ઉત્પાદનના મૂલ્યવર્ધન દ્વારા પોતાની મસાલા બ્રાન્ડ વિકસાવી છે અને આજે તેઓ પોતાની બ્રાન્ડ દ્વારા આન્ત્રપ્રેન્યોર બની વર્ષે લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

મેંગણીના ધવલભાઇ પાનસુરીયા કહે છે કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રાકૃતિક ખેતી તરફ વળવાની હિમાયત અને તેના પુસ્તકના અભ્યાસ થકી પ્રેરણા મળવાથી અમે શિબિરમાં જોડાયા અને છેલ્લાં ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છીએ. અગાઉ રાસાયણિક ખેતીમાં ઉત્પાદન ઓછું અને ખર્ચ વધુ થવાની સાથે રસાયણનું પ્રમાણ પણ ખૂબ વધી રહ્યું હતું, ત્યારે પ્રાકૃતિક ખેતી તરફ વળવાની રાજ્યપાલશ્રીની પ્રેરણા થકી આજે અમે સંપૂર્ણ પરિવાર તમામ પ્રાકૃતિક ઉત્પાદનોનો ઉપયોગ કરીએ છીએ, તથા અન્ય લોકોને પણ પ્રાકૃતિક ઉત્પાદનોનો ઉપયોગ કરવા માટેની સલાહ આપીએ છીએ સાથે જ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રયાસો કરીએ છીએ.

ધવલભાઈએ ઉમેર્યું હતું કે, અમારી ૩૫ વીઘાની ખેતીમાં મિશ્ર પાક દ્વારા ખેતી કરવામાં આવે છે. જેમાં મરચું, હળદર, ધાણા, જીરું, રાય, મેથી જેવા મસાલા સાથે જ ઘઉં, મગફળી, ચણા, મગ જેવા પાકની ખેતી કરીએ છીએ. મરચામાં પણ કાશ્મીરી, રેશમ સિંગલ પટ્ટો, રેશમ ડબલ પટ્ટો અને તીખી મરચી-જી૪ જાત, ઘઉંમાં પણ સોનેરી ટુકડા અને ઋષિમુનિઓ સમયની વધુ ફાઇબરવાળી ચાવલકાઠી અને ગ્લુટન ફ્રી સોનામોતી એમ ત્રણ પ્રકારની જાત, હળદરમાં સેલમ તથા ચણામાં દેશી અને કાબુલી તેમ બે જાતનું ઉત્પાદન કરીએ છીએ. આ તમામ ઉત્પાદનોનું અમારી પોતાની જ બ્રાન્ડ "સુદર્શન" અંતર્ગત મૂલ્યવર્ધન કરી સ્વચ્છ અને હવાચુસ્ત પેકિંગમાં વેચાણ કરવામાં આવે છે.

તમામ મસાલા અને આ પાકોની ખેતી પૂર્ણ રીતે પ્રાકૃતિક તત્વોથી કરવામાં આવે છે, જેમાં ઉત્પાદનોને પોષણ અને તમામ તત્વો મળે તે માટે ખાસ વનસ્પતિ અર્ક, ગાયનું છાણ, જીવામૃતનો ઉપયોગ કરવામાં આવે છે. વળી, જમીનનું કાર્બન વધારવામાં અને પાકને પોષક તત્વો પહોંચાડવા માટે જમીનમાંના સૂક્ષ્મ કીડાઓ પણ ખૂબ જ મહત્વ ધરાવે છે, ત્યારે અમે ખેતી માટે ખાસ પ્રાકૃતિક વસ્તુઓને આથો આપી તેમાં બેક્ટેરિયા કલ્ચર કરી પિયત દ્વારા આ બેક્ટેરિયા જમીનમાં આપીએ છીએ, જેનાથી મિશ્ર પાકમાં પણ તમામ વાવેતર કરાયેલા ઉત્પાદનોને તેમના જરૂરી પ્રમાણમાં પોષકતત્વો મળી રહે છે.

ધવલભાઇ પાનસુરીયાએ એગ્રીકલ્ચરમાં જ પ્લાન્ટ પેથોલોજીમાં કરેલી એમ.એસ.સીની ડિગ્રીનો પોતાની ખેતીમાં પ્રેક્ટીકલ ઉપયોગ કર્યો છે. પાનસુરીયા બંધુઓ ખેતીમાં જમીનને પણ તત્વો સાથે તૈયાર કરવા માટે ખાસ શણ અને ઈકકડ પ્રજાતિનું ઘાસ વાવી ૪૫ થી ૫૦ દિવસ બાદ તેને રોટાવેટર થકી કાપી તેમાં બેક્ટેરિયા કલ્ચર દ્રાવણો ઉમેરી કંપોસ્ટ પ્રક્રિયા થકી કુદરતી રીતે જમીનનો કાર્બન વધારે છે.

# ૪૧.૯૦ કિ.મી.લંબાઈનો માર્ગ રૂ.૧૪૧૨ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણાધિન

- દહેજ PCPIRને વધુ સંગીન સુદ્રઢ કનેક્ટિવિટી મળશે
- ૩.૪ કિ.મી. લાંબો, ૨૯ મિટર પહોળો ૬ લેન એલિવેટેડ કોરીડોર : રસ્તાની બેય તરફ ૭ મિટર પહોળાઈના સર્વિસ રોડ
- ૬ લેન એલિવેટેડ કોરિડોર માર્ચ-૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે
- માનુબાર જંક્શનથી દહેજ સુધીના એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વેમાં ૭ ફ્લાયઓવર, ૧૫ અંડરપાસ, ૧૨ માયનોર બ્રિજ, ૧૦૬ બોક્સ તથા પાઈપ કલવર્ટ
- એક્સેસ કન્ટ્રોલ્ડ એક્સપ્રેસ વે ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા ભરૂચ-દહેજ માર્ગ પર ચાલી રહેલા કામોની સમીક્ષા કરી
- એલિવેટેડ કોરીડોરથી કોમર્શિયલ ટ્રાફિક શહેરી વિસ્તારથી અલગ થતાં દહેજ જતા વાહનોની ઝડપ વધશે -ઈંધણ બચશે
- ચાર જંક્શન પર ટ્રાફિક ભારણને લીધે થતો સમયનો વ્યય અટકાવી શકાશે

**સમય મિરર | રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને વિઝનથી ગુજરાતમાં નિર્માણ થયેલા દહેજ PCPIRને આગામી દિવસોમાં વધુ સંગીન અને સુદ્રઢ રોડ કનેક્ટિવિટી મળતાં વાહન યાતાયાત સાથે રોકાણકારો માટે ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન સરળ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભરૂચ ની મુલાકાત દરમ્યાન આ હેતુસર ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ-દહેજ રોડ પર હાથ ધરાઈ રહેલા અદ્યતન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

ભરુચ-દહેજ રોડ પર ભોલાવ જંકશનથી શ્રાવણ જંકશન સુધીનો ૩.૪૦ કિ.મી. લાંબો છ લેન એલિવેટેડ કોરિડોર અંદાજે રૂ.૪૪૦ કરોડના ખર્ચે આકાર પામી રહ્યો છે. આ જ માર્ગ પર માનુબાર જંક્શનથી દહેજ સુધી ૩૮.૫૦ કિ.મી.નો એકસેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે અંદાજે રૂ.૯૭૨ કરોડના ખર્ચે નિર્માણાધિન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્રતયા ૪૧.૯૦ કિલોમીટરમાં રૂ.૧૪૧૨ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરાઈ રહેલા કામોની સમીક્ષા કરીને પ્રગતિની વિગતો મેળવી હતી.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, દહેજ PCPIછ દેશના ચાર PCPIછ પૈકીનો એક છે અને ૪૫૩ ચો.કિલોમીટરમાં પથરાયેલા આ ઔદ્યોગિક ઝોનમાં કાર્યરત ઉદ્યોગોમાં અવર-જવર કરનારા સ્થાનિકો, અગ્રણી રોકાણકારો, આસપાસના ગ્રામજનોને ભરૂચ સાથે જોડતો દહેજ-ભરૂચ માર્ગ યાતાયાત માટેનો એક મહત્વપૂર્ણ માર્ગ છે. એટલું જ નહીં, દહેજ PCPIછ ઔદ્યોગિક વિસ્તાર તથા દહેજ પોર્ટને અમદાવાદ-મુંબઈ મુખ્ય માર્ગ સાથે જોડતો આ માર્ગ ભારે માત્રામાં વાહનોની અવર-જવરનો ટ્રાફિક પણ ધરાવે છે.

વાહન ચાલકો તથા ભરૂચ-દહેજ વચ્ચે અવર-જવર કરતા ઉદ્યોગ-રોકાણકારો, કામદારોનો સમય આ ભરૂચ-દહેજ માર્ગ પરના ૪ જંકશન પર ટ્રાફિક ભારણને કારણે વ્યય થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશમાં રાજ્ય સરકારે આ સમસ્યાના કાયમી નિવારણ માટે ભરૂચ- દહેજ માર્ગ પર ભોલાવ જંકશનથી શ્રાવણ જંકશન સુધીના રોડને ૬ લેન એલીવેટેડ કોરિડોર તરીકે વિકસાવાની કામગીરી વેગવંતી બનાવી છે.

આ ઉપરાંત ભરૂચ-દહેજ રોડ પરના માનુબાર જંકશનથી દહેજ સુધી ૩૮.૫૦ કિ. મી.ના એકસેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વેની કામગીરી પણ પ્રગતિમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર અને માર્ગ મકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયાને સાથે રાખીને આ કામોની સમીક્ષા માટે માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ ઈજનેરો સાથે બેઠક યોજી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ બે પ્રોજેક્ટસની વિસ્તૃત વિગતો આપતા સચિવ શ્રી પટેલિયાએ જણાવ્યું કે, નિર્માણાધિન એલીવેટેડ કોરીડોર ૨૯ મીટર પહોળાઈ સાથે ૩.૪ કિલોમીટર લંબાઇનો છે. આ રસ્તાની બે તરફ ઓછામાં ઓછા ૭ મીટર પહોળાઈના સર્વિસ રોડ પણ છે.

મુખ્યમંત્રી સમક્ષ આ અંગે જે પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે, એલીવેટેડ કોરિડોરના બાંધકામથી ભરૂચથી દહેજ જતાં અંદાજે ૬૦ હજાર વાહન ટ્રાફિક માંથી કોમર્શિયલ ટ્રાફિક શહેરી વિસ્તારથી અલગ થશે અને ભરૂચથી દહેજ જતાં વાહનો ઝડપથી પહોંચી શકશે તેમજ ઈંધણની પણ બચત થશે. આ કોરીડોરની ૫૦ ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે અને બાકી રહેતું કામ આગામી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાના સંપૂર્ણ આયોજન સાથે કામગીરી થઈ રહી છે.

ભરૂચ-દહેજ રોડ પરના માનુબાર જંકશનથી દહેજ સુધી એક્સેસ કન્ટ્રોલ્ડ એક્સપ્રેસ વેની સમગ્ર કામગીરી ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તેની પણ વિગતો મુખ્યમંત્રી સમક્ષ આપવામાં આવી હતી. ૩૮.૫૦ કિલોમીટર લાંબા આ ૪ લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વેમાં ૭ ફ્લાવર અને ૧૫ અંડર પાસનો સમાવેશ થાય છે આ આ રસ્તાથી ભરુચ તથા દહેજના ૧૫ જેટલા ગામો અને દહેજ ઉદ્યોગ વિસ્તારના અંદાજે ૧૬ લાખ જેટલા લોકોને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટ મળતું થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર કામગીરીમાં ગુણવત્તા અને સમયબદ્ધતા જળવાઈ રહે તે માટેના દિશા નિર્દેશો સમીક્ષા દરમ્યાન આપ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં ભરૂચ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ પણ પૂરક માહિતી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ૨૦૧૭ના એપ્રિલમાં મહત્તમ ૪૪.૮૦ ડિગ્રીની અગનવર્ષાએ લોકોને દઝાડ્યા હતા

**આગામી પાંચ દિવસમાં તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી રહેવાની આગાહીઃ હિટવેવ સામે સાવધાની રાખવા સલાહ**

**સમય મિરર | રાજકોટ**

ઉનાળો હવે તાપ વરસાવી રહ્યો છે, ગરમી વધી રહી છે. દરમિયાન રાજકોટમાં ગતરોજ ૪૨.૨ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. આગામી છ-સાત દિવસોમાં રાજકોટમાં મહત્તમ ૪૨થી ૪૩ ડિગ્રી અને લઘુતમ ૨૨થી ૨૩ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે, ત્યારે ગરમી સામે સાવધાની રાખવાની સલાહો પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાઈ છે.

દરમિયાન તાપમાનના આ આંકડાએ રાજકોટમાં છેલ્લા દાયકામાં પડેલી ગરમીની યાદ તાજી કરી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૭માં એપ્રિલમાં મહત્તમ ૪૪.૮૦ અને એ પછી વર્ષ ૨૦૧૯માં ૪૪.૭૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સમયે આકાશમાંથી જાણે અગનવર્ષા વરસતી હોય તેવો અનુભવ થતો



હતો અને બપોરે ગરમીનો કરફ્યૂ લાગ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

છેલ્લા દાયકામાં વિવિધ વર્ષોમાં એપ્રિલ મહિનામાં નોંધાયેલા તાપમાનની વિગતો જોઈએ તો,

વર્ષ ૨૦૨૨માં ૪૩.૭૦ ડિગ્રી ગરમી, ૨૦૨૦માં ૪૩.૩૦ ડિ., વર્ષ ૨૦૧૦માં ૪૩.૧૦ ડિ., વર્ષ ૨૦૧૮માં ૪૩ ડિ., વર્ષ ૨૦૨૧માં ૪૨.૩૦ ડિ. તથા વર્ષ ૨૦૨૩માં ૪૧.૫૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

આગામી દિવસો માટે હવામાન વિભાગની આગાહી મુજબ, આજરોજ બીજી એપ્રિલ માટે મહત્તમ ૪૨ તથા લઘુતમ ૨૧ ડિગ્રી, ૩ એપ્રિલે ૪૨ તથા ૨૩ ડિ., ૪ એપ્રિલે ૪૨ તથા ૨૩ ડિ., પાંચ એપ્રિલે ૪૩ તથા ૨૧ ડિ., ૬ એપ્રિલે ૪૩ તથા ૨૧ ડિ., ૭ એપ્રિલે ૪૩ તથા ૨૨ ડિ. જ્યારે ૮ એપ્રિલે ૪૩ તથા ૨૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. અલબત્ત હવામાન વિભાગની વેબસાઈટ મુજબ, આ સપ્તાહમાં હજુ સુધી ગરમીની કોઈ વિશેષ ચેતવણી નથી. પરંતુ ગરમી વધતી હોવાથી તેનાથી બચવા કેટલીક સાવધાનીઓ રાખવાની સલાહ તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે.

**હીટવેવથી બચવા આટલું કરો**

- રેડિયો સાંભળો, ટીવી જુઓ, સ્થાનિક હવામાન સમાચાર માટે અખબાર વાંચો. હવામાનની નવીનતમ અપડેટ ભારતીય હવામાન વિભાગ (I.M.D.)ની વેબસાઇટ https://mausam.imd.gov.in પરથી મેળવી શકાશે.
- બને તેટલું ઘરની અંદર રહો, હવાની અવરજવરવાળી સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ રહેવું જોઈએ. સીધો સૂર્ય પ્રકાશ અને ગરમીના તરંગો સીધા ઘર-ઓફિસમાં ન આવે તેનું ધ્યાન રાખવું. દિવસ દરમિયાન બારીઓ અને પડદા બંધ રાખવા જોઈએ. ખાસ કરીને ઘરની સૂર્ય તરફની બાજુ, ઠંડી હવા આવવા દેવા માટે રાત્રે બારી ખુલ્લી રાખવી જોઈએ.
- જો બહાર જવાનું હોય તો આઉટડોર એક્ટિવિટીને દિવસના ઠંડા સમય એટલે કે સવાર અને સાંજ સુધી મર્યાદિત રાખવી જોઈએ. દિવસના ઠંડા ભાગો દરમિયાન આઉટડોર પ્રવૃત્તિ કરી શકાય.

# પડધરીમાં પોક્સો કેસના બે આરોપી ફરાર જાહેર

**સમય મિરર | રાજકોટ**

પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો સહિતના ગુનાના બે આરોપીને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.

પડધરી પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી એસ. એન. પરમારની યાદીમાં જણાવાયા પ્રમાણે, પોક્સો સહિતની કલમોના આરોપી ચંદનકુમાર રામુભાઈ કુશવાહ (રહે. નોતનહરદો, મંગલપુર, જી. કુશીનગર, ઉત્તરપ્રદેશ) તથા સૌરભસિંગ લખનસિંગ તોમર (રહે. ઢકપુર, નંગલા જશી થાના,જી. મેનપુરી, ઉત્તરપ્રદેશ) જામીન પર છૂટ્યા પછી અવારનવાર સમન્સ છતાં હાજર થતા નથી અને છુપાતા ફરે છે. આથી રાજકોટના બીજા એડિ. જજ શ્રી પી.જે. તમાકુવાલા તથા બીજા એડિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટ દ્વારા બંને આરોપીને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.

**ઘેલા સોમનાથ દાદાને ચૈત્ર નવરાત્રિના**

# ચોથા નોરતે સ્કંદમાતાનો અનુપમ શણગાર કરવામાં આવ્યો હતો



**સમય મિરર | જસદણ**

જસદણ નજીના સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવનું મહત્વ અને માહત્મ્ય સોમનાથ જ્યોતિર્લિંગ જેટલું જ અનન્ય છે. ત્યારે મંદિરના પુજારી હસુભાઈ જોશી દ્વારા ચૈત્ર નવરાત્રીના ચોથા નોરતે સ્કંદમાતા નો અનેરો શણગાર કરવામાં આવ્યો હતો. ઘેલા સોમનાથ મહાદેવના અનુપમ શણગારના હજારો ભાવિકોએ રૂબરૂ અને સોશિયલ મીડિયાના માધ્યમથી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વધુમાં મંદિરના પૂજારી દ્વારા નવરાત્રીના પાવન નવલા નોરતા દરમિયાન દરરોજ ઘેલા સોમનાથ મહાદેવને અલગ-અલગ શણગાર કરવામાં આવશે અને માતાજીની ભક્તિભાવ સાથે આરાધના કરવામાં આવશે.

રાજકોટ મનપાના તત્કાલીન આ. ટાઉન પ્લાનર વિરૂદ્ધ અપ્રમાણસરની ફરિયાદ

# એક્ઝિક્યુટીવ એન્જીનિયર પાસેથી ૬૫.૯૭ લાખની બેનામી સંપત્તિ મળતાં તપાસનો ધમધમાટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મનપાના તત્કાલીન આ. ટાઉન પ્લાનર અને એકઝીકયુટીવ એન્જીનીયર પાસેથી રૂ.૬૫.૯૭ લાખની બેનામી સંપત્તિ મળતા એસીબી દ્વારા અપ્રમાણસરની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ મનપાના તત્કાલીન આસીસટન્ટ ટાઉન પ્લાનર અને હાલ બાંધકામ શાખાના નાયબ કાર્યપાલક ઈજનેર અજયભાઈ મનસુખભાઈ વેગડની અપ્રમાણસર મિલ્કતની તપાસના ચેક પીરીયડ તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૦૩/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમયાન મેળવવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ, બેંક ખાતાની વિગતો અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલ દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોનું વિશ્લેષણ એ.સી.બી. ના નાણાંકીય સલાહકાર દ્વારા કરવામાં આવ્યા બાદ આરોપીએ પોતાની કાયદેસરની ફરજ દરમયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરઉપયોગ કરી, ઈરાદાપુર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે વિવિધ ભ્રષ્ટ રીત રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી નાણાં મેળવી, તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા પોતાના પત્નિ તથા બાળકોના નામે સ્થાવર / જંગમ મિલ્કતોમાં રોકાણ કરેલાનું પ્રાથમિક દ્રષ્ટિએ ફલિત થયેલ. જેથી આરોપી વિરૂધ્ધ રૂા.૭૫,૨૧,૦૯૩નુ એટલે કે, ૩૮.૭૬ ટકા વધુ અપ્રમાણસર મિલ્કતો એટલે કે આવક કરતા વધુ સંપત્તિ વસાવેલ હોય, જે બાબતેની અરજી તપાસ પિયુષ પટેલ, નિયામક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજય, અમદાવાદ તથા કે.એચ. ગોહિલ, મદદનીશ નિયામક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, રાજકોટ એકમ, રાજકોટનાઓના માર્ગદર્શન મુજબ કરી, તપાસ કરનાર અધિકારી પી.એ. દેકાવાડીયા, પોલીસ ઈન્સ્પેકટર, એ.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટએ સરકાર તરફે ફરીયાદી બની રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સને-૧૯૮૮ (સુધારો-૨૦૧૮) ની કલમ ૧૩(૧)(બી) તથા ૧૩(૨) મુજબનો ગુન્હો દાખલ કરાવેલ છે. જે ગુન્હાની આગળની તપાસ જે.એમ. આલ, પોલીસ ઈન્સ્પેકટર એ.સી.બી. પોલીસ સ્ટેશન રાજકોટ ગ્રામ્યનાઓને સોંપવામાં આવેલ છે. આરોપી અજયભાઈ મનસુખભાઈ વેગડનાઓએ ચેક પીરીયડ તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૦૩/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના તથા પોતાના પરીવારના સભ્યોના અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂા.૬૫,૯૭,૦૦૦/- ની રોકડ રકમ જમા કરાવેલ છે.

આ ઉપરોકત કેસ અંગે તથા અન્ય કોઈ સરકારી અધિકારી / કર્મચારીની અપ્રમાણસર મિલ્કતો તથા બેનામી મિલ્કતો (જેવી કે ખેતીની જમીન, પ્લોટ, મકાન, ઓફીસ, દુકાન, વાહન, બેંક લોકર, બેંક એકાઉન્ટ વિગેરે) તથા જેમના નામે બેનામી મિલ્કતો વસાવવામાં આવેલ છે તેવા ઈસમોની સચોટ અને વિસ્તૃત માહિતી અંગેની જાણ એ.સી.બી.ના ટોલ ફ્રી નં.૧૦૬૪, ફોન નં. ૦૭૯-૨૨૮૬૬૭૭૨, ફેકસ નં-૦૭૯-૨૨૮૬૯૨૨૮, વ્હોટસએપ નં.૯૦૯૯૯ ૧૧૦૫૫ ઉપર મોકલી આપવા અથવા કચેરી સમય દરમયાન અત્રે રૂબરૂ સંપર્ક કરવા અથવા CD અથવા પેનડ્રાઈવમાં માહિતી મોકલવા નાગરીકોને આહવાન કરવામાં આવે છે.

# રાજકોટમાં બાઈક સ્લીપ થતાં પટકાયેલા માસુમ પર ટ્રકનું વ્હીલ ફરી વળતાં મોત

## અકસ્માત થતા કાર ચાલકે પીછો કરતા ઘટના ઘટી; મામા અને માસી સાથે ફરવા નીકળેલા ભાણેજને કાળ ખેંચી ગયો

**સમય મિરર | રાજકોટ**

મૂળ બિહારના વતની અને હાલ શાપર નજીક આવેલ ગુંદાસરા ગામે રહેતા પરિવારનો છ વર્ષનો માસુમ મામા અને માસી સાથે રાજકોટ ખાતે ફરવા આવતો હતો ત્યારે બાઈક કાર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કાર ચાલક સહિત ચાર શખ્સોએ બાઈક ચાલકનો પીછો કર્યો હતો તે દરમિયાન ગભરાઈ ગયેલા બાઈક ચાલકે ડ્રાઈવિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થયું હતું. બાઈક સ્લીપ થતાની સાથે જ પાછળથી ધસી આવેલો ટ્રક છ વર્ષના માસુમ પર ફરી વળતા મામા અને માસીની નજર સામે જ માસુમનું મોત નીપજ્યું હતું. માસુમના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ બિહારના વતની અને હાલ શાપર વેરાવળ નજીક આવેલ ગુંદાસરા ગામે રહેતા પરિવારનો હાર્દિક પંકજભાઈ ચૌધરી તેના મામા વિક્રમ પરવેઝ શર્મા અને માસી સાથે બાઈકમાં બેસી રાજકોટમાં અટલ સરોવર ખાતે ફરવા આવતો હતો ત્યારે માધાપર ચોકડી પાસે બાઈક સ્લીપ થતા માસુમ બાળક સહિત ત્રણેય રોડ પર ફંગોળાયા હતા તે દરમિયાન પાછળથી ધસી આવેલો ટ્રક માસુમ બાળક પર ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હતી માસુમ બાળકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે મોત નીપજતા શ્રમિક પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક હાર્દિક ચૌધરી તેના માતા-પિતાને આધાર સ્થંભ એકનો એક પુત્ર હતો છેલ્લા ચાર મહિનાથી મામા વિક્રમ શર્માના ઘરે રોકાવા માટે આવ્યો હતો ગઈકાલે મામા વિક્રમ શર્મા અને તેની માસી સાથે હાર્દિક ચૌધરી રાજકોટમાં અટલ સરોવર ખાતે ફરવા અને ગોલા ખાવા માટે આવી રહ્યો હતો ત્યારે રૈયા ચોકડી પાસે વિક્રમ શર્માનું બાઈક કારને અડી જતા અકસ્માત થયો હતો. જ્યાંથી વિક્રમ શર્મા પોતાનું બાઈક લઈને ભાગ્યો હતો. જેને પગલે કાર ચાલક સહિત ચાર શખ્સોએ બાઇકનો પીછો કર્યો હતો. જેથી ગભરાયેલા વિક્રમ શર્માએ ડ્રાઈવિંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક માધાપર ચોકડી પાસે સ્લીપ થતા પાછળથી ધસી આવેલા ટ્રકનું ટાયર માસુમ બાળક પર ફરી વળતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં કાળા કાચ લગાવનારા ચેતી જજો : ૧૩૫૪ કારચાલકો દંડાયા

## એક અઠવાડિયા સુધી ટ્રાફિક પોલીસે વાહન ચેકિંગ ડ્રાઇવ યોજી ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા કાયદાનો દંડો ઉગામયો



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં ટ્રાફિક દ્વારા અવારનવાર ડ્રાઈવ યોજવામાં આવે છે. જેના કારણે ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. હાલ ટ્રાફિક પોલીસ બ્લેક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ કે અન્ય ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ પર દંડનીય કાર્યવાહી કરી રહી છે. પોલીસ કર્મચારીઓ પોતાની કારમાં સરેઆમ બ્લેક ફિલ્મ લગાવીને ફરી રહ્યું છે તે તેમજ નંબર પ્લેટ લગાવેલી નથી. ત્યારે કોઇ પણ પોલીસ કર્મચારીઓ તેમની કારમાં પોલીસ લખેલું બોર્ડ મૂકે તે પણ ગેરકાયદે છે. લોકોને નિયમનું પાલન કરાવતાં પહેલાં પોલીસ પોતે નિયમોનું પાલન કરે તેવું જાગૃત લોકો માની રહ્યા છે. રાજકોટમાં આવેલા તમામ પોલીસ સ્ટેશનો તેમજ ક્રાઈમ બ્રાંચ અને એસઓજી એજન્સીઓમાં ફરકતા મોટાભાગના પોલીસ કર્મચારીઓ પોતાની કારમાં બ્લેક ફિલ્મ લગાવી રાખી છે. જો કોઈ વાહનચાલક કારમાં બ્લેક ફિલ્મ લગાવીને જતો હોય અને જોતે ટ્રાફિક પોલીસના હાથે ઝડપાઈ જાય તો તેને દંડ તો થાય છે. પરંતુ જાહેરમાં તેની બ્લેક ફિલ્મ કાઢી છે. ત્યારે રાજકોટ શહેરમાં ટ્રાફિક ડીસીપી પૂજા યાદવની રાહબરીમાં એસીપી વી.જી.પટેલની સૂચનાથી તમામ સેક્ટરના પીઆઈ અને ટીમ દ્વારા તા.૨૫/૩થી તા.૧/૦૪ સુધી ટ્રાફિક ડ્રાઈવ રાખવામાં આવી હતી. આ તકે ટ્રાફિક નિયમ ભંગ કરતા શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી લગભગ ૧૩૫૪ ચાલકો બ્લેક ફિલ્મ લગાવેલી હત તેઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજકોટમાં નાળ લગાડતા યુવકને ઘોડાએ છાતીમાં લાત મારતાં મોત

## રાજસ્થાની યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**

મૂળ રાજસ્થાનના વતની અને હાલ રાજકોટમાં રૈયાગામ વિસ્તારમાં રહેતો યુવાન તબેલામાં ઘોડાને નાલ લગાડતો હતો ત્યારે ઘોડાએ છાતીના ભાગે લાત મારી દીધી હતી. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નીપજતા રાજસ્થાની પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ રાજસ્થાનના જોધપુર ગામના વતની અને હાલ રાજકોટમાં રૈયા ગામ સ્મશાન પાસે રહેતા તેજસિંહ અમરસિંહ ઈડા નામનો ૩૯ વર્ષનો યુવાન રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં મહેન્દ્રભાઈના તબેલામાં ઘોડાને નાલ લગાડવાનું કામ કરતો હતો ત્યારે ઘોડાએ છાતીના ભાગે લાત મારતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકને નિષ્પ્રાણ જાહેર કરતા રાજસ્થાની પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક તેજસિંહ મૂળ રાજસ્થાનના જોધપુરનો વતની હતો અને નાલ લગાડવાનું અને ઘોડાના નખ કાપવાનું કામ કરતો હતો. તેજસિંહ ઈડા ચાર ભાઈ ત્રણ બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ ટ્રાફિક શાખાના એસીપી જે.બી. ગઢવીની નિવૃત્તિ

# શિક્ષકથી લઈ એસીપી સુધીની ૩૩ વર્ષની સફર ખેડનાર જય વિરદાન ગઢવીને માનભેર અપાઈ વિદાય

**સમય મિરર | રાજકોટ**




મુળ સુરેન્દ્રનગરના મુળીના વતની અને શિક્ષકથી લઈ પોલીસ વિભાગમાં એસીપી સુધીની ૩૦ વર્ષની સફર ખેડનાર રાજકોટના ટ્રાફિક એસીપી જે.બી. ગઢવી નિવૃત થતાં પોલીસ કર્મીઓ દ્વારા માનભેર વિદાય આપવામાં આવી હતી.

રાજકોટમાં છેલ્લા અઢી વર્ષથી ટ્રાફિક શાખાના એસીપી તરીકે ફરજ બજાવતા જયવીરદાન ભવાનીદાન ગઢવી વય મર્યાદાના કારણે નિવૃત થયા છે. જે.બી. ગઢવી મુળ મુળીનાવતની હતા અને ૧૯૯૧-૯૨માં ધ્રાંગધ્રા કેન્દ્રીય વિદ્યાલયમાં બે વર્ષ સુધી એડહોક શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. ૧૯૯૩માં પીએસઆઈ તરીકે ભરતી થયા હતાં. અને જૂનાગઢ પીટીસી ખાતે તાલીમ મેળવી હતી. બાદમાં કપડવંજ અને નડિયાદમાં ત્રણ વર્ષ સુધી ફરજ બજાવી હતી. ત્યાર બાદ સ્ટેટ ટ્રાફિક બ્રાંચમાં બે વર્ષ સુધી સેવા આપી હતી. વડોદરા સીટી કારેલીબાગમાં બે વર્ષ નોકરી કરી હતી. દાહોદ જિલ્લાના ગરબાડા એસપી રિડર, જિલ્લા ટ્રાફિક ફતેપુર, દાઉદ તાલુકા પોલીસ સ્ટેશન અને દેવગઢ બારિયા પોલીસ સ્ટેશન ખાતે પાંચ વર્ષ સેવા આપી હતી. આણંદના વાસદ પોસ્ટે ખાતે ૧૩ માસ સેવા આપ્યા બાદ ૨૦૦૮માં પીઆઈ તરીકે પ્રમોશન કર્યુ હતું. અમદાવાદના એલીસ બ્રીજ, લાયસન્સ બ્રાંચ, ઈસરત ઝા એન્કાઉન્ટરમાં ફરજ બજાવેલ વડોદરા પીટીસી ખાતે ૯ માસ, અને સુરત શહેરના ઉમરા પોસ્ટેમાં સેવાબજાવી હતી. ૨૦૧૫માં ડિવાયએસપી તરીકે પ્રમોશન મળ્યા બાદ ભૂજમાં એક વર્ષ સુધી ઈન્ચાર્જ ડીસીઆઈ તરીકે અને એક વર્ષ એસીઆઈ તરીકે ફરજ બજાવી હતી. બાદમાં પોલીસભવન આઈબી હેડ ઓફિસ ખાતે બે વર્ષ સુધી સેવા આપી હતી. જૂનાગઢ રિઝન એસિઆઈ તરીકે ૯ માસ અને કેશોદમાં ચાર વર્ષ સુધી ડીવાયએસપી તરીકે ફરજ બજાવ્યા બાદ રાજકોટમાં છેલ્લા અઢી વર્ષથી ટ્રાફિક શાખામાં એસીપી તરીકે ફરજ બજાવી સરાહનીય કામગીરી કરી હતી. જે.બી. ગઢવી વય મર્યાદાના કારણે નિવૃત થતાં પોલીસ કર્મચારીઓ દ્વારા માનભેર વિદાય આપવામાં આવી હતી.

# ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશનના આસિ. જનરલ મેનેજરના અકસ્માત મૃત્યુ કેસમાં ૧.૮૫ કરોડનું વળતર મંજુર

## અમદાવાદ પાસે પાંચ વર્ષ પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ થતાં વારસદારોએ ક્લેઈમ કેસ કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

અમદાવાદ પાસે ઈનોવા કારના અકસ્માતમાં ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ જનરલ મેનેજરનું મૃત્યુના સાડા પાંચ વર્ષ પહેલાંના કેસમાં રાજકોટ મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા વ્યાજ સહિત રૂ.૧.૮૫ કરોડના વળતરનો વીમા કંપનીને હુકમ કરવામાં આવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, તા. ૧૮/ ૦૭/ ૨૦૧૯ ના રોજ ઈન્ડિયન સ્ટીલ કોર્પોરેશન કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર મનોજકુમાર મોહનલાલ અગ્રવાલ ઈનોવા કાર નં. જી.જે./ ૧૨/ બીએફ/૨૪૩૩ માં બેસીને ધ્રાંગધ્રાથી જતાં હતા, અમદાવાદ પહોંચ્યા ત્યારે ઓચિંતા રોડ પર ગાય આવતા ઈનોવા કારના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા ઈનોવા ડિવાઈડરના સામેના રોડ પર ટ્રક ટ્રેલર નં. આર.જે./ પર.જીએ/ ૩૫૧૭ સાથે અથડાતા ગંભીર પ્રકારના અકસ્માત અકસ્માતમાં મનોજકુમાર અગ્રવાલનું મૃત્યુ થયું હતું. બાદ મૃત્યુ પામનારના વારસ પત્ની રીનાબેન અગ્રવાલ (રહે. ગાઝિયાબાદ યુપી) અને અન્ય વારસોએ રાજકોટ ક્લેઈમ ટ્રિબ્યુનલમાં અકસ્માત મૃત્યુનું વળતર મેળવવા પોતાના વકીલ રાજેશ આર. મહેતા તથા રુદ્ર એ. ભટ્ટ મારફત ક્લેઈમ કેસ અરજદાર પક્ષે વિવિધ પુરાવાઓ રજૂ કરેલ અને સાક્ષીઓની જુબાની લીધેલ તથા તેમજ કેસ વિરુધ્ધમાં વીમા કંપની તથા ઈનોવા કાર માલિકની કંપની એ.એમ.એન.એસ. ગાંધીધામ લી. દ્વારા વળતર ચૂકવવા સામે વાંધાઓ લીધેલ કે ગુજરનાર ને ગ્રૂપ ઈન્સ્યોરન્સ પોલિસી (જી.પી.એ.) અંતરગત અલગથી ૩૦ લાખ રૂપિયા મળી ગયેલ હોય તેથી હવે ગુજરનાર અન્ય કોઈ રકમ મેળવવા હકદાર થતાં નથી, અન્યથા જે રકમ મંજૂર થાય તેમાંથી જી.પી.એ.ની રકમ ૩૦ લાખ બાદ કરવા તથા માલીક દ્વારા આઇ.એમ.ટી. ૨૯ અંતર્ગત પ્રિમિયમ ભરેલ ન હોય તેવા અલગ અલગ બચાવ લઈ અને વળતર ન ચૂકવવા દલીલો કરી હતી. પરંતુ ટ્રિબ્યુનલ દ્વારા અરજદાર પક્ષે રજૂ રાખેલ મૌખિક પુરાવાઓ, દસ્તાવેજી પુરાવાઓ તથા રજૂ રાખેલ ઉચ્ચ તથા સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટ ક્લેઈમ ટ્રિબ્યુનલના જજ વી.કે.ભટ્ટે બંનેના બચાવો અમાન્ય રાખી વીમા કંપનીએ દ્વારા વ્યાજ સહિત રકમ રૂ. ૧.૮૫ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આ કેસ માં ગુજરનારના વારસો વતી સિનિયર એડવોકેટ રાજેશ આર. મહેતા, રુદ્ર.એ.ભટ્ટ તથા મદદનીશ સારંગ ભટ્ટી રોકાયા હતા.

રાજકોટની ઘટના; ભત્રીજાની સાયબર ક્રાઇમમાં ગુનામાં ધરપકડ બાદ સમન્સ પાઠવવા આવેલી પોલીસની ફરજમાં રુકાવટ કર્યાની ફરિયાદ

# અમદાવાદ પોલીસ ખોટી રીતે પકડવા આવતી હોવાના આક્ષેપ સાથે કેટરર્સના ધંધાર્થીએ એસિડ પીધું

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ પર યોગેશ્વર પાર્કમાં રહેતા કેટરર્સના ધંધાર્થીને અમદાવાદ પોલીસ ખોટી રીતે પકડવા આવતા તેણે પોલીસની હાજરીમાં જ એસીડ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો સાઈબર ક્રાઇમના ગુનામાં ભત્રીજાની ધરપડ બાદ પોલીસ પરિવારને હેરાનગતી કરતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્ય છે. જ્યારે સમન્સ પાઠવા આવેલી પોલીસની ફરજમાં રુકાવટ કર્યાની ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ સાધુવાસવાણી રોડ પર પાટીદાર ચોક પાસે આવેલા યોગેશ્વરપાર્કમાં રહેતા અને રવિરાંદલ કેટરર્સ નામે ધંધો કરતા ધર્મેન્દ્રભાઈ રમણીકભાઈ શાહ, (ઉ.વ.૪૨)એ આજે સવારે પોતાના ઘરે એસીડ પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનો દ્વારા અમદાવાદ સાઈબર ક્રાઈમ પોલીસ ઉપર આક્ષેપો કરવામાં આવ્યા છે. પરિવારજનોના જણાવ્યા મુજબ સાયબર ફ્રેતરપીંડીના ગુનામાં અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસે તેના ભત્રીજા સાજન અરૂણભાઈ શાહજે સીએનો અભ્યાસ કરે છે. તેની ૨૨ દિવસ પહેલા ધરપકડ કરવામાં આવી છે. ભત્રીજા ઉપરાંત ઉના પંથકના પંકજ અને હિતેપની પણ આ ગુનામાં ધરપકડ થઇ હતી. જો કે એ બંન્ને આરોપી છુટી ગયા હતા અને ભત્રીજો હજુ પોલીસ કડીમાં હોય અમદાવાદ પોલીસ દ્વારા અવાર નવાર પરિવારની હેરાન ગતી કરવામાં આવે છે. આજે સવારે અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસ કોઈ પણ જાતની નોટીસકે સમન્સ વગર ધર્મેન્દ્રભાઇને ઉપાડવા માટે ઘરે આવ્યા હતા. જેથી પરિવારજનો દ્વારા લીગલ નોટીસ આપો એટલે અમે ધર્મેન્દ્રભાઈ ને હાજર કરી દયે તેમ જણાવવા છતા પોલીસ ધર્મેન્દ્રભાઈને લઇ જવા માટે માથાકૂટ કરતી હોય જેથી પોલીસની હાજરીમાં જ ધર્મેન્દ્રભાઇ પોતાના ઘરે એસીડ પી આપઘાતનો પ્રયાસ કરી લીધાનું પરિવારજનોએ જણાવ્યું હતુ.

આ અંગે અમદાવાદ સાયબર પોલીસ મથકના એએસઆઇ રાજેન્દ્રભાઇ યાદવે ધર્મેશ રમણીકલાલ શાહ, તેની પત્ની, તેના ભાઈ અરૂણભાઇ શાહ અને અરૂણભાઈની પત્ની વિરુદ્ધ ફરજમાં રુકાવટ કર્યાની ફરિયાદ નોંધાવી છે અને ફરિયાદમાં જણાવ્યું હતું કે સાયબર ક્રાઇમના ગુનામાં નોટિસ બજવણી કરવા આવતા ચારેય શખ્સોએ ફરજમાં રૂકાવટ કરી હતી. યુનિવર્સિટી પોલીસે એએસઆઇ રાજેન્દ્રભાઈ યાદવે નોંધાવેલી ફરિયાદના આધારે તપાસનો દોર લંબાવ્યો છે. સિવિલ ચોકીના સ્ટાફે પ્રથામિક નોંધ કરી યુનિ. પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંજાના ગુનામાં સપ્લાયરને જામીન મુક્ત કરતી કોર્ટ

## ૫૧ કિ.ગ્રા. માદક પદાર્થ સાથે ઝડપાયેલી બેલડીની પૂછપરછમાં નામ ખુલતા ધરપકડ થઈ'તી

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાથી ઝડપાયેલા ૫૧ કી.ગ્રા. ગાંજાના ગુનામાં ઝડપાયેલા બોટાદના સપ્લાયરને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં જંગલેશ્વર મેઈન રોડ ઉપર હુશેની ડેરી પાસે આવેલમકાનમાથી પોલીસે બાતમીના આધારે રફીક યુનુષભાઈ જુણેજા અને અસલમ ગુડુભાઈ સૌયદને ૫૧ કી.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધા હતા. જે ગાંજાનો જથ્થો આરોપી જાવીદ જુસફભાઈ જુનેજા પાસેથી મંગાવ્યાની કબુલાતના આધારે પોલીસે જાવેદ જુનેજાની અટક કરી હતી. તેની પૂછપરછમાં સપ્લાયર તરીકે સૈયદ અશરફભાઈ તૈલી અને બોટાદના સાજીદ ઉર્ફે ભીખો રહીમભાઈ તરકવાડીયાનું નામ ખુલતા તેની પણ ધરપકડ થઈ હતી. એનડીપીએસના ગુનામાં ઝડપાયેલા આરોપીઓની રિમાન્ડ અરજી રદ થતા જેલ હવાલે કરાયા હતા. જેલ હવાલે રહેલા બોટાદના સાજીદ ઉર્ફે ભીખો તરકવાડીયાએ પોતના એટવોકેટ મારફત

રાજકોટની સ્પેશયલ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટ દ્વારા આરોપીને રૂ.૫૦ હજારના રેગ્યુલર જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. કુડલીયા, શિવરાજસિહ જાડેજા અને લીગલ આસી. તરીકે જયદિપ ડી. ગઢિયા રોકાયા હતા.

# રાજકોટમાં ધો.૮ના છાત્રને કારના ચાલકે ઉલાળતાં હાથમાં ફ્રેક્ચર

## પોલીસ હેડકવાર્ટરના બગીચામાં ત્રણ મિત્રો બેસવા ગયા'તાઃ કિશોર સારવારમાં

**સમય મિરર | રાજકોટ**



રાજકોટમાં રૈયારોડ પર શિવપરામાં રહેતો અને ધો.૮માં ભણતો સ્મીત પંકજભાઈ પરમાર (ઉ.વ.૧૫)નામનો તરૂણ તેમના મિત્રો સાથે પોલીસ હેડકવાર્ટરમાં આવેલા બગીચામાં બેસવા ગયો હતો. ત્યારે પુરઝડપે આવી રહેલી કારે સ્મીતને ઉલાળતા તેમને હાથમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્મીતના પરિવારજનો એ જણાવ્યુ હતુ કે, પોતે એક ભાઈ એક બહેનમાં નાનો છે. પિતાને રૈયારોડ પર ખાખરાની દુકાન છે.આ મામલે પ્રનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે વધુ તપાસ શરૂ કરી છે.

# ડ્રગ્સ સાથે ઝડપાયેલા આરોપીના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

## માનખેત્રા હાઈવે પરથી મુંબઈની બે મહિલા સહિત ત્રણેય ૨૩.૯૯ ગ્રામ નશીલા પદાર્થ સાથે ઝડપાયા'તા

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

કેશોદ માનખેત્રા હાઈવે પાસેથી કુલ ૨૩.૯૯ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપાયેલા ધોરાજીના આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ ધોરાજીનો ઈમરાન જુમા મતવા મુંબઈની બે મહિલાઓ સાથે કાળા કલરની એવીનેસ મોપેડમાં પ્રતિબંધીત નાર્કોટીકસ ડ્રગ્સ લઈને રાજકોટ તરફથી કેશોદ થઈને માંગરોળ ખાતે વેંચાણ કરવા જતો હોવાની બાતમી આધારે જુનાગઢ એસ.ઓ. જી. પોલીસ કેશોદ માનખેત્રા હાઈવે પાસે વોંચ ગોઠવી ઈમરાન જુમા મતવા, અરિસા જુબેર મહમદ રફીક શેખ અને તાસીફ નદિમ જહુર ખાનને ઝડપી લીધા હતા. ઈમરાન પાસેથી ૨૧.૯૪ ગ્રામ અને આરિસા બહેન પાસેથી ૨.૦૫ ગ્રામ મળી કુલ ૨૩.૯૯ ગ્રામ મેફેડ્રોન કબ્જે કર્યું હતું. જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી ઈમરાન જુમાભાઈ મતવાની જામીન અરજી સેસન્સ કોર્ટમાં નામંજુર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવા હાઇકોર્ટે હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ધીયા, હર્ષ રોહિતભાઈ ઘિયા, કેતનભાઈ બેલડીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# રામનવમી પૂર્વે પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ, ડ્રોનથી સર્વેલન્સ શરૂ

## તહેવાર અંતર્ગત કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ વિભાગ એલર્ટ મોડમાં આવ્યો

**સમય મિરર | સુરત**



આગામી દિવસોમાં રામનવમીનો તહેવાર નજીક આવી રહ્યો છે. જેને લઈને રાજ્યના પોલીસ વડા દ્વારા દરેક જિલ્લાના સીપી અને એસપીને સાવચેત રહેવા અને આયોજન કરવાની સુચના આપ્યા બાદ જિલ્લા પોલીસ વડાઓ દ્વારા સંવેદનશીલ વિસ્તારમાં ફુટ માર્ચ, પેટ્રોલીંગ અને ડ્રોન કેમેરાથી સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સુરતમાં રામ નવમી દરમિયાન શહેરમાં કોમી છમકલું ન થાય તે માટે પોલીસે તૈયારી આરંભી છે. કોઈ અઇચ્છનીય ઘટના ન બને અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરત પોલીસ દ્વારા શહેરમાં ડ્રોન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ડ્રોન પેટ્રોલિંગથી ભીડભાડવાળા વિસ્તારો અને સંવેદનશીલ સ્થળોએ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

૬ એપ્રિલના રોજ ભક્તો દ્વારા રામનવમીની ભક્તિભાવ સાથે ઊજવણી કરવામાં આવશે. આ પાવન તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગઈ છે. શહેરના ઉધના રેલવે સ્ટેશન કે જ્યાં હજારો મુસાફરોની અવરજવર રહે છે ત્યાં ઉધના પોલીસ દ્વારા ખાસ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યું છે.

શહેરમાં રામ નવમીના દિવસે વિવિધ સંગઠનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવે છે. આ રેલીના રૂટ પર કડક સુરક્ષા માટે પોલીસ દ્વારા ડ્રોન સર્વેલન્સ અને ગ્રાઉન્ડ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉધના રેલવે સ્ટેશન અને તેની આસપાસ પોલીસ દળ સતત મોનીટરીંગ કરી રહ્યું છે, જેથી કોઈ ગડબડ ન થાય અને લોકો તહેવાર શાંતિપૂર્વક ઉજવી શકે. સુરત પોલીસના અધિકારીઓએ પણ જણાવ્યું છે કે, જો કોઈ શખસ ગેરકાયદેસર હરકત કરવાનો પ્રયાસ કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.




# ગુજરાતભરમાં લાયસન્સ વગર ધમધમતી ફેક્ટરીઓ અને ગોડાઉનોને અલીગઢી મારવા સરકારનો એક્શન પ્લાન

## ફટાકડાના એકમો પર ચેકીંગ માટે પોલીસને સૂચના અપાઈ : સુરક્ષા ઉપકરણોની ખામીઓ જણાશે તો પણ કડક પગલાં લેવા નિર્દેશ

**સમય મિરર | ડીસા**

રાજ્યમાં ભયંકર ઘટનાઓ બાદ રાજ્ય સરકાર તેમાંથી ધડો લઈ અને કાર્યવાહી કરતી હોવાની પરંપરાને યથાવત જાળવી રાખી છે. રાજકોટમાં ટીઆરપી કાંડ બાદ સમગ્ર રાજ્યમાં ગેમઝોનને તાળા મારી દેવામાં આવ્યા હતાં અને એનઓસીના કડક નિયમો લગાવવામાં આવ્યા હતાં. આ કડક કાર્યવાહી માત્ર કાગળ પર થઈ હોવાનો કિસ્સો ડિસામાં સામે આવ્યો છે. ડિસામાં ફટાકડાના ગોડાઉનમાં બ્લાસ્ટ થતાં ૨૧ નિર્દોષ શ્રમિકોના ભોગ લેવાયા હતાં. ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ ફરીવાર સર્જાયો છે. રાજ્યભરમાં આવેલા ફટાકડાના ગોડાઉન પર દરોડા પાડવામાં આવ્યા છે અને ગેરકાયદેસર ધમધમતા ગોડાઉનને તાળા મારવામાં આવશે. તેવા નિવેદનો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ડીસાની દુર્ઘટના બાદ ગૃહ વિભાગ એક્શનમાં આવ્યું છે. રાજ્યભરમાં ફટાકડા ના એકમો પર ચેકિંગ માટે પોલીસને સૂચના આપવામાં આવી છે. લાઈસન્સ વગર ચાલતી ફટાકડાની ફેકટરીઓ અને ગોડાઉનો પર હવે તાળા લાગશે. લાઈસન્સ વગર ચાલતા ફટાકડાના એકમો પર પગલાંઓ લેવા કડક સૂચના આપવામાં આવી છે. સુરક્ષા ઉપકરણોની ખામીઓ માલુમ પડશે તો પણ કડક પગલાંઓ લેવાશે.

### રાજકોટની જે.કે. કોટેજ કંપની છેલ્લા ૧૮ વર્ષથી ગેરકાયદેસર ચાલતી હતી

રાજકોટમાં મંગળવારે કુવાડવા રોડ ઉપર આવેલી જે.કે. કોટેજ કંપનીમાં આગ લાગી હતી. આ આગ બુઝાવવા છ થી સાત ફાયર ફાયટરોને દોડાવવામાં આવ્યા હતાં. અન્ય બનાવમાંથી ધડો નહીં લેનાર તંત્રની બેદરકારી સામે આવી છે. જેમાં ખુદ રૂડાના ચીફ એક્ઝિક્યુટિવ જી. વી. મિયાણીએ જણાવ્યું હતું કે, આણંદપર નવાગામમાં જે. કે. કોટેજ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગવાની દુર્ઘટના બની હતી ત્યારબાદ તપાસ કરતા માલુમ પડ્યું કે, વર્ષ ૨૦૦૭માં આ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ફેક્ટરીનો માત્ર લે-આઉટ પ્લાન જ મંજૂર કરવામાં આવ્યો હતો. અન્ય કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી ન હતી એટલે કે વિકાસ પરવાનગી અને બિલ્ડીંગ યુઝ પરમિશન લેવામાં આવી ન હતી. જેથી, તેમને નોટિસ આપી છે અને હવે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

#### તંત્રએ નોટિસ આપી નથી : સંચાલક

આ મામલે ફેક્ટરીના માલિકે જણાવ્યું કે, જ્યારે બિલ્ડિંગ બનાવવામાં આવી ત્યારે અમને GPCB અને RUDA ની મંજૂરી લેવી પડશે કે કેમ તે વિશે કોઈ માહિતી નહતી. તંત્ર દ્વારા અમને કોઈ નોટિસ અપાઈ નથી.

#### રીન્યુ કરવાની સચના આપી : અધિકારી

RUDA ચીફ એક્ઝિક્યુટિવ જી.વી.મિયાણીએ જણાવ્યું હતું કે, ફાયર સાધનો ગત વર્ષે જ રીન્યુ કર્યા હતા, રીન્યુ કરવા માટેની સૂચના આપી છે. સાધનો ફિટિંગ કરવા ટેન્ડર પ્રક્રિયા કરી. એક જ એજન્સી આવતા રી-ટેન્ડર કરાયુ. ૧ મહિનામાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરાશે.

### તમામ મૃતકોના મૃતદેહને ૧૧ એમ્બ્યુલન્સમાં વતન મોકલાયા ફેક્ટરી માલિક પિતા-પુત્રને કોર્ટમાં રજૂ કરવા તજવીજ

આ તમામના મૃતદેહ લેવા માટે વહેલી સવારે ૫ વાગ્યે મધ્ય પ્રદેશથી અધિકારીઓ ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા. સવારે ૮:૧૫ વાગ્યા આસપાસ પોલીસ પાટલોટિંગ સાથે મૃતદેહો લઇ એમ્બ્યુલન્સનો કાફલો મધ્ય પ્રદેશ જવા રવાના થયો હતો. આ મામલે આરોપી ફેક્ટરી માલિક પિતા-પુત્ર ખૂબચંદ મોહનાની અને દિપક મોહનાની એલસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ખૂબચંદના ભાઇ જગદીશ મોહનાનીની પણ અટકાયત કરવામાં આવી છે. આ કેસની તપાસ માટે SITની રચના કરવામાં આવી છે.

---

**રાજ્યના મોટાભાગના ખેડૂતો રજીસ્ટ્રેશનમાં બાકી રહી જતાં સરકારનો નિર્ણય**

# તુવેરની તારીખ 30 એપ્રિલ અને ઘઉંની ટેકાના ભાવે ખરીદી ૩૧ મે સુધી લંબાવાઈ

**સમય મિરર | ગાંધીનગર**

રાજ્ય સરકાર દ્વારા તુવેર અને ઘંઉની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં બન્ને જણસીની રજીસ્ટ્રેશન મર્યાદા પૂર્ણ થઈ જવા છતાં પણ કેટલાક ખેડુતો રજીસ્ટ્રેશનથી વંચીત રહી ગયા હતાં. તેઓને ટેકાના ભાવનો લાભ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા તુવેર ખરીદીમાં તા. ૩૦ એપ્રિલ અને ઘંઉની ખરીદી માટે તા. ૩૧ સુધીનો સમયગાળો વધારવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગત તા. ૨૪ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો. અત્યાર સુધીમાં રાજ્યના ૫૮,૩૦૦ જેટલા ખેડૂતો પાસેથી રૂ. ૮૪૧ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૧૧ લાખ મેટ્રિક ટન તુવેરની ખરીદી કરવામાં આવી છે. નોંધણી કરાવી હોય અને તુવેરનું વેચાણ કરવાનું બાકી હોય તેવા તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૩૦ એપ્રિલ સુધીમાં તુવેરની ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરી ૧૭, માર્ચથી ઘઉંની ખરીદી હાથ ધરવામાં આવી છે. આ યોજના હેઠળ ૫, એપ્રિલ સુધીમાં ખેડૂતોએ ઓન લાઈન નોંધણી કરાવવાની હતી. જેની મુદત વધારીને ૩૧, મે સુધીની કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના ખેડૂતો આગામી ૩૧, મે સુધીમાં ગ્રામ પંચાયતમાં વીસીઈ મારફત ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે નોંધણી કરાવી શકશે. સરકાર પ્રતિ ૨૦ કિલોએ રૂ.૪૮૫ના ટેકાના ભાવથી ખરીદી કરી રહી છે.

# સરકારનું અલ્ટીમેટમ આજે પુરું આરોગ્ય કર્મચારીઓનો ફેંસલો થશે

## આંદોલનકારીઓને ૩ એપ્રિલ સુધીમાં ફરજના સ્થળે હાજર થવા સુચના અપાઈ હતી

**સમય મિરર | ગાંધીનગર**

ગ્રેડ-પે સહિતના મુદ્દે રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ૧૭ દિવસથી આંદોલન કરવામાં આવી રહ્યું છે. આ આંદોલનમાં રાજ્યસરકાર દ્વારા કાયમી કર્મચારીઓને છુટા કરવાના આદેશ આપવામાં આવ્યા હતાં. છતાં આંદોલન શરૂ રહ્યું હતું જેને લઈને તા. ૩ એપ્રિલ ફરજના સ્થળે હાજર થવા સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. અન્યથા કાર્યવાહી પરત લેવામાં આવશે નહીં તેવું અલ્ટિમેટમ આપવામાં આવ્યુ હતું. તે આજે પૂર્ણ થતાં સમગ્ર કાર્યવાહી પર સૌની નજર મંડરાયેલી છે.

આરોગ્ય કર્મચારીઓએ વણઉકેલાયેલા મુદ્દાઓને લઈને સરકાર સામે હથિયાર ઉપાડ્યા છે.૧૪૨૮ આરોગ્ય કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પાંચ હજાર કર્મચારીઓને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. જોકે, આરોગ્ય કર્મચારીઓ તેમની લડત પર અડગ છે અને કહ્યુ છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ હડતાળ ચાલુ રાખશે. આજે પણ ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓએ ગુલાબનું ફૂલ વહેંચીને ગાંધીગીરીની ઉજવણી કરી હતી. આરોગ્ય કર્મચારી સંઘે જાહેરાત કરી છે કે જ્યાં સુધી સરકાર વાતચીત દ્વારા કર્મચારીઓની માંગણીઓ સ્વીકારે નહીં ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. રાજ્ય સરકારના અલ્ટીમેટમ છતાં, ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓ પાછા હટવા તૈયાર નથી. આ જોતાં, આગામી દિવસોમાં કર્મચારીઓ અને સરકાર વચ્ચે તણાવ વધશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

---

# સ્વામિનારાયણ સંતોના બેફામ વાણી વિલાસ બાબતે વડતાલમાં બંધબારણે 'સત્સંગ'



**સમય મિરર | ખેડા**

**વડતાલ સત્સંગસભામાં પ્રમુખની અધ્યક્ષતામાં બેઠક મળી : ગુજરાતભરના પ્રમુખ સ્વામીઓએ હાજરી આપી**

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી સ્વામીનારાયણ સંતો દ્વારા સનાતન ધર્મના દેવીદેવતાઓ અંગે વિવાદીત ટીપણીઓ કરવામાં આવી રહી છે. સમગ્ર સનાતન ધર્મના અનુયાયીઓમાં રોષ ફાટી નિકળ્યો છે અને આવા બફાટ કરનાર સ્વામીનારાયણ સંતો સામે આકરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. આ સિલસિલો સતત શરૂ રહેતા રાજયભરના સ્વામીનારાયણ મંદિરોના પ્રમુખ સ્વામીઓની એક બંધબારણે બેઠક ખેડાના સ્વામીનારાયણ મંદિરમાં મળી હોવાનું જાણવા મળ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ આ બેઠક વડતાલ સત્સંગસભાના પ્રમુખની અધ્યક્ષતામાં મળી છે.

સ્વામિનારાયણના સંતોના બફાટ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. બફાટ્યા સાધુના નિવેદનને લઇ ખેડાના વડતાલમાં સંતોની બંધ બારણે બેઠક મળી છે. જેમાં વડતાલ સત્સંગ સભાના પ્રમુખની અધ્યક્ષતામાં બેઠક મળી છે. બેઠકમાં સ્વામિનારાયણના સંતોના બફાટને લઈ ચર્ચા કરવામાં આવી છે.

વડતાલ સ્વામિનારાયણ મંદિરના સંતો દ્વારા બફાટ મામલે વડતાલ ખાતે સંતોની બંધ બારણે બેઠક મળી છે કારણ કે, અવારનવાર સ્વામિનારાયણ સાધુ સંતો દ્વારા કરવામા આવતા બફાટ મામલે ચર્ચા કરવામાં આવી રહી છે. વડતાલ સત્સંગ સભાના પ્રમુખ નૌતમ સ્વામી મહારાજના અધ્યક્ષ સ્થાને આ બેઠક મળી છે. બેઠકમાં વડતાલધામ મુખ્ય કોઠારી સંતવલ્લભસ્વામી, અને નૌતમ સ્વામી મહારાજે બેઠક બોલાવી છે. લોહિયા ધામ કંડારીથી દિવ્ય વલ્લભ સ્વામી, ગઢડા ગઢપુરના ચેરમેન હરીજીવન સ્વામી, (બ્રહ્મા વિષ્ણુ મહેશને સ્વામિનારાયણ ભગવાનના મેનેજર ગણાવનાર) સુરત સરધારાથી નિત્ય સ્વરૂપ સ્વામી નું શિષ્ય મંડળ, ધંધુકાથી બાપુ સ્વામી, જુનાગઢના કોઠારી સહિતના સંતો સાથે બંધ બારણે બેઠક યોજી છે. હાલ નૌતમ સ્વામી મહારાજ કે વડતાલ મુખ્ય કોઠારી સંત વલ્લભ સ્વામી કઈજ બોલવા તૈયાર નથી.

### મણીધર બાપુના આજથી આમરણાંત ઉપવાસ



કબરાઉ મોગલધામના મહંત ચારણ ઋષિબાપુ આજથી અનશન પર બેસશે.બાપુ તથા બાકી સંતો સાથે મળીને અનશન પર બેસશે. બાપુએ કહ્યું કે હવે સહન થતુ નથી. સમાજને કહ્યું કે હવે આપ સૌ બહાર આવો. આપણે સાથે મળીને પાઠ ભણાવવાનો છે. સંતો બાપુ સાથે જોડાયા છે. મને કોઈ ધમકીથી ફરક પડતો નથી. ૨ દિવસ હું મોગલધામ બેસીશ. ધર્મ ગુરૂ કેમ કેમ બોલતા નતી. સત્ય છે એ સત્ય છે. સત્ય બોલવામાં કોઈ વાંધો નથી. બે દિવસ મોગલધામ બેસીશ પછી સ્વામિનારાયણના ગુરૂકૂળમાં હલ્લાબોલ થશે. સ્વામીઓ શંકર-ાચાર્યજીને લેખિત બાંહેધરી ન આપે ત્યાં સુધી ઉપવાસ કરશે. મણીધર બાપુએ કહ્યું હતું કે, આ લોકો બફાટ કરે છે, કોઈ બંધ કેમ નથી કરતા, હવે અમારા સાધુ સંતોથી રહેવાતુ નથી. હવે ધૂણા જાગૃત કરવાના છે. અનુષ્ઠાન કરવાના છે. અનુષ્ઠાન કરવાની પહેલ કરૂ છું.

---

**સેન્ટ થોમસ સ્કૂલે વોટ્સએપ મેસેજ કરતાં વાલીઓમાં રોષ ફેલાયો**

# લીંબડીમાં ફી નહીં ભરનાર બાળકોને પરીક્ષામાં બેસવા દેવા અંગે શાળાની ધમકી

**સમય મિરર | સુરેન્દ્રનગર**




સૌરાષ્ટ્રભરમાં ખાનગી શાળાઓ દ્વારા બેફામ ફી ઉઘરાવવામાં આવી રહી છે. અને ફી નહીં ભરનાર વાલીઓના બાળકોને પરીક્ષામાં નહી બેસવા દેવાની ધમકી આપવામાં આવી રહી હોવાની અનેક રાવ થઈ છેત્યારે આવી જ ફરિયાદ સુરેન્દ્રનગર જિલ્લામાંથી થઈ છે. અને પરીક્ષામાં નહીં બેસવા દેવા ધમકી આપવામાં આવી છે.

સુરેન્દ્રનગરમાં સ્કૂલ સંચાલકોની મનમાની સામે આવી છે. વાસ્તવમાં સુરેન્દ્રનગરના લીંબડીમાં આવેલ સેન્ટ થોમસ સ્કૂલની ફી મુદ્દે મનમાની સામે આવી છે. વિગતો મુજબ શાળા સંચાલકો વાલીઓને ફી ભરવા દબાણ કરી રહ્યા છે. આ સાથે ફી નહીં ભરાય તો બાળકોને પરીક્ષામાં નહીં બેસવા દેવાની ધમકી પણ અપાઈ રહી છે. શાળા દ્વારા વોટ્સએપ ગૃપમાં મેસેજ મોકલી આ અંગે જાણ કરાઇ છે. જોકે અચાનક ફી ભરવાનું કહેતા વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

સુરેન્દ્રનગરના લીંબડીની સેન્ટ થોમસ સ્કૂલમાં ફીને લઇ વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વિગતો મુજબ વાલીઓને ફી ભરી જવા કુલ સંચાલક દબાણ કરી રહ્યા છે. સ્કૂલના સંચાલકો દ્વારા સ્કૂલના whatsapp ગ્રુપમાં જાણ કરાઈ છે. આ સાથે ફી ન ભરનાર વિદ્યાર્થીઓને હોલ ટીકીટ નહી આપવામાં આવે તેવી સુચના અપાઈ છે.

---

**સ્ટેટ મોનિટરીંગ સેલનો દરોડો : ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત : ૧૮ જુગારી વોન્ટેડ જાહેર**

# તાલાલાના રિસોર્ટમાંથી ક્રિકેટ સટ્ટો ઝડપાયો, કોર્પોરેટર અને બુકી પકડાયા

**સમય મિરર | તાલાલા**

ગીરસોમનાથના તલાલા નજીક સાંગોદ્રા ગામ પાસે આવેલા ગીર પ્રિમીયમ રિસોર્ટમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગાર ધામ પર ગીર સોમનાથ એલસીબીએ દરોડો પાડી ૫૫ જુગારઓની ઝડપી લીધા હતાં.ત્યારે હવે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગીર સોમનાથ જિલ્લાના તાલાલા સ્થિત રિસોર્ટમાંથી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ઝડપી લઈ માસ્ટર આઇડીનાં ધારક ચિરાગ પટેલ સહીત બે શખસોની ધરપકડ કરી છે. પોલીસે સુરત, પાટણ અને મહેસાણાના ૧૮ શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયની સુચના હેઠળ ડીવાયએસપી કે.ટી. કામરીયાના સુપરવિઝનમાં દારૂ-જુગારની બદી ડામવા એસએમસીની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન પીઆઈ આર.કે.કરમટાની ટીમને બાતમી મળી હતી કે, ગીર સોમનાથ જિલ્લાના તાલાલા સ્થિત ધ લાયન ક્લબ ફાર્મ



એન્ડ રિસોર્ટ ખાતે ક્રિકેટ સટ્ટાનું મસમોટું રેકેટ ચાલી રહ્યું છે. જેથી એસએમસીની ટીમ તાલાળા પંથકમાં પહોંચી અહીં રિસોર્ટમાં ક્રિકેટ સટ્ટો રમાડનાર મુખ્ય આરોપી ચિરાગ ખોડાભાઈ પટેલ(રહે. ચાણસ્મા, પાટણ) અને વિશાલ કનુ પટેલ(રહે.ચાણસ્મા, પાટણ)ની ધરપકડ કરી હતી. એસએમસીએ રોકડ ૪૬,૧૬૦ તેમજ છ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬૬,૮૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે ક્રિકેટ સટ્ટાના આ નેટવર્કમાં સંડોવાયેલમાં જેમાં આઈડી આપનાર સુનિલ નારાયણ પટેલ (રહે ચાણસ્મા), પૈસાની લેતી દેતી કરનાર યોગેશ નારાયણ પટેલ (રહે ચાણસ્મા), પરાગ (ચાણસ્મા), અવચિત, ગૌરવ, સતિષભાઈ, દિલીપભાઈ, ગનીભાઈ, ધમભાઈ (મહેસાણા), બકાજી (મહેસાણા), રાધે (કડી), અજીત (ધીણોજ), સંજય ઉર્ફે પપ્પુ (ચાણસ્મા), રમેશ (ચાણસ્મા), હરિભાઈ (પાટણ), વનરાજ (પાટણ), હિમાંશુ (સુરત) અને અનિલ સુરત એમ મળી કુલ ૧૮ શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગીર સોમનાથમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ટીમે ગીર પંથકના બોરવાવ સ્થિત ધી લાયન ક્લબ ફાર્મ રિસોર્ટમાંથી ઈંડક મેચો પર સટ્ટો રમાડતા બે બુકીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા બુકીઓમાં ચાણસ્મા નગર પાલિકાના કોર્પોરેટર ચિરાગ પટેલનો સમાવેશ થાય છે.

# સુરતમાં સ્કૂલ બેગ દ્વારા ગાંજો ઘુસાડવાનું કૌભાંડ ઝડપાયું : એક શખ્સની ધરપકડ

## મુંબઈથી ગુજરાતમાં સપ્લાય કરવાનું ષડયંત્ર, 30 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

**સમય મિરર | સુરત**

ગુજરાતના યુવાનોને નશાના રવાડે ચડાવવાનું કારસ્તાન ફુલ્યુફાલ્યુ છે. ગુજરાતમાં છાસવારે લાખો-કરોડોના નશીલા પદાર્થો ઝડપાઈ રહ્યા છે. આ નશીલા પદાર્થો ગુજરાતમાં ઘુસાડવા માટે અવનવા પેતરાઓ સ્મગલરો દ્વારા કરવામાં આવી રહ્યા છે. સુરતમાં મુંબઈથી ગાંજો સ્કૂલબેગમાં ઘુસાડવાનું કૌભાંડ ઝડપાયું છે. જેમાં એક ૨૩ વર્ષીય શખ્સની ધરપકડ કરવામાં આવી છે અને ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

સારોલીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર.વેકરીયા સહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાજર હતા. આ દરમિયાન નિયોલ ચેક પોસ્ટ ખાતે હાજર પોલીસકર્મીને



બાતમી મળી હતી કે, હાઈબ્રિડ ગાંજા સાથે એક યુવક સુરત આવી રહ્યો છે. જેથી, નિયોલ ચેકપોસ્ટથી પૂર્વે સાબરગામ ચાર રસ્તા પાસે અંબાબા કોલેજના ગેટની નજીક કડોદરા-સુરત રોડવાળા સર્વિસ રોડ પાસે જાહેર રોડ ઉપર સારોલી પોલીસે વોચ ગોઠવી હતી.

સારોલી પોલીસે બાતમી આધારે આરોપી કેનીલ સુભાષભાઇ પટેલ (ઉ.વ.૨૩ ધંધો-વેપાર રહે. જહાગીરપુરા, સુરત અને રાંદેર)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી સ્કૂલબેગમાંથી માદક પદાર્થ હાઈબ્રીડ ગાંજો જેનુ કુલ વજન ૯૯૮ ગ્રામ જેની કુલ કિં.રૂ. ૨૯.૯૪ લાખનો મળી આવ્યો હતો. હાલ તો સારોલી પોલીસ દ્વારા કેનીલ પટેલની ધરપકડ કરવામા આવી છે. આ હાઈબ્રિડ ગાંજો મુંબઈથી આપનાર અજાણ્યા શખસ અને સુરત ખાતે મંગાવનાર અક્ષય ઉર્ફે આઝાદ હીતેષભાઇ સોની નાઓને બંન્નેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

### સંડોવાયેલાઓ અંગે તપાસ થશે

સારોલી પોલીસ દ્વારા ૨૯.૯૪ લાખનો ૯૯૮ ગ્રામ હાઈબ્રિડ ગાંજો, ૧૦૦૦૦નો એક મોબાઈલ ફોન મળી કુલ ૩૦.૦૪ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મુંબઈથી સુરતમાં હાઈબ્રિડ ગાંજો ઘૂસાડવાના મોટા ખેલનો સારોલી પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર ખેલમાં કોણ-કોણ સામેલ છે? તે અંગે પણ વધુ તપાસ સારોલી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.